البلاغ

AL-BALAG MONTHLY

## જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનું મુખપત્ર



# અલ-બલાગ

## માસિક

### એપ્રિલ - મે - ૨૦૨૦


માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| તંત્રી સ્થાનેથી | ૩ | વધેલું – એઠું | ૫૬ |
| ઉહદની લડાઈમાં નુકસાન | ૬ | થુંકવા, છીંક, બગાસાના આદાબ | ૫૭ |
| મઆરિફુલ હદીસ | ૧૨ | મોતની તમન્ના – દુઆ | ૫૮ |
| સ્ત્રી, ઈસ્લામ અને વિરોધી વિદ્વાનો | ૧૭ | મુસીબત સમયે પઢવાની દુઆ | ૫૯ |
| મુસીબતોના દીની અસબાબ | ૧૯ | દેશી મરઘો | ૬૦ |
| ઈસ્તિગ્ફાર | ૨૩ | એક સ્ત્રી, એક લશ્કર | ૬૧ |
| ઈસ્લામ અને વાયરસ | ૩૪ | ફતાવા વિભાગ | ૬૨ |
| ઈસ્લામમાં સ્ત્રીનો વારસાધિકાર | ૩૭ | બોધકથા | ૬૫ |
| ઈમામ નવવી રહ. | ૪૫ | Coronavirus : Islamic View | ૬૬ |
| મરકઝને બદનામ કરવાનું કાવત્રુ | ૪૮ | જામિઅહને સદમો | ૬૯ |
| ફરજ નમાઝ પછી દુઆ | ૫૧ | ખર્ચ કરવા ન કરવાનો નિયમ | ૭૨ |
| અભિમાન અને ઘમંડ | ૫૩ | છેલ્લા પાને | ૭૪ |
| ભરણપોષણ કોનું કોના ઉપર ? | ૫૫ | | |



**અલ બલાગ**

માસિક

માનદ તંત્રી :

**મુફતી અહમદ દેવલ્વી**

એપ્રિલ–મે – ૨૦૨૦ ઈ.

શાબાન–રમઝાન –૧૪૪૧ હિ.

વર્ષ – ૨૦, અંક : ૨–૩

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al__Balag.php

હઝરત અબૂ હુરૈરહ રદિ.ની રિવાયત છે કે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે :

''મુસલમાનો માટે રમઝાનથી બેહતર કોઈ માસ નથી,અને મુનાફીકો માટે રમઝાનથી ખરાબ કોઈ મહીનો નથી.''

એટલે કે રમઝાન માસના આગમન પર જો કોઈને ખુશી અથવા આનંદ થાય તો એ વાતની નિશાની છે કે તેનામાં મોમિનનું દિલ છે અને જો રમઝાનના આગમન ઉપર કોઈને ખુશીના બદલે અફસોસ થાય અથવા રમઝાન માસ તેને બોજા સમાન લાગે તો તેણે જાતે જ તારણ કાઢી લેવું જોઈએ કે તે કોનામાંથી છે. આપ (સલ.) એ મોમિન અને મુનાફિકમાં ફર્ક બતાવ્યો છે તે પૈકી એક આ પણ છે કે તેમને રમઝાનનું આગમન બોજ સમાન લાગશે.


ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે
'અલ બલાગ' માસિક અંગેની માલિકી અને અન્ય માહિતીનું નિવેદન

| | | |
|---|---|---|
| પ્રકાશન સ્થળ | : | જામિઅહ ઉલૂમુલ કુર્આન, બાયપાસ રોડ, જંબુસર, ૩૯૨૧૫૦, જી : ભરૂચ. ગુજરાત. |
| સામયિકતા | : | માસિક |
| મુદ્રક/સરનામું | : | જામિઅહ પ્રિન્ટીંગ પ્રેસ, જામિઅહ કોમ્પલેક્ષ બાયપાસ રોડ, જંબુસર, જી : ભરૂચ |
| પ્રકાશક/તંત્રીનું નામઃ | | અહમદ યાકૂબ પટેલ |
| રાષ્ટ્રીયતા/સરનામું | : | ભારતીય, બાયપાસ રોડ, જંબુસર, ૩૯૨૧૫૦, જી : ભરૂચ. |
| માલિકનું નામ | : | જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર, બાયપાસ રોડ, ૩૯૨૧૫૦, જી : ભરૂચ. ગુજરાત |

***તંત્રી સ્થાનેથી ..***

આજકાલ દેશમાં અને વિશ્વમાં પણ કોરાના અથવા કોવિડ – ૧૯ ની મહામારી ફેલાયેલી છે. મુળ ચીનમાં ફેલાયેલ આ ચેપી રોગ વિદેશી સફર અને એરપોર્ટ મારફત આખા વિશ્વમાં ફેલાય ગયો અને આખું વિશ્વ એવી રીતે એની સામે પરાસ્ત થયું છે કે માનવ ઈતિહાસમાં એનું કોઈ ઉદાહરણ નથી. અનેક વિશ્વયુદ્ધોથી પણ વધારે આર્થિક નુકસાન વિશ્વને માથે પડયું છે. વિશ્વ યુદ્ધો વૈશ્વિક હોવા છતાં અમુક તમુક સત્તાઓને નુકસાન તો અમુકને ફાયદો કરતા હતા, પણ આ મહામારીએ બધાને એકલાઈનમાં ઉભા કરીને નુકસાનના મોટા ખાડામાં ઉતારી દીધા છે. આખા વિશ્વમાં વિમાન સેવા, દરેક દેશમાં સ્થાનિક પરિવહનના માધ્યમો પણ બંધ છે, એનાથી વિશ્વની માનવી આબાદીને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે એ જુદો. દુનિયાના બધા જ દેશો પોતાને ત્યાં ઉપલબ્ધ અનેક પ્રકારની સેવાઓ માટે નામના ધરાવતા હતા, પણ આ બીમારીએ દરેકની કોઈને કોઈ ખામી ઉજાગર કરી છે. ઘણા પછાત દેશો એવા પણ છે જયાં ખાદ્યસલામતી, આર્થિક સહાય, સ્વાસ્થ્ય સવલતોની બુનિયાદી સવલતો પણ નથી. ઘણા દેશો આ બાબતે પોતાને ઉચ્ચ શિખરે ગણે છે, છતાં બધા જ આજે કોઈને કોઈ બાબતે લાચારી અનુભવી રહયા છે. માનવ વિશ્વના પોતાના પ્રયાસો ટુંકા પડી રહયા છે, અને માનવી પાસે બનતા પ્રયાસો કરીને પણ છેલ્લી આશા હવે સૃષ્ટિના સર્જનહારની જ બાકી છે, જેની સામે તેઓ દુઆ કરી રહયા છે કે તે જ એના રહમ – કરમ અને કૃપા વડે માનવીને આ મહામારીમાંથી બહાર કાઢે.

વિશ્વની મહાસત્તાઓ એમની પ્રગતિ અને પ્રભાવને બનાવી રાખવા માટે અનેક પ્રકારના દાવ ખેલે છે. પોતાના વેપાર અને આવકને વધારવા હેતુ પરદા પાછળથી એવા ભયાનક અને વિનાશકારી ખેલ ખેલવામાં આવે છે કે એના પ્રતાપે આજે વિશ્વના અનેક દેશો બરબાદીના કિનારે ઉભા છે, છતાં મહાસત્તાઓના વેપારીઓના પેટનું પાણી પણ નથી હાલતું. પણ કુદરતની આ ખામોશ લાઠીએ બધાને સારો એવો પાઠ ભણાવી દીધો છે. આજના સમાચાર છે કે અમેરિકી ક્રુડ ઓઈલનો ભાવ માઈનસ ચાલી રહયો છે એટલે કે ક્રુડ ઓઈલ ખરીદનારને સામેથી પૈસા આપવામાં આવશે. અલ્લાહુ અકબર.. વૈશ્વિક મહાસત્તાઓ, દરેક દેશના મહત્વકાંક્ષી નેતાઓ અને સત્તાધીશોએ આ બીમારીની અસરોથી બોધપાઠ ગ્રહણ કરવો જોઈએ કે વિશ્વના બધા જ દેશો અને માનવીને સમાન સમજવામાં આવે અને પોતાના લાભ માટે કોઈનું શોષણ કરવામાં આવે નહીં.

———————————————————

બીમારી શરૂ થઈ કે તુરંત મુસલમાનો વચ્ચે બીમારીના ચેપી હોવા વિશે, અને ચેપ લાગવા ન લાગવા વિશે ચર્ચા શરૂ થઈ ગઈ. વિવિધ હદીસો ટાંકીને લોકો બીમારીનો ચેપ લાગવા બાબતે સદંતર ઇન્કાર કરવા લાગ્યા. તો ઘણા લોકો બીમારી બાબતે વધુ પડતા ડરપોક અને નિરાશાવાદી બની ગયો. હદીસ શરીફમાં આવી બીમારીઓ બાબતે સંતુલિત, તર્ક અને વાસ્તવિકતા આધારિતસુંદર માર્ગદર્શન છે. બીમારીની ખાસિયત, માનવીના સ્વભાવ અને ઈસ્લામી અકીદા, બધું જ એમાં આવી જાય એવું નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું માર્ગદર્શન છે. સામાન્ય મુસલમાનોને સમજાવવા ખાતર અત્રે એનો ખુલાસો લખીએ છીએ.

ઈસ્લામી માન્યતા મુજબ જે કંઈ થાય છે એ અલ્લાહ તઆલાના ફેસલા મુજબ જ થાય છે. ઝાડનું પાંદડું પણ અલ્લાહની મરજી અને હુકમ વગર હલી શકતું નથી. આમ જે કોઈ માણસ બીમાર પડે કે સાજો થાય એ અલ્લાહ તઆલાના ફેસલા અને હુકમથી જ થાય છે.

બધું જ અલ્લાહના સીધા આદેશ અને હુકમ મુજબ થતું હોવા છતાં, અલ્લાહ તઆલાએ એવી વ્યવસ્થા કરી છે કે દરેક પરિણામ માટે અમુક પરિબળો નક્કી કર્યા છે. એ પરિબળો અને અસબાબ અપનાવવામાં આવે કે સામે આવે પછી જ પરિણામ મળે છે. ખેતી કરવા પછી ફસલ પાકે, ચાલ્યા પછી મંઝિલ આવે, બોલે તેના બોર વેચાય, વગેરે. દીન—દુનિયાના બધા જ કામોમાં માણસને કોશિશ—મહેનતની ફરજ પાડવામાં આવી છે, પછી કહેવામાં આવ્યું કે હવે પછી અલ્લાહ એના હુકમ મુજબ જે પરિણામ એ ખરું. આવું જ બીમારી કે શિફામાં પણ છે.

અસબાબ અને પરિબળો બાબતે એક બીજી ખાસ બાબત યાદ રાખવાની છે. અલ્લાહ તઆલાએ અમુક પરિબળો અને અસબાબ એવા બનાવ્યા છે, જેના પછી પરિણામ જલદી મળે છે અથવા ધાર્યું પરિણામ આવવાની સરેરાશ લગભગ ૧૦૦ ટકા જેવી હોય છે. જેમ કે ખાધા પછી ધરાય જવું, પાણી પીને તૃપ્ત થવું. ચાલવાથી મજલ કાપવી. મારવાથી વાગવું અને પડવાથી તુટવું વગેરે.. અમુક અસબાબ અને પરિબળો અલ્લાહ તઆલાએ એવા બનાવ્યા છે કે એના પછી પરિણામનો રેશિયો ૧૦૦ ટકાથી ઓછો હોય છે, ઘણીવાર અસબાબ પછી પણ પરિણામ મળતું નથી. જેમ કે દવા ખાધા પછી દર્દ દૂર થવું, દુકાન ખોલ્યા પછી ગ્રાહક મળવા, શાદી પછી અવલાદ પેદા થવી, વગેરે. ઘણા અસબાબ અને પરિબળોનો પરિણામ આપવાનો રેશિયો એનાથી પણ ઓછો હોય છે. જેમાં ઘણી બધી મહેનત અને ઉપાયો કરવા

છતાં પણ માણસને સફળતા મળતી નથી.

બીમારી અને શિફાના ઘણા અસબાબ અને પરિબળોની સ્થિતિ પણ આવી જ છે. ખરાબ ખાણું ખાવાથી કે ઉજાગરા, સફર વગેરે અસબાબના કારણે બીમાર પડવું સામાન્ય બાબત છે. મોસમ અને વાતાવરણ બદલાય તો અશકત લોકોને અસર થાય છે અને સશશકત લોકો ખમી જાય છે. આવી જ રીતે અનેક જીવાણુંઓ અને વાયરસથી પણ માણસ બીમાર પડે છે. મચ્છર કે માખી કરડે છે એ દેખાય છે, પણ સુક્ષ્મ જીવાણુંઓ અને વાયરસ દેખાતા નથી, અને માણસના શરીરમાં પ્રવેશીને નુકસાન કરે છે.

આ બધું... અલ્લાહ તઆલાએ ગોઠવેલ અસબાબની વ્યવસ્થા મુજબ થતું હોય છે, એમાં છેલ્લો ફેસલો અલ્લાહના હુકમનો જ હોય છે. અલ્લાહ ચાહે તો ૧૦૦ ટકા પરિણામ આપતા અસબાબ અપનાવ્યા પછી પણ પરિણામ ન મળે, ખાધા પછી કે પીધા પછી તૃપ્તી ન થાય, ઘણું બધું ચાલ્યા પછી પણ માણસ રસ્તો ભૂલો પડે અને પાછો મુળ સ્થાને જ આવી જાય, વગેરે. એટલે બીમારીના જંતુ અને વાયરસ માણસને લાગે છે, એના કારણે માણસ બીમાર પડી શકે છે પણ અલ્લાહ તઆલા ચાહે એ મુજબ થાય છે. અલ્લાહ તઆલા ચાહે તો બીમાર પડે અને અલ્લાહ તઆલા ચાહે તો કંઈ નહીં થાય.

જહાલતકાળમાં મક્કા – મદીના અરબના લોકો માલિક અને સર્જનહાર પ્રતિ પાકી શ્રદ્ધા – ઈમાન ધરાવતા ન હતા. તેઓ ઘણી બધી દશ્ય અને અદશ્ય, લૌકિક, અલૌકિક, શકિતઓ ઉપર શ્રદ્ધા રાખતા હતા. આવી સ્થિતિમાં તેઓ અમુક ચેપી બીમારીઓ વિશે પણ એમ માનતા હતા આ બીમારી જ સીધી રીતે પ્રભાવી અને પ્રકોપી છે, એટલે બીમાર માણસ પાસે જવું નહીં, આમ માનવામાં અલ્લાહ તઆલા ઉપર ઈમાન અને યકીનનો ઈન્કાર હતો એટલે અનેક હદીસોમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એકની બીમારીના ચેપથી બીજાના બીમાર પડવાનો ઈન્કાર કર્યો છે, આ ઈન્કારનો આશય ઉપરોકત માન્યતાને તોડવાનો જ છે. અને ઘણી બધી હદીસોમાં આવી બીમારીઓ અને બીમાર માણસોથી દૂર રહીને બચવાનો આદેશ છે. એટલે કે આ બધું પણ બીમારીના અસબાબ છે, જેમ બીમારી કે મુસીબતના અન્ય અસબાબથી બચવું જરૂરી છે એમ આ બીમારીના અસબાબથી બચવું પણ જરૂરી છે.

આ એક લાંબો વિષય છે, વિસ્તૃત ચર્ચા અત્રે શકય નથી. અલબત્ત સામાન્ય મુસલમાનને સમજવા ખાતર ઈન્શાઅલ્લાહ આ કાફી છે.

———————————————————

# ઉહદની લડાઈમાં નુકસાન અને એના કારણો

*— મુફ્તી ફરીદ અહમદ કાવી*

بسم الله الرحمن الرحيم

وَلَقَدْ صَدَقَكُمُ اللّٰهُ وَعْدَهٗۤ اِذْ تَحُسُّوْنَهُمْ بِاِذْنِهٖ ۚ حَتّٰۤى اِذَا
فَشِلْتُمْ وَتَنَازَعْتُمْ فِى الْاَمْرِ وَعَصَيْتُمْ مِّنْۢ بَعْدِ مَاۤ
اَرٰىكُمْ مَّا تُحِبُّوْنَ ؕ مِنْكُمْ مَّنْ يُّرِيْدُ الدُّنْيَا وَمِنْكُمْ مَّنْ
يُّرِيْدُ الْاٰخِرَةَ ۚ ثُمَّ صَرَفَكُمْ عَنْهُمْ لِيَبْتَلِيَكُمْ ۚ وَلَقَدْ
عَفَا عَنْكُمْ ؕ وَاللّٰهُ ذُوْ فَضْلٍ عَلَى الْمُؤْمِنِيْنَ ﴿۱۵۲﴾ اِذْ
تُصْعِدُوْنَ وَلَا تَلْوٗنَ عَلٰۤى اَحَدٍ وَّالرَّسُوْلُ يَدْعُوْكُمْ فِىْۤ
اُخْرٰىكُمْ فَاَثَابَكُمْ غَمًّۢا بِغَمٍّ لِّكَيْلَا تَحْزَنُوْا عَلٰى مَا فَاتَكُمْ
وَلَا مَاۤ اَصَابَكُمْ ؕ وَاللّٰهُ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ ﴿۱۵۳﴾ ثُمَّ اَنْزَلَ
عَلَيْكُمْ مِّنْۢ بَعْدِ الْغَمِّ اَمَنَةً نُّعَاسًا يَّغْشٰى طَآئِفَةً
مِّنْكُمْ ۙ وَطَآئِفَةٌ قَدْ اَهَمَّتْهُمْ اَنْفُسُهُمْ يَظُنُّوْنَ بِاللّٰهِ غَيْرَ
الْحَقِّ ظَنَّ الْجَاهِلِيَّةِ ؕ يَقُوْلُوْنَ هَلْ لَّنَا مِنَ الْاَمْرِ مِنْ
شَىْءٍ ؕ قُلْ اِنَّ الْاَمْرَ كُلَّهٗ لِلّٰهِ ؕ يُخْفُوْنَ فِىْۤ اَنْفُسِهِمْ مَّا لَا
يُبْدُوْنَ لَكَ ؕ يَقُوْلُوْنَ لَوْ كَانَ لَنَا مِنَ الْاَمْرِ شَىْءٌ مَّا قُتِلْنَا
هٰهُنَا ؕ قُلْ لَّوْ كُنْتُمْ فِىْ بُيُوْتِكُمْ لَبَرَزَ الَّذِيْنَ كُتِبَ
عَلَيْهِمُ الْقَتْلُ اِلٰى مَضَاجِعِهِمْ ۚ وَلِيَبْتَلِىَ اللّٰهُ مَا فِىْ
صُدُوْرِكُمْ وَلِيُمَحِّصَ مَا فِىْ قُلُوْبِكُمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ بِذَاتِ
الصُّدُوْرِ ﴿۱۵۴﴾ اِنَّ الَّذِيْنَ تَوَلَّوْا مِنْكُمْ يَوْمَ الْتَقَى الْجَمْعٰنِ ۙ
اِنَّمَا اسْتَزَلَّهُمُ الشَّيْطٰنُ بِبَعْضِ مَا كَسَبُوْا ۚ وَلَقَدْ عَفَا
اللّٰهُ عَنْهُمْ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ حَلِيْمٌ ﴿۱۵۵﴾

તરજમહ : અને નિશંક અલ્લાહ તઆલાએ તમને કરેલો એનો વાયદો પુરવાર કરી બતાવ્યો, જ્યારે તમે અલ્લાહના હુકમથી એમને (શત્રુઓને) કતલ કરતા હતા, એટલે સુધી કે જ્યારે તમે પોતે કમઝોર પડી ગયા, અને (નબીના) હુકમ બાબતે પરસ્પર વિવાદમાં પડયા, અને જેવી જીત તમે ચાહતા હતા તે તમને અલ્લાહ તઆલાએ બતાવી દીધી, એ પછી તમે નાફરમાની કરી બેઠા. (ત્યાં સુધી એ વાયદા મુજબની મદદ ચાલુ રહી.) તમારામાંથી અમુક દુનિયા ચાહતા હતા અને અમુક તમારા માણસો આખિરત ચાહતા હતા, ત્યારે તમને એમના

ઉપરથી હટાવી દીધા એ આશયે કે તમારી કસોટી કરે. અને અલ્લાહે તમને માફ કરી દીધા છે, અને અલ્લાહ તઆલા તો મોમિનો ઉપર મહેરબાની વાળો છે. (૧૫૨) યાદ કરો જ્યારે તમે ચડીને નાસતા હતા અને પાછા વળી કોઈને જોતા પણ ન હતા, અને રસૂલ તમારી પાછળથી તમને પોકારતા હતા, ત્યારે અલ્લાહે ઉપરાછાપરી રંજ આપ્યો, જેથી કરીને તમે (હવે પછી) કોઈ વસ્તુ તમારા હાથથી જતી રહે અને જે કોઈ મુસીબત આવી પડે તો ગમગીન ન થાઓ. અને તમે જે કંઈ કરો છો એ બધું અલ્લાહ ખુબ જાણે છે. (૧૫૩) પછી તે રંજ બાદ અલ્લાહ તઆલાએ તમારા ઉપર વિશેષ શાંતિ, ઊંઘ સ્વરૂપે ઉતારી, જે તમારા એક સમૂહ પર છવાઈ રહી હતી. અને એક સમૂહ જેને પોતાના જીવનની ફિકર પડી હતી, તેઓ અલ્લાહ પ્રત્યે સત્યથી વિપરિત અજ્ઞાનતા ભર્યું ગુમાન કરતા હતા. તેઓ કહેતા હતા કે, અમારું કશું જ કયાં ચાલે છે ? તમે ફરમાવી દો કે, બધા જ કામો અલ્લાહ તઆલાના હાથમાં છે. તેઓ એમના મનમાં એવી વાતો છુપાવે છે જેને તમારી સામે જાહેર કરતા નથી, કહે છે કે જો અમારી પાસે કંઈ અધિકાર હોત તો અમે અહિંયા કતલ ન થાત. આપ કહી દો કે જો તમે તમારા ઘરોમાં રહયા હોત તો પણ એવા લોકોએ તો એમના મૃત્યુસ્થાન તરફ નીકળવું જ પડત, જેમના વિશે કતલ થવું નક્કી થઇ ચૂક્યું હતું. અને આ બધું એટલા માટે કે અલ્લાહ તઆલા તમારા અંતરને અજમાવવા ચાહતા હતા અને તમારા દિલને સાફ કરવા ચાહતા હતા. અને અલ્લાહ તો દિલોની વાતો ખૂબ જાણે છે. (૧૫૪) બેશક, જે લોકોએ એવા દિવસે પીઠ બતાવી, જયારે બે જમાઅતોનો મુકાબલો થયો, એ ફકત એટલા માટે કે એમના જ અમુક આગલા ગુનાહોના કારણે શયતાને એમને બહેકાવ્યા હતા, પણ હવે અલ્લાહે એમને બખ્શી દીધા છે. બેશક, અલ્લાહ બહુ બખ્શનાર ઘણો સહનશીલ છે. (૧૫૫)

તફસીર : ઉપરોકત આયતોમાં ઉહદની લડાઈની વધુ વિગત અને એના બોધપાઠો અલ્લાહ તઆલાએ વર્ણવ્યા છે. ઉહદની લડાઈ શરૂ થતાં પહેલાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ૫૦ તીરંદાઝ સહાબાને મુસલમાનોના લશ્કર પાછળ આવેલ એક ટેકરી ઉપર નિયુકત કર્યા હતા અને તાકીદ કરી હતી કે ગમે તેવા સંજોગો બને, ચાહે આપણું આખું લશ્કર હારી જાય, મારા આદેશ વગર તમારે અહીંયાથી નીચે આવવાનું નથી. કારણ એ આ સ્થળે ટેકરીની આડમાં,

પેંતરો બદલીને દુશ્મન ચડી આવવાનો મોટો ખતરો હતો. પછી લડાઈ શરૂ થઈ તો આરંભે મુસલમાનો અલ્લાહ તઆલાના વાયદા પ્રમાણે, એની મરજી મુજબ દુશ્મનો ઉપર પ્રભાવી હતા અને મક્કાના શત્રુ કાફિરોને મારવા માંડયા, પણ મુસલમાનો માંહે જોશના કારણે પરસ્પરનો સમન્વય બાકી ન રહયો. અમુક લોકો ઘણા આગળ વધી ગયા અને હરોળ તોડીને શત્રુનો માલ સામાન લુટવા માંડયા. મેદાનની સ્થિતિ જોતાં એવું જ લાગતું હતું કે દુશ્મન પરાસ્ત થઈને નાસી રહયો છે, અને લડાઈ જીતાય ગઈ છે. આ દશ્ય જોઈને ટેકરીના મોરચે મુકવામાં આવેલ ૫૦ માંથી ૪૦ તીરંદાઝોએ વિચાર્યું કે હવે દુશ્મન હારીને નાસી રહયો છે, આ મોરચા ઉપર અડગ રહેવાની જરૂરત નથી, એટલે નીચે આવીને લશ્કરમાં શામેલ થઈને હારેલા શત્રુનો માલ ભેગા કરવા લાગ્યા કે પછી કરવા માંડયા. આ ટુકડીના અમીરે એમને ઘણા રોકયા પણ ૪૦ જણા નીચે ઉતરી જ ગયા અને ફકત દસ માણસો મોરચા ઉપર મોજૂદ રહયા.

હઝ. ખાલિદ બિન વલીદ હજુ મુસલમાન થયા ન હતા અને દુશ્મન તરફેથી લડવા આવ્યા હતા. લડાઈ બાબતે બાહોશ અને હિમ્મતવાન હતા, એમણે આ મોરચો ખાલી જોયો તો પોતાની ટુકડી લઈને એક લાંબો ફેરાવો કાપીને આ ટેકરીની આડે પાછળથી ઈસ્લામી લશ્કર ઉપર ચડી આવ્યા. ટેકરી ઉપર ફકત દસ મુસલમાનો હતા, એમણે આ શત્રુની આ ટુકડીને રોકવાની ઘણી કોશિશ કરી પણ નાકામ રહયા અને બધા જ શહીદ થઈ ગયા અને શત્રુને રસ્તો મળી ગયો. આમ ઈસ્લામી લશ્કરના પાછળથી અચાનક શત્રુના આક્રમણથી આખી લડાઈનું પાંસુ પલટાય ગયું. અને જીતેલી લડાઈ હાથમાંથી નીકળી ગઈ.

ઉપરોકત આયતમાં આ જ બાબતનું વર્ણન છે કે અલ્લાહ તઆલાએ તમને તમારી પસંદની વસ્તુ એટલે કે સામે જ બતાવી રહયા હતા, છતાં તમે એટલે કે પેલા ૪૦ લોકોએ એમના અમીરની વાત ન માની. અને તે પણ ફકત એટલા માટે કે એમના માંહે ઘણા લોકોનો મકસદ ફકત ગનીમતનો માલ ભેગો કરવાનો હતો. મતલબ કે રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના આદેશનો અનાદર કરવાના કારણે અને તેમાં પણ ગનીમત–દુનિયાના માલ ખાતર આવું કરવાને કારણે... અલ્લાહ તઆલાએ તમને મુસલમાનોને દુશ્મન સામેથી હટાવી લીધા એટલે કે કમઝોર કરી દીધા. અને એમાંયે મકસદ તમારી આજમાયશ અને કસોટીનો હતો. કોણ આવા સંજોગોમાં પણ ઈસ્લામ ઉપર અડગ રહે છે અને કોણ નાસીપાસ કે માયૂસ કે ઈસ્લામ છોડવાની વાત કરે છે ? ખેર.. પછી મુસલમાનો

થોડા સ્વસ્થ થયા. ભેગા થયા અને પાછા અડગ થઈને લડવા લાગ્યા તો દુશ્મન નાસવા માંડયો. લડાઈમાં સરેરાશ વધારે નુકસાન તો મુસલમાનોનું થયું પણ કોઈ એકની હાર કે જીત વગર લડાઈ ખતમ થઈ ગઈ. અને આયતના છેલ્લે એમ ફરમાવી દીધું કે તમારી આ ભૂલ પણ અલ્લાહ તઆલાએ માફ કરી દીધી છે, જે નુકસાન થવાનું હતું એ દુનિયામાં જ થઈ ગયું, આખિરતમાં એની કોઈ પૂછપરછ નહીં થાય.

આયત નં ૧૫૩ માં મુસલમાનોના નાસવા – ભાગવાની ઘટના ટાંકીને અલ્લાહ તઆલા ફરમાવે છે કે એવા નાસતા હતા કે પાછળ ફરીને પણ જોતા ન હતા. અલ્લાહના રસૂલ તમને પોકારતા હતા છતાં તમે એના તરફ ધ્યાન આપતા ન હતા.

મુળ વાત આ હતી કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના શહીદ થઈ જવાની અફવા હતી, એટલે અફરાતફરીનો માહોલ હતો, અને આગળ પાછળ બંને તરફ શત્રુનો દબાવ હતો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એટલા માટે જ પોકારતા હતા કે આ અફવાનું ખંડન થાય, પણ લોકોના કાનો સુધી અવાજ પહોંચી નહીં, પછી હઝ. કઅબ બિન માલિક રદિ.એ અવાજ આપી તો લોકોએ સાંભળી અને બધા ભેગા થવા માંડયા. ખુલાસો આ કે લડાઈની આ ઘડી મુસલમાનો માટે ઘણી કપરી હતી. એક તરફ મુસલમાનોની ભૂલો અને એના ઉપર અલ્લાહ તઆલાની આજમાયશો... અલ્લાહ તઆલા આ બાબતનું વર્ણન આગળ ફરમાવે છે કે અમે તમને બમણી દિલગીરી આપી. એક તો શરૂમાં જે જીત મેળવી હતી, તે જતી રહેવાની દિલગીરી. બીજી પોતાના માણસો માર્યા ગયા અને ઘવાયા તેમજ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની શહાદતના સમાચાર ફેલાયા તેની દિલગીરી. એનો એક અર્થ એમ પણ થાય છે કે દિલગીરીને બદલે દિલગીરી આપી, એટલે તમે રસૂલ (સલ.)ની નાફરમાની કરી આપનું દિલ દુખાવ્યું, તેના બદલામાં તમારા ઉપર આ આફત આવી, જેથી હવે પછી યાદ રાખો કે દરેક હાલતમાં રસૂલ (સલ.)ના હુકમ ઉપર ચાલવું જોઈએ. પછી ભલેને કોઇ જાહેર ફાયદાની વસ્તુ હાથથી જતી રહે અથવા કોઈ મુસીબત આગળ આવે. આજે પણ મુસલમાનો નબી (સલ.)ની નાફરમાનીના જ કારણે તબાહ થઈ રહ્યા છે, પરંતુ અફસોસ કે મુસલમાનોને અસલ કારણ તરફ ધ્યાન આપતા નથી.

મુસલમાનો ઉપર એક સાથે, એક જ સમયમાં આટલી બધી જાહેરી (હાર, શહાદત વગેરે) અને બાતેની (નબી સલ.ની શહાદતની ખબર, લડાઈમાં હાર પછીના અંદેશાઓ વગેરે) મુસીબતો નાખી દેવાનું કારણ અલ્લાહ તઆલાએ પોતે

આ બતાવ્યું કે આ એક જ વેળા તમને સબ્ર અને અડગતાની એટલી બધી કેળવણી આપી દેવામાં આવે કે હવે પછી તમારા ઉપર કોઈ મુસીબત આવે કે કોઈ વસ્તુ હાથમાંથી જતી રહે તો તમે સબ્ર કરો અને બેચેન ન થાઓ. સબ્રની આદત હોવાથી દરેક મુસીબત સરળ થઈ જાય છે. અને અલ્લાહ તઆલાની મદદ પણ મળે છે.

આગળ આયત નં ૧૫૪ માં આ લડાઈને લગતી બીજી અમુક બાબતોનું વર્ણન છે. મુસલમાનો જયારે આગળ પાછળથી ભીંસમાં હતા, કેટલાક શહીદ થયા, કેટલાક આમ તેમ ખસી ગયા, અને બીજા બધા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની આસપાસ ભેગા થવા માંડયા તો અચાનક મુખ્લિસ મુસલમાનો પર અલ્લાહ તઆલાએ એવી હલકી ઊંઘ નાંખી દીધી કે ઉભા ઉભા જ લોકોને ઊંઘ આવવા માંડી. હઝ. તલ્હા રદિ. ફરમાવે છે કે ઊંઘના કારણે વારંવાર તલવાર મારા હાથમાંથી છુટીને નીચે પડી ગઈ. અલ્લાહ તરફથી આ એક શાંતિ હતી, જે આવા ગભરાટના વખતે મુસલમાનોના દિલો પર રહમત બનીને આવી. એના પછી દુશ્મનોની બીક તથા નિરાશા જતી રહી. જાણે આ ઊંઘ જાગૃત થવાનો સંદેશો હતો, જેણે સઘળો થાક ઉતારીને નવું જોમ રેડયું અને ચેતવણી આપી કે ચિંતાનો વખત જતો રહ્યો, માટે હવે નીડર બની શાંતિ સાથે પોતાની ફરજ પૂરી કરો. અને પછી બધા લડાઈ માટે આગળ વધ્યા તો દુશ્મન મેદાન છોડીને ભાગવા માંડયો.

બીજો એક સમુહ ડરપોક મુનાફિકોનો હતો, જેઓને ન તો ઈસ્લામની અને ન તો નબી (સલ.)ની ફિકર હતી. તેઓ તો માત્ર પોતાનો નાશ થવાના વિચારમાં ડૂબ્યા હતા. કયાંક અબૂ સુફયાનના લોકો એમને મારી નાંખશે. અલ્લાહ તઆલા વિશે એમ વિચારવા લાગ્યા કે અલ્લાહ તઆલાએ મુસલમાનોને જે વાયદો કર્યો હતો, એ કયાં છે ? અલ્લાહ તઆલા વિશે એમ વિચારવું કે એ વાયદો કરીને પણ પૂરો ન કરે, જહાલતકાળની માન્યતા હતા, લોકો અલ્લાહ તઆલા વિશે પણ એમ માનતા કે અલ્લાહ તઆલા પણ વાયદા કરીને પૂરો ન પણ કરે અને ધોકો આપશે.

મુનાફિકો પરસ્પર ચર્ચા પણ કરવા લાગ્યા કે : هل لنا من الأمر من شيئ

એનો એક અર્થ આ છે કે આ બધામાં અમારો શું વાંક ?

અથવા હવે અમારી બાજી સુધરશે કે પછી હાથમાં કંઈ નહીં આવે ?

અથવા અમને (એટલે મુહમ્મદ (સલ.)ના સાથીઓને) આ લડાઈથી શું મળ્યું ? અમે કહેતા હતા કે મદીનામાં રહીને જ લડો.

અલબત્ત આ શબ્દો પાછળ એમનો આશય અને મતલબ બીજો હતો. દિલમાં તેઓ એમ વિચારતા હતા કે અમારી સલાહ વિરુદ્ધ કેટલાક બિન અનુભવી લોકોની

વાત માની મદીનાની બહાર લડવા નીકળી પડયા તો સજ્જડ હાર ખાધી. જો અમને કંઈ અધિકાર હોત તથા અમારી વાત માનત તો આટલા બધા સગાં–સંબંધીઓ કેમ માર્યા જાત ? અલ્લાહ તઆલા તેઓના અંતરની આ વાતો જાહેર કરી જવાબ આપે છે કે એમને કહી દો કે બધો અધિકાર તો અલ્લાહ તઆલાનો જ છે. અને એમને કહી દો કે તમારી કલ્પના તદ્દન ખોટી છે, કારણ કે અલ્લાહે દરેકના મૌતનો વખત, જગ્યા અને કારણ પહેલાથી જ નક્કી કરી રાખ્યાં છે. તે બદલવાનાં કે ટળવાનાં નથી. જો તમે ઘરોમાં બેસી રહ્યા હોત અને તમારી સલાહ માની હોત તો પણ જેમના માટે ઉહુદ નજીક જયાં મરવાનું લખ્યું હતું તે બહાર આવીને ત્યાં જઈને જ મરત.

અલ્લાહ તઆલાની તકદીર અને ઈલ્મ મુજબ આ બધું નક્કી અને એની જાણમાં હતું પણ અલ્લાહ તઆલા તમારા બધાની કસોટી કરવા ચાહતા હતા, જેથી જે કંઈ દિલોમાં હોય તે બહાર આવે અને ખરું–ખોટું જુદું પડે. મુખ્લિસો પોતાનું કર્મફળ અને મુનાફિકોનો છૂપો નિફાક જાહેર થતાં ઈમાનવાળા લોકો તેઓનાં દિલોના રોગને જાણી લે.

છેલ્લે ફરીવાર પણ અલ્લાહ તઆલા ઉહદમાં ઝખ્મી થનાર અને નુકસાન ઉઠાવનાર સહાબાની તસલ્લી અને બોધપાઠ માટે ફરમાવે છે કે બંને પક્ષોની લડાઈના દિવસે જેમણે પીઠ બતાવી હતી, એટલે કે નાસીપાસ થયા હતા, એનું કારણ એ હતું કે એમની એક કોતાહીના કારણે શયતાને એમને બહેકાવી દીધા. આ કોતાહી એટલે કે ગનીમતનો માલ ભેગો કરવાની ઉતાવળ અને એમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના આદેશનો અનાદર. અને ફરીવાર આ આયતમાં પણ અલ્લાહ તઆલાએ ફરમાવી દીધું કે અલ્લાહ તઆલાએ આ બધું માફ કરી દીધું છે. કારણ કે અલ્લાહ તઆલા માફ કરનાર અને સહનશીલ છે. માફ કરનાર એટલે કે આખિરતમાં આ કોતાહીનો કોઈ હિસાબ નહીં થાય અને સહનશીલ હોવાનો મતલબ આ કે આ દુનિયામાં પણ એનો કોઈ બદલો લેવામાં નહીં આવે.

એમ તો જે કંઈ થાય છે એ અલ્લાહ તઆલાની મરજી મુજબ જ થાય છે, છતાં કોઈ ભૂલ, ગુનો, કોતાહી વગેરે થાય તો એ શયતાને કરાવ્યું એમ કહેવામાં આવે, એ પણ આ આયતથી પૂરવાર થાય છે. એમાં જ અલ્લાહ તઆલાનો અદબ છે.

———————————————

————————

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)
**અનુવાદ** : *મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*
*(બ્લેકબર્ન. યુ.કે.)*

૧૪૨

## વરસાદ માંગવાની નમાઝ

વરસાદ બધા જ મનુષ્યો બલ્કે જાનવરોની જરૂરી વસ્તુઓમાંથી છે. જેના પર દરેકનું જીવન અટકેલું છે એટલા માટે કોઈ જગ્યાએ દુષ્કાળ પડવો ત્યાંની સર્વત્ર મુસીબત બલ્કે એક પ્રકારનો અઝાબ છે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ એ રીતે એકલી અને વ્યકિતગત જરૂરતો અને પરેશાનીઓ માટે "સલાતે હાજત" શિખવી, જેનું બયાન પાછલા પૃષ્ઠોમાં તેમના મોકા પર થઈ ગયું, એ જ મુજબ સમુહ મુસીબત અને ગભરાટ વખતે તેને દૂર કરવા પણ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ એક સામુહિક નમાઝ અને દુઆ તાલીમ ફરમાવી. જેની વ્યવસ્થીત અને ભરપુર રીત "સલાતે ઈસ્તિસ્કાઅ" છે. " ઈસ્તિસ્કાઅ" નો શાબ્દિક અર્થ જ પાણી માંગવા અને સેરાબી મેળવવાનો છે.

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના સમયમાં એક વાર દુકાળ પડયો, તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ "નમાઝે ઈસ્તિસ્કાઅ" પઢી, અને અલ્લાહના હુકમથી તેજ વખતે વરસાદ થયો, હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ની નીચેની હદીષમાં એ બનાવની વિગત વાંચોઃ—

(٢٨٤) عَنْ عَائِشَةَ ؓ قَالَتْ شَكَا النَّاسُ اِلٰى رَسُوْلِ اللّٰهِ ﷺ قُحُوْطَ الْمَطَرِ فَاَمَرَ بِمِنْبَرٍ فَوُضِعَ لَهٗ فِى الْمُصَلّٰى وَوَعَدَ النَّاسَ يَوْماً يَخْرُجُوْنَ فِيْهِ، قَالَتْ عَائِشَةُ فَخَرَجَ رَسُوْلُ اللّٰهِ ﷺ حِيْنَ بَدَاحَاجِبُ الشَّمْسِ فَقَعَدَ عَلٰى الْمِنْبَرِ فَكَبَّرَ وَحَمِدَ اللّٰهَ ثُمَّ قَالَ اِنَّكُمْ شَكَوْتُمْ جَدْبَ دِيَارِكُمْ وَاسْتِخَارَ الْمَطَرِ عَنْ

اِبَّان زَمَانِهٖ عَنْکُمْ وَقَدْ اَمَرَ اللّٰهُ اَنْ تَدْعُوْهُ وَوَعَدَکُمْ اَنْ یَّسْتَجِیْبَ لَکُمْ ثُمَّ قَالَ
اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِیْنَ الرَّحْمٰنِ الرَّحِیْم، مَالِكِ یَوْمِ الدِّیْن، لَا اِلٰهَ اِلَّا اللّٰه
یَفْعَلُ مَا یُرِیْدُ اَللّٰهُمَّ اَنْتَ اللّٰهُ لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَنِیُّ وَنَحْنُ الْفُقَرَاءُ اَنْزِلْ عَلَیْنَا
الْغَیْثَ وَاجْعَلْ مَااَنْزَلْتَ لَنَا قُوَّةً وَبَلَاغاً اِلٰی حِیْنَ، ثُمَّ رَفَعَ یَدَیْهِ وَلَمْ یَتْرُكِ
الرَّفْعَ حَتّٰی بَدَا بَیَاضُ اِبْطَیْهِ ثُمَّ حَوَّلَ اِلَی النَّاسِ ظَهْرَهٗ وَقَلَّبَ اَوْ حَوَّلَ رِدَاءَهٗ
وَهُوَ رَافِعٌ یَدَیْهِ ثُمَّ اَقْبَلَ عَلَی النَّاسِ وَنَزَلَ فَصَلّٰی رَکْعَتَیْنِ فَاَنْشَأَ اللّٰهُ سَحَابَةً
فَرَعَدَتْ وَبَرِقَتْ ثُمَّ اَمْطَرَتْ بِاِذْنِ اللّٰهِ فَلَمْ یَاتِ مَسْجِدَهٗ حَتّٰی سَالَتِ
السُّیُوْلُ فَلَمَّا رَاٰی سُرْعَتَهُمْ اِلَی الْکِنِّ ضَحِكَ حَتّٰی بَدَتْ نَوَاجِذُهٗ فَقَالَ
اَشْهَدُ اَنَّ اللّٰهَ عَلٰی کُلِّ شَیْءٍ قَدِیْرٌ وَاَنِّی عَبْدُ اللّٰهِ وَرَسُوْلُهٗ۔ (رواه ابوداؤد)

**તરજુમો:–** હઝરત આયશા સિદ્દીકા (રદિ.)થી રિવાયત છે કે લોકોએ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની સેવામાં હાજર થઈ વરસાદ ન હોવાની અને દુકાળ પડવાની તકલીફ બતાવી, આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ (મદીનાની વસ્તી બહાર) તે જગ્યાએ કે જયાં ઈદોની નમાઝ પઢવામાં આવતી હતી, વરસાદની નમાઝ પઢવાનો ફેંસલો ફરમાવ્યો અને એક દિવસ નક્કી કરી લોકોને બતાવ્યું કે તે દિવસે સઘળા લોકો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની સાથે જઈ ઈસ્તિસ્કાઅની નમાઝ પઢે. અને હુકમ આપ્યો કે આપનો મિમ્બર તે દિવસે ત્યાં લઈ જઈ મુકવામાં આવે, મિમ્બર ત્યાં મુકી દેવામાં આવ્યો, આગળ હઝરત આયશા (રદિ.) બયાન કરે છે કે જયારે તે દિવસ આવ્યો તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) વહેલી સવારે સુર્યોદય થતાં જ ત્યાં પધાર્યા, આપ મિમ્બર પર બિરાજમાન થયા, અલ્લાહની મોટાઈ અને હમ્દો સના બયાન કરી, પછી ફરમાવ્યું કે તમે લોકોએ તમારા ઈલાકામાં વરસાદ ન થવાની અને દુકાળ પડવાની ફરીયાદ કરી છે. અને અલ્લાહ તઆલાનો હુકમ છે કે તમારી જરૂરત વખતે તમે તેની પાસે દુઆ કરો, અને તેનો વાયદો છે કે તે કબૂલ ફરમાવશે. ત્યાર બાદ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ અલ્લાહની સામે અરજ કરી.

﴾اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِیْنَ الرَّحْمٰنِ الرَّحِیْم، مَالِكِ یَوْمِ الدِّیْن، لَا اِلٰهَ اِلَّا اللّٰهُ

يَفْعَلُ مَا يُرِيْدُ اَللّٰهُمَّ اَنْتَ اللّٰهُ لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَنِيُّ وَنَحْنُ الْفُقَرَاءُ اَنْزِلْ عَلَيْنَا الْغَيْثَ وَاجْعَلْ مَااَنْزَلْتَ لَنَا قُوَّةً وَبَلَاغاً اِلٰى حِيْنَ ﴾

અર્થાત :– બધા વખાણ અને તારીફો અલ્લાહ રબ્બુલઆલમીન માટે જ છે. તે ઘણો જ રહમવાળો અને મોટો મહેરબાન છે. બદલાના દિવસનો માલિક અને બાદશાહ છે. અલ્લાહ સિવાય કોઈ ઈબાદતના લાયક નથી. તેની એ શાન છે કે જે ઈચ્છે તે કરી નાંખે છે, ખુદાવંદા! તુ જ અલ્લાહ છે. તારા સિવાય કોઈ અલ્લાહ નથી. તું બે પરવા છે. અમે બધા તારા મોહતાજ (હોશીયારા) છીએ અમારા ઉપર વરસાદ વરસાવ, અને જે વરસાદ તું મોકલે તેને અમારા માટે શકિતનું સાધન અને એક મુદ્દત સુધી જરૂરત પુરી થવાનો વસીલો બનાવ.

પછી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ બંને હાથ ઉપર ઉઠાવ્યા, (લગભગ મતલબ એ છે કે આ દુઆમાં આપે (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) હાથ જેટલા ઉઠાવેલા હતા તેનાથી વધુ ઉપર ઉઠાવ્યા) અને ઘણી વાર સુધી એ પ્રમાણે હાથ ઉઠાવી દુઆ કરતા રહ્યા, અને હાથ એટલા ઉચા કર્યા કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ચાદર ઓઢી હતી છતાં આપની બગલના અંદરના ભાગની સફેદી પણ દેખાતી હતી, પછી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ પોતાનું મોં કિબ્લા તરફ કર્યુ, અને પીઠ લોકો તરફ કરી લીધી. અને જે ચાદર આપે ઓઢી હતી, તેને ઉલ્ટાવી અને દુઆમાં હાથ હજુ પણ ઉઠાવેલા જ રહ્યા, પછી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ પોતાનું મોં લોકો તરફ કરી લીધું અને મિમ્બરથી નીચે ઉતરી લોકોને બે રકાત નમાઝ પઢાવી, અલ્લાહના હુકમથી તે જ સમયે એક વાદળ ચઢયું જેમાં ગરજ અને વિજળી પણ હતી. અને અલ્લાહના હુકમથી ખુબ વરસ્યું, (અને એટલો જોરદાર વરસાદ થયો કે) હજુ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પોતાની મસ્જિદ સુધી જઈ ન શકયા હતા કે પાણીથી રસ્તાઓ, નાળાઓ ભરાયને વહેવા લાગ્યા, જયારે આપે આ દેખાવ જોયો કે લોકો, (જેઓ દુકાળની ફરીયાદ કરતા હતા) વરસાદથી બચવા માટે છાપરાઓ તરફ દોડી રહ્યા છે તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને હસવું આવ્યું, એટલે સુધી કે આપના દાંત મુબારક દેખાવા લાગ્યા, અને આપે ફરમાવ્યું : હું શાક્ષી આપું છું કે અલ્લાહને દરેક ચીઝ પર કુદરત છે. અને હું

તેનો બંદો અને રસૂલ છું. (અબૂ દાઉદ)

(٢٨٥) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ زَيْدٍؓ قَالَ خَرَجَ رَسُوْلُ اللّٰهِ ﷺ بِالنَّاسِ اِلَى الْمُصَلّٰى يَسْتَسْقِىْ فَصَلّٰى بِهِمْ رَكْعَتَيْنِ جَهَرَ فِيْهِمَا بِالْقِرَاءَةِ وَاسْتَقْبَلَ الْقِبْلَةَ يَدْعُوْ وَرَفَعَ يَدَيْهِ وَحَوَّلَ رِدَاءَهٗ حِيْنَ اسْتَقْبَلَ الْقِبْلَةَ۔ (رواه البخارى ومسلم)

તરજુમોઃ– હઝરત અબ્દુલ્લાહ બિન ઝૈદ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ઈસ્તિસ્કાની નમાઝ માટે લોકોને સાથે લઈ ઈદગાહ પહોંચ્યા આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તે નમાઝમાં બે રકાતો પઢી, અને કિરાઅત જોરથી કરી, પછી કિબ્લા તરફ મોં કરી અને હાથ ઉઠાવી દુઆ કરી અને જે વખતે આપે કિબ્લા તરફ મોં કર્યુ તે વખતે પોતાની ચાદર પલટાવીને ઓઢી. (બુખારી, મુસ્લિમ)

(٢٨٦) عَنْ اِبْنِ عَبَّاسٍؓ قَالَ خَرَجَ رَسُوْلُ اللّٰهِ ﷺ يَعْنِى فِى الْاِسْتِسْقَاءِ مُتَبَذِّلًا مُتَوَاضِعًا مُتَخَشِّعًا مُتَضَرِّعًا. (رواه الترمذى وابوداؤد والنسائى وابن ماجة)

તરજુમોઃ– હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ઈસ્તિસ્કાની નમાઝ માટે નિકળયા તો આપ નજેવો અને હલ્કી હૈસિયતનો લિબાસ પહેરી નિકળ્યા, અને આપનો અંદાજ નમ્રતા નાદારી અને આજીઝીનો હતો.

ખુલાસો :– જેમકે હમણાં વર્ણન કરવામાં આવ્યું "ઈસ્તિસ્કાની નમાઝ" દુકાળ અથવા આમ સંયુકત વબાને દૂર કરવા માટે સંયુકત નમાઝ અને દુઆ છે. ઉપરોકત હદીષોથી આ નમાઝ વિષે અમૂકવાતો જાણવા મળી.

(૧) એ કે આ નમાઝ વસ્તીની બહાર જંગલ અને મેદાનમાં જ ઝમીન પર હોવી જોઈએ. વરસાદ માંગવા માટે મેદાન અને જંગલ જ વધુ યોગ્ય જગ્યા છે. જેમાં પોતાની અશકિતનો દેખાવ વધુ થાય છે.

(૨) બીજુ એ કે જુમ્આ અથવા ઈદની નમાઝ માફક આ નમાઝ માટે નહાવુ, ધોવું, સારા કપડાં પહેરવામાં ન આવે, નાદારો, અને ફકીરો જેવી શકલમાં અલ્લાહ તઆલાની રૂબરૂ હાજરી થાય, માંગનાર માટે ફકીરો જેવી હાલત, અને ચીંથરે હાલ નાદારો જેવી હાલત વધુ યોગ્ય છે.

(૩) ત્રીજુ એ કે દુઆ ઘણી જ કાકલુદી અને આજીઝીથી કરવામાં આવે, અને એ હેતુસર હાથ આસ્માન તરફ વધુ ઉચા કરવામાં આવે.

પહેલી બંને હદીષોમાં "ચાદર ઉલ્ટાવવા"નો પણ ઉલ્લેખ છે. એટલે એ કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ કિબ્લા તરફ મોં કરી ચાદર મુબારક ઉલ્ટાવીને ઓઢી, તેનો હેતુ એ હતો કે એય અલ્લાહ ! જે રીતે મેં ચાદર ઉલ્ટાવી દીધી. એ જ મુજબ તું વરસાદ મોકલી હાલત બદલી દે, મતલબ કે હાથ ઉઠાવવા જેમ આ અમલ પણ દુઆનો એક ભાગ જ હતો.

હઝરત આયશા (રદિ.)ની પહેલી હદીષમાં વર્ણન થયું કે જે વખતે આપે ઈસ્તિસ્કાની નમાઝ પઢી, તે વખતે એક વાદળ ચઢયું અને જોરદાર વરસાદ થયો, બીજા અમુક સહાબાની રિવાયતોમાં પણ એનો ઉલ્લેખ છે.

અલ્હમ્દુલિલ્લાહ આ ઉમ્મતનો પણ અનુભવ છે અને મુજ ગુનેહગારને પણ પોતાની ઉમરમાં ત્રણવાર ઈસ્તિસ્કાની નમાઝ પઢવાનો મોકો સાંપડયો, પહેલી વાર બિલ્કુલ બાળપણમાં મારા વતન સંભલમાં, બીજીવાર આજથી લગભગ પંદર વર્ષ અગાઉ લખનવમાં અને ત્રીજીવાર ઈ.સ. ૧૯૫૧ માં મદીના તૈયબામાં અને ત્રણેવાર નમાઝ સાથે જ અલ્લાહ તઆલાએ વરસાદ વરસાવ્યો.

હઝરત આયશા (રદિ.)ની હદીષમાં છે કે જયારે નમાઝ અને દુઆના પરિણામે વરસાદ થયો અને જોરદાર વરસાદ થયો તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું :–

"اَشْهَدُ اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ وَاِنِّى عَبْدُ اللّٰهِ وَرَسُوْلُهٗ"

અર્થાત :– હું શાક્ષિ આપું છું કે અલ્લાહ દરેક વસ્તુ પર કાબુ રાખનાર છે. અને હું તેનો બંદો અને રસૂલ છું.

આ કમાલે અબ્દિય્યત છે. (બંદાપણું છે) કે આપની નમાઝ અને દુઆના પરિણામે જયારે ચમત્કારીક રીતે વરસાદ થયો તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ એ હકીકતને માન્ય રાખી જાહેરાત કરવી જરૂરી સમઝયું કે જે કંઈ થયું અલ્લાહની કુદરત અને તેની મરજીથી થયું, જેથી તે જ હમ્દ અને આભારનો હકદાર છે. અને હું તો માત્ર તેનો એક બંદો અને પયગમ્બર છું.

"اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ عَبْدِكَ وَرَسُوْلِكَ"

# સ્ત્રી, શરીઅત અને વિરોધી વિદ્વાનો

શરીઅતના આદેશો ઉપર અમલ કરવામાં આખિરતની કામ્યાબી ઉપરાંત દુન્યાની સફળતા અને ફાયદાઓ પણ શામેલ છે. માણસને શાંતિ, રાહત અને સમૃદ્ધિ મળે છે. આ બધું સમજવું હોય તો ફકત એક ઉદાહરણ કોટુંબિક જીવનને લગતી બાબતો વિશે શરીઅતના હુકમો જોઈ લેવામાં આવે. વિવિધ કોમો, દેશો અને પ્રદેશોમાં જયાં શરીઅતના માર્ગદર્શન મુજબ અમલ નથી, ત્યાં અખ્લાક અને સંસ્કાર સંદતર ખતમ થઈ ગયેલા દેખાશે. સમાજ અને માહોલમાંથી શાંતિ ખતમ અને બેચેની પ્રસરેલી દેખાશે. ઘણા બધા કાયદાઓ આજે એવા છે જેમાં પૂર્વ અને પ્રશ્ચિમ દ્વારા ઈસ્લામી આદર્શો અને નિયમોથી માર્ગદર્શન મેળવવામાં આવ્યું છે. જેમ કે વિશ્વના બે મોટા ધર્મો હિંદુ ધર્મ અને ઈસાઈ ધર્મમાં મુળ રીતે તલાક – છુટાછુડાની કોઈ કલ્પના અને નિયમ નથી. અલબત્ત એમણે પાછળથી આ પ્રથાને સ્વીકારવી પડી. આ જ પ્રમાણે ઈસ્લામ સિવાય બીજા કોઈ પણ ધર્મમાં સ્ત્રીને વારસામાં અધિકારની કોઈ જોગવાઈ, કાનૂન કે કલ્પના નથી. પરંતુ ઈસ્લામના પ્રભાવે આજે બધા જ ધર્મો, સમાજો અને કાનૂનો વારસામાં સ્ત્રીના અધિકારોને સ્વીકારે છે.

આ એક વાસ્તવિકતા છે કે જીવનના બધા જ પાસાઓ બાબતે ઈસ્લામી માર્ગદર્શન માનવીય પ્રકૃતિ સાથે સમન્વય ધરાવે છે અને માણસની સામાજિક, સામુહિક તેમજ કોટુંબિક જવાબદારીઓ અને સ્થાનને અનુરૂપ છે.

આજે અમુક લોકો નારી સ્વતંત્રતા અને અધિકારોના નામે સ્ત્રીની ઈઝઝત અને સન્માનના સોદા કરે છે, ઓરતને પોતાની વાસના પુરી કરવાનું સાધન બનાવીને પાછા એને આઝાદી અને અધિકાર કહે છે. અને ઉલટા ચોર કોટવાલ કો ડાંટે, મુજબ જે લોકો સ્ત્રીના સન્માનની વાત કરે છે એમને અત્યાચારી અને કટ્ટરવાદી, જુનવાણી વગેરે કહે છે. આ વિશેના ઈસ્લામી આદેશો અને આદર્શોને સ્ત્રી વિરુદ્ધ ગણાવે છે. અફસોસ !

પશ્ચિમના લોકોએ સ્ત્રી બાબત એમની ખોટી વિચારસરણીને થોપવા માટે પૂર્વની સંસ્કૃતિ, વિશેષ કરીને ઈસ્લામી તાલીમને એટલું બધું બદનામ કર્યું છે કે એનાથી પશ્ચિમના પ્રભાવમાં આવનાર અને એમની નિતિ અનુસાર શિક્ષણ મેળવનાર પૂર્વના એટલે કે મુસ્લિમ કહેવાતા દેશોના વિદ્વાનો અને ભારત જેવા પ્રદેશોના શિક્ષિતો પણ પ્રભાવિત થઈ ગયા છે. આ લોકો આજે જે તે પ્રદેશમાં

કાનૂન અને સત્તાની ખુરશીઓ ઉપર બેસેલા છે. અને જયારે પણ આવી કોઈ બાબત એમની સામે આવે છે તો પોતાની ઉચ્ચ સંસ્કૃતિ અને અખ્લાકના સમર્થન કરવાને બદલે એને ખોટી ઠેરવે છે અને પશ્ચિમનું સમર્થન કરે છે.

મુસ્લિમ વિદ્વાનોમાં આવા દષ્ટિકોણના બે મુખ્ય કારણો છે :

૧. શરીઅતના મુળ આદેશ બાબતે અજ્ઞાનતા. જેમ કે અમુક લોકો એમ સમજે છે કે માણસ એની અવલાદને વારસામાંથી બાકાત કરવાનું એલાન કરી દે તો એ બાકાત થઈ જશે. અથવા અમુક લોકો એમ સમજે છે કે માણસે એની પત્નિને તલાક આપવી હોય તો ત્રણ વાર તલાક બોલવાથી જ તલાક થશે.. વગેરે.. કુર્આનમાં પતિ – પત્નિ વચ્ચેના ઝઘડાઓ બાબતે માર્ગદર્શન છે કે તેઓ બંને પોતે ઝઘડો ખતમ કરવાના પ્રયત્નો કરે, એમ ન થઈ શકે તો કોઈ ત્રીજા માણસને લવાદ બનાવીને સુલહના પ્રયત્નો કરવામાં આવે. આ માર્ગદર્શનને તલાક સાથે કોઈ લેવા દેવા નથી, છતાં કોર્ટના અમુક જજ સાહેબો એમ સમજે છે કે આવી રીતે સમાધાનના પ્રયત્નો કરવાને કુરઆન શરીફમાં તલાકની પૂર્વ શરત ગણવામાં આવી છે. અને જો આવા સમાધાનના પ્રયાસો કરવામાં ન આવ્યા હોય, અને એ પહેલાં જ કોઈએ તલાક આપી તો એ માન્ય ગણાય નહીં, સ્પષ્ટ છે કે આ બધું કુરઆન અને શરીઅત વિશે એમની અજ્ઞાનતા ઉપર આધરિત છે.

૨. અમુક કહેવાતા વિદ્વાનો શરીઅતના આદેશોથી તો કંઈક અંશે વાકેફ હોય છે પણ શરીઅતના આદેશોની મુળભાવના, એના અસબાબ, ફાયદા – મસ્લેહત, અન્ય આદેશો સાથે એના સંબંધ વગેરે વિષયોથી અજાણ હોય છે. જેમ કે અમુક સંજોગોમાં વારસામાં સ્ત્રીઓ હિસ્સો પુરૂષ કરતાં ઓછો હોય છે, જે ઘણા વિદ્વાનોને સમજમાં નથી આવતું, પણ યાદ રાખવું ઘટે કે ઈસ્લામ મુજબ કુટુંબની બલકે સ્ત્રી વિશેની પણ બધી જ નાણાકીય જવાબદારીઓ પુરૂષ ઉપર નાખવામાં આવી છે. આવી જ બાબત એકથી વધારે નિકાહ કરવાની છે. સમાનતા અને ન્યાયની શરત સાથે પુરૂષને બીજા નિકાહ કરવાની પરવાનગી છે. એને અન્યાયી પ્રથા ગણવામાં આવે છે, પણ વાસ્તવિકતા આ છે કે આ રીત સ્વંય ઓરત માટે લાભદાયી છે. એનાથી સમાજમાં પ્રવિત્રતા અને પાકદામની જળવાય રહે છે. જે દેશોમાં બહુપત્નિત્વ ઉપર પાબંદી લગાવવામાં આવી ત્યાં એટલી બધી અશ્લીલતા અને નગ્નતા ફેલાય ગઈ કે તેઓ એને રોકી શકયા નહીં, અને આવા દેશોમાં આજે સ્થિતિ એવી બની ગઈ છે કે લોકો એકલા રહેવાને પસંદ કરે છે, જરૂરત પડયે જાનવરોની જેમ ગમે તેના સાથે પોતાનો શોખ પૂરો કરી લે છે, અને એનું છેલ્લું પરિણામ એ આવ્યું છે આ પ્રદેશો માનવ આબાદીથી ખાલી થઈ રહયા છે. ●●●

# મુસીબતોના દીની અસબાબ અને આપણી ગફલત

હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ 'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ • *મુફતી ફરીદ અહમદ કાવી*

એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઘણી જ તાકીદ સાથે ફરમાવે છે : તે ખુદાની કસમ ! જેના કબજામાં મારી જિંદગી છે, તમે બધા એક બીજાને સારા કામો કરવાની તાકીદ અને નસીહત કરતા રહો, અને બુરા કામોથી રોક – ટોક પણ કરતા રહેજો. નહીંતર અલ્લાહ તઆલા તમારા ઉપર અઝાબ નાઝિલ ફરમાવશે અને પછી તમે દુઆ કરશો તો પણ દુઆ કુબૂલ નહીં થાય.

બીજી હદીસમાં છે : તમે લોકો અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કર (નેકીની તાકીદ અને બુરાઈની રોકટોક) કરતા રહો, નહીતર એવો સમય આવશે કે તમે દુઆ કરશો તો પણ કુબૂલ નહીં થાય.

એક હદીસમાં છે : અલ્લાહ તઆલા અમુક માણસોના ગુનો કરવાથી અઝાબ નથી ઉતારતા, જયાં સુધી કે લોકોની સામે જાહેરમાં કોઈ બુરું કામ થાય અને એના રોકવાની શકિત હોવા છતાં રોકવામાં ન આવે. જયારે આવી સ્થિતિ ઉભી થાય તો પછી સારા – નરસા દરેક ઉપર અઝાબ આવશે. (દુર્રે મન્ષૂર)

આ જ કારણો છે, જેના લઈને આજે નવી નવી મુસીબતો, ધરતીકંપ, વાવાઝોડાં, દુકાળ, ટ્રેન અથડામણ, જેવી ઘટનાઓ રોજિંદી બની ગઈ છે. નવી નવી બીમારીઓ, મુસીબતો, એવી વધી રહી છે કે અગાઉ એ બધું કેટલાયે વરસોમાં પણ કદી થયું ન હતું. સમાચારોથી વાકેફ રહેનારા આ બધું વધારે જાણે છે. અને બીજી 'અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કર'નો દરવાજો પણ આપણે બંધ કરી દીધો છે, એટલે દુઆઓ કુબૂલ

થવાની ઉમ્મીદ પણ મુશ્કેલ છે. નમાઝો પછી દુઆનું એલાન કરી દેવાથી શું વળે ? જયારે કે દુઆ કુબૂલ ન થાય એવા કામો આપણે લગાતાર કરતા રહીએ છીએ. અનેક હદીસમાં આવ્યું છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે રિશ્વત લેનાર અને આપનાર ઉપર લાનત ફરમાવી છે. અને અમુક રિવાયતોમાં ત્રીજા એક માણસ રિશ્વતના કામોમાં વચેટિયાને પણ આ લાનતમાં શામેલ કરવામાં આવ્યો છે. હવે જોઈએ કે કેટલા આદમી આ મુસીબતમાં સપડાયેલા છે. અને જેમના ઉપર અલ્લાહના સાચા અને મહબૂબ રસૂલ લાનત કરે એમનો શું હાલ થાય ?

એક હદીસમાં છે કે ઝુલ્મ ન કરો, નહીંતર તમારી દુઆઓ કુબૂલ નહીં થાય. બીજી હદીસમાં છે : અલ્લાહ તઆલા ઝાલિમને મોહલત આપે છે, જેથી તે સુધરી જાય. પરંતુ જયારે પકડે છે તો પછી તે છુટી શકતો નથી.

અલ્લાહ તઆલા ફરમાવે છે :

و كذلك أخذ ربك إذا أخذ القرى وهى ظالمة إن أخذه أليم شديد

અને તારા રબની પકડ આવી સખત જ હોય છે, જયારે કોઈ આબાદી ઉપર એના અત્યાચારી હોવાના સમયે પકડે છે, તો નિશંક એની પકડ ઘણી જ દર્દનાક હોય છે.

આ તરફ દુનિયામાં થતા અત્યાચારો જોઈએ તો સમજમાં આવશે કે જયારે સખતાઈ સાથે અલ્લાહની પકડ થાય તો પરેશાનીઓ અને મુસીબતોનો કેટલી બધી હોય શકે છે.

હદીસ શરીફમાં છે કે મઝલૂમની બદદુઆ કુબૂલ થાય છે. ચાહે તે ગુનેગાર પણ કેમ ન હોય ! બીજી એક હદીસમાં કે ચાહે તે કાફિર અને અલ્લાહનો ઈન્કાર કરનાર પણ કેમ ન હોય ! (તરગીબ, હિસ્ને હસીન)

એક હદીસમાં છે : અલ્લાહ તઆલા ફરમાવે છે : એવા માણસ ઉપર મને ઘણો જ ગુસ્સો આવે છે જે એવા માણસ ઉપર ઝુલ્મ કરે છે જેનો અલ્લાહ તઆલા સિવાય કોઈ મદદગાર ન હોય. (મુઅજમ સગીર)

بترس از آہ مظلوماں کہ هنگامِ دعا کردن
اجابت از در حق بهر استقبال می آید

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે : જે માણસ જમીન ઉપર વસતા લોકો ઉપર રહેમ નથી કરતો, આસમાન વાળો એના ઉપર રહમ નથી કરતો. (તરગીબ)

આજે જયારે મઝલૂમોની બદદુઆઓ રોજ વધી રહી છે, અને આસમાન વાળો રહમ ન કરતો હોય તો વીજળી, વાવાઝોડાં અને તોફાનો જેટલા આવે, એ સમજમાં આવનારી બાબત છે.

એક હદીસમાં છે કે મઝલૂમની બદદુઆથી બચો, એના કુબૂલ થવામાં કોઈ રુકાવટ નથી હોતી. એક હદીસમાં છે : મઝલૂમની બદદુઆ કુબૂલ થાય છે, ચાહે તે ફાસિક – ફાજિર કેમ ન હોય. (હિસ્ન)

એક હદીસમાં છે : મારી ઉમ્મત ભલાઈ અને ખેર સાથે રહેશે, જયાં સુધી કે એમાં (ઝિનાકારીથી પેદા થયેલ) હરામી બાળકો વધી નહીં જાય. અને જયારે આવા લોકો વધી જશે તો અલ્લાહ તઆલા આ ઉમ્મતને એક સર્વત્ર અઝાબમાં સપડાવી દેશે.

વ્યકિગત હરામકારીની વાત નથી. આજે કોઈ એવું શહેર કે નાનું ગામડું એવું નથી, જયાં આવી હરામની અવલાદ પેદા ન થતી હોય, અને મ્યુ.કોર્પો.ના મુસ્લિમ મેમ્બરો પણ આવી વગર બાપની અવલાદ માટે કોઈ અલાયદી વિશાળ જગ્યા અને મકાનોની વ્યવસ્થા કરવા મજબૂર ન હોય. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : જે આબાદીમાં વ્યાજખોરી અને ઝિનાકારી ખુલ્લી રીતે સામાન્ય થઈ જાય તો સમજો કે તેઓ પોતાના ઉપર અલ્લાહનો અઝાબ ઉતારી રહયા છે.

થોડું વિચારો, આપણા અંદર પણ કેટલાયે એવા માણસો છે જે આ બદકારીમાં સપડાયેલા છે. અને કેટલાયે શરીફ અને સંસ્કારી માણસો આવા કામો માટે મકાનો ભાડે આપી રહયા છે. અને કેટલાયે દીનદાર ગણાતા હોય એવા અધિકારીઓ આ ભુંડા કામો માટે જગ્યાની વ્યવસ્થા કરવા માટે મજબૂર છે.

અનેક સહીહ હદીસોમાં આવ્યું છે કે જે ઘરમાં કુતરો કે ફોટાઓ હોય ત્યાં રહમતના ફરિશ્તાઓ દાખલ નથી થતા.

હઝ. અબૂવાઈલ રદિ. ફરમાવે છે કે હઝરત ઉમર રદિ.સાથે શામ પ્રદેશમાં એક ગઝવહમાં હું સાથે હતો. એક જગ્યાએ અમે રોકાયા તો ત્યાંનો સરદાર હઝ. ઉમર રદિ.ને શોધતો શોધતો શોખથી મળવા આવ્યો. જયારે હઝ. ઉમર રદિ. પાસે પહોંચ્યો તો હઝ. ઉમર રદિ.ને સજદહ કરવા માંડયો. હઝ. ઉમર રદિ.એ પૂછયું કે આ સજદો કેવો ? એણે કહયું કે અમારા બાદશાહો સામે આમ કરવાની અમારી પરંપરા છે. હઝ. ઉમર રદિ.એ ફરમાવ્યું કે સજદહ તો તમને પેદા કરનાર માલિકની સામે જ કરવાનો હોય. પછી એણે અરજ કરી કે મેં તમારા માટે ખાણું તય્યાર કર્યું છે. મુજ ગરીબના ઘરે પધારો તો સારું ! હઝ. ઉમર રદિ.એ એને પૂછયું કે તમારા ઘરમાં કોઈ તસવીર – ફોટાઓ તો નથી ને ? એણે કહયું કે ફોટાઓ લાગેલા છે. તો હઝ. ઉમર રદિ.એ ફરમાવ્યું : અમે એવા ઘરોમાં નથી જતા. તમે તમારું ખાણું અમને અહિંયા મોકલી દયો. એણે ખાણું મોકલી દીધું તો હઝ. ઉમર રદિ.એ ખાય લીધું. (હાકિમ)

હવે આજના દુનિયાના સુશોભિત મકાનો ઉપર નજર કરો. ફોટાઓ વગર કોઈ મકાનનો શણગાર શકય છે ? અને કોઈ ટુંકી દષ્ટિનો મોલ્વી આ વિશે કંઈ બોલવાની મજાલ રાખે છે ? રહમતના દરવાજા આપણે પોતે જ બંધ કરી લઈએ છીએ, અને અઝાબ ઉતરવાના શકય એટલા બધા જ અસબાબ આપણે અપનાવીએ છીએ તો આપણી મુસીબતો અને પરેશાનીઓ રોજ બરોજ વધતી જ રહેને ! આપણા બુઝુર્ગોની રીત આ હતી કે તેઓ અન્ય ધર્મીઓના એવા મકાનોમાં પણ જતા ન હતા જેમાં ફોટાઓ હોય, અને એમના વારસદાર આપણે છીએ જેઓ પોતે જ આ નાજાઈઝ વસ્તુથી મકાનોને શણગારીએ છીએ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના એક એક કથનને જોઈએ અને સામે દુનિયાની સમીક્ષા કરીએ, એક તરફ ઈસ્લામી તાલીમ સંપૂર્ણ રીતે માર્ગદર્શક છે, પણ સાથે આપણે મુસલમાનો આ તાલીમ પ્રત્યે આશ્ચર્યજનક રીતે અનદેખી કરી રહયા છે.

———————————————————

# ઈસ્તિગ્ફાર...
## બરકત, ફઝીલત અને તેના શબ્દો

### ઈસ્તિગ્ફારની બરકતો

ઈસ્તિગ્ફારનો ખરો હેતુ અને તેની જરૂરત તો અલ્લાહ તઆલા પાસે ગુનાહો માફ કરાવવાનો છે, જેથી બંદો તેના અઝાબથી બચી જાય, પરંતુ કુર્આન પાકથી પણ જણાય છે અને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ વધુ ખુલાસા અને વિગતવાર બતાવ્યું છે કે ઈસ્તિગ્ફાર ઘણી દુનિયાવી બરકતોનું પણ કારણ બને છે અને બંદાને આ જગતમાં તેના તુફેલમાં ઘણું બીજું પણ મળે છે. અલ્લાહ તઆલા આપણને એનું યકીન અને અમલ નસીબ કરે.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો, જે બંદો ઈસ્તિગ્ફારને જરૂરી સમજી લે, (એટલે અલ્લાહ તઆલા પાસે બરાબર ગુનાહોની માફી માંગતો રહે) તો અલ્લાહ તઆલા તેના માટે દરેક તંગી અને મુશ્કેલીથી નિકળવા અને છુટકારો મેળવવાનો રસ્તો બનાવે છે અને તેની દરેક ફિકર અને પરેશાની દૂર કરી છુટછાટ અને શાંતિ અર્પણ કરે છે અને તેને એવા રસ્તેથી રોજી આપશે જેનો તેને વહેમ અને ખ્યાલ પણ નહીં હોય. (મુસ્નદે અહમદ, અબૂ દાઉદ)

યાદ રાખવું જોઈએ કે હદીસ શરીફના આ વાયદા ફકત જીભ વડે ઈસ્તિગ્ફારના શબ્દો પઢવા પર નથી, બલકે ઈસ્તિગ્ફારની હકીકત પર છે. અલ્લાહ તઆલા શાનહુ એ હકીકત નસીબ ફરમાવે. અમીન....

હઝરત અબ્દુલ્લાહ બિન બુસ્ર રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું કે,

મુબારક અને ખુશી થાય તે બંદાને જે તેના આ'માલ નામામાં વધુ ઈસ્તિગ્ફાર જુએ, (એટલે આખિરતમાં જુએ કે તેના આ'માલ નામામાં વધારામાં વધારે ઈસ્તિગ્ફાર લખાયેલો છે. (ઈબ્ને માજહ, નસઈ.)

યાદ રહે કે આ'માલ નામામાં ખરો ઈસ્તિગ્ફાર તે જ લખાશે જે ખરી રીતે અને અલ્લાહ તઆલાને ત્યાં પણ ઈસ્તિગ્ફાર હશે અને જે ફકત જીભથી ઈસ્તિગ્ફાર હશે તે જો લખવામાં આવશે તો ફકત જબાની અને લફઝી ઈસ્તગ્ફારના રૂપમાં હશે, અને જો લખવા લાયક નહીં હોય તો લખવામાં પણ આવશે નહીં, એટલા માટે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ આ હદીસમાં ફકત વધુ ઈસ્તિગ્ફાર કરવાની તાકીદ નથી કરી, બલકે એ ફરમાવ્યું કે "طوبى لمن وجد في صحيفته اتغفارا كثيرا" (ખુશી અને મુબારકબાદી તે બંદા માટે, જે તેના આ'માલ નામામાં વધારે ઈસ્તિગ્ફાર જુએ) ઉમ્મતની મશ્હુર આરિફા હઝરત રાબિયા અદવીય્યહ રહ.થી નકલ કરવામાં આવ્યું છે કે તે ફરમાવતાં હતા કે અમારો ઈસ્તિગ્ફાર જાતે એ લાયક હોય છે કે અલ્લાહ તઆલા સામે તેનાથી વધારે ઈસ્તિગ્ફાર કરવામાં આવે.

આ હદીસમાં "તુબા–طوبى"નો શબ્દ ઘણો જ જામેઅ છે. દુનિયા અને આખિરત તેમ જન્નતની બધી ખુશીઓ અને નેઅમતો તેમાં શામેલ છે. ખરેખર જે બંદાને ખરો ઈસ્તિગ્ફાર નસીબ થઈ જાય અને વધુ પડતો નસીબ થાય તે ઘણો જ ખુશ નસીબ છે. તેને બધુ જ મળી ગયું, અલ્લાહ તઆલા પોતાની મહેરબાની અને કરમ નસીબ ફરમાવે.

## ઈસ્તિગ્ફાર પૂરી ઉમ્મત માટે શાંતિનું પ્રતિક

ઉપરોકત બન્નેવ હદીસોમાં ઈસ્તિગ્ફારની જે બરકતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો, તે વ્યકિતગત હતી એટલે તે ઈસ્તગ્ફાર કરનાર વ્યકિતને જ મળશે. નીચેની હદીસથી જણાશે કે તે વ્યકિતગત બરકતો સિવાય ઈસ્તગ્ફાર કરનારના એક ઈસ્તગ્ફારની મહાન અને સર્વગ્રાહી બરકત એ છે કે તે પુરી ઉમ્મતને આમ અઝાબથી બચાવી લે છે.

હઝરત અબૂ મુસા અશ્અરી રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ઈર્શાદ ફરમાવ્યો,

"અલ્લાહ તઆલાએ મારી ઉમ્મત માટે બે અમાન (બચાવ) મારા ઉપર ઉતાર્યા, (સૂરએ અન્ફાલ–૩૩માં ઈર્શાદ છે) "وما كان الله ليعذبهم" (એટલે અલ્લાહ તઆલા એવું નહીં કરે કે તમો તેમનામાં હાજર હોય અને તેમના ઉપર અઝાબ ઉતારે, અને અલ્લાહ તઆલા તેમને અઝાબમાં નહીં

સંડોવે જયારે તેઓ ઈસ્તિગ્ફાર કરતા હશે અને માફી તેમ મગફિરત માંગતા હશે.) આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું પછી જયારે મારી વફાત થઈ જશે તો કયામત સુધી તમારી વચ્ચે ઈસ્તિગ્ફારને રૂપે છોડી જઈશ.'' (તિરમિઝી)

સૂરએ અન્ફાલની આયત નં.૩૩ જેનો આ હદીસમાં હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ હવાલો આપ્યો છે, તેનો હેતુ અને મકસદ એ છે કે એક તો પોતે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની જાત મુબારક અને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નું મોજુદ હોવું ઉમ્મત માટે અઝાબથી બચાવ છે. જયાં સુધી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ઉમમત વચ્ચે મોજુદ છે, તેમના ઉપર આમ અઝાબ ઉતારવામાં આવશે નહીં.

અને બીજી ચીજ જે તેમના માટે બચાવનું સાધન છે તે ખુદ તેમનો ઈસ્તિગ્ફાર છે. જયાં સુધી તેઓ અલ્લાહ તઆલાથી પોતાના ગુનાહોની માફી અને મગફિરત માંગતા રહેશે અને ઈસ્તગ્ફાર કરતા રહેશે, આમ અઝાબથી બરબાદ કરવામાં નહી આવે. મતલબ કે એક બચાવ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની જાત મુબારકનું મોજુદ હોવું હતું જેનાથી ઉમ્મત આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના અવસાન પછી મહેરૂમ થઈ ગઈ. બીજો બચાવ ખુદનો પોતાનો ઈસ્તિગ્ફાર છે, તે પણ ઉમ્મતને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) મારફતે જ મળ્યો છે અને તે કયામત સુધી બાકી રહેશે. અને ઉમ્મત છેલ્લી હદના કુકર્મો કરવા છતાં જે અત્યાર સુધી આમ અઝાબથી બચેલી છે, તે ઈસ્તિગ્ફાર કરનાર બંદાઓના ઈસ્તિગ્ફારની બરકત છે.

## તૌબા – ઈસ્તિગ્ફારથી અલ્લાહ તઆલા ઘણા ખુશ થાય છે

તોબા અને ઈસ્તેગ્ફાર વિશેની હદીસો સહીહૈનમાં પણ અનેક સહાબા રદિ.થી રિવાયત કરવામાં આવી છે. જેમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તોબા કરનાર ગુનેહગારોને તે ખુશખબરી સંભળાવી છે જે કોઈ બીજા મોટામાં મોટા અમલ પર સંભળાવી નથી. ખરેખર અલ્લાહ તઆલાની રહમતની શાનને સમજવા માટે ફકત આજ એક હદીસ હોત તો પણ બસ હતી. હક એ છે કે આ અમુક લાઈનોની હદીસમાં મઅરિફતનું એક દફતર છે. અલ્લાહ પાક સમજ અને યકીન નસીબ ફરમાવે. આમીન.....

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ રદિ.થી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી સાંભળ્યું, આપ ફરમાવતા હતા :

ખુદાની કસમ ! અલ્લાહ તઆલા તેના મો'મિન બંદાની તોબાથી તે મુસાફર માણસથી વધુ ખુશ થાય છે જે...

(સફર દરમિયાન) કોઈ નિર્જન અને વેરાન જગ્યાએ આવી ચડયો હોય,
જયાં માનવીય જીવનનો કોઈ આધાર ન હોય,
બરબાદીના અસબાબ ચારે તરફ હોય
તેની સાથે ફકત તેનું ઉંટ અને તેના પર જ ખાધા ખોરાકીનો સામાન હોય
આવામાં તે આરામ માટે ભોંય પર સુઈ જાય છે,
પરંતુ આંખ ખુલે છે ત્યારે જુએ છે કે તેનું ઊંટ ગાયબ છે,
હવે તે તેને શોધવામાં પરેશાન છે,
એટલે સુધી કે ગરમી– તરસથી જયારે તેના જીવ પર આવી બને છે,
હવે તે વિચારે છે કે હવે તો હું તે જગ્યાએ જઈને પડી રહું અને ત્યાં સૂતાં સૂતાં જ મને મોત આવી જાય,
આમ વિચારી તે હાથ માથા ઉપર મુકી મરવાના ઈરાદે સુઈ જાય છે,
પણ ફરી વાર તેની આંખ ખુલે છે ત્યારે તેનું ઊંટ તેની સામે મોજુદ છે.
અને ઉપર ખાવા પીવાનો સામાન (તેવો જ) છે.

આવી સૂરતમાં જેટલો ખુશ તે મુસાફર પોતાનું ઊંટ મળવા પર થશે, ખુદાની કસમ ! મો'મિન બંદાની તોબા કરવાથી અલ્લાહ તઆલા તેનાથી પણ વધારે ખુશ થાય છે. *(બુખારી, મુસ્લિમ)*

જરા ખ્યાલ કરો !

જરા અંદાજો કરો કે નાસી છુટેલી અને ખોવાયલી ઊંટડી આવી રીતે પોતાની પાસે ઉભી રહેલી જોઈને તે વટેમાર્ગુને કેટલી ખુશી થશે ?

સાદિકે મસ્દુક (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ આ હદીસ પાકમાં કસમ ખાઈને ફરમાવ્યું કે ખુદાની કસમ ! બંદો જયારે ગુનાહ પછી અલ્લાહ તઆલા તરફ વળી અંતઃકરણથી તોબા કરી તેના તરફ આવે છે તો રહીમ, કરીમ પરવરદિગારને એનાથી પણ વધારે ખુશી થાય છે.

લગભગ આ જ બયાન સહીહૈનમાં હઝરત ઈબ્ને મસ્ઉદ (રદિ.) સિવાય હઝરત અનસ રદિ.ની રિવાયતથી વર્ણન થયેલ છે. અને મુસ્લિમ શરીફમાં એ

બન્ને બુઝુર્ગો સિવાય હઝરત અબૂ હુરૈરહ રદિ. હઝરત નો'માન બિન બશીર રદિ. અને હઝરત બરાઅ બિન આઝીબ રદિ.થી પણ એ જ બયાન રિવાયત કરવામાં આવ્યું છે,

અને હઝરત અનસ રદિ.ની રિવાયતમાં એ વધારો પણ છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તે વટેમાર્ગુની ખુશીની હાલત બયાન કરતાં ફરમાવ્યું કે ઊંટડી આ રીતે મળી જવાથી તે એટલો ખુશ થયો કે અલ્લાહ તઆલાની આ અનહદ મહેરબાની અને બંદા નવાઝીનો ઈકરાર કરતાં તે કહેવા ઈચ્છતો હતો કે ''અલ્લાહુમ્મ અન્ત રબ્બિ વ અન અબ્દુક'' (ખુદાવંદા ! બસ તું જ મારો રબ છે. અને હું તારો બંદો) પરંતુ ખુશીના આવેશમાં તેની જીભ ભટકી ગઈ અને તેણે કહ્યું,

''અલ્લાહુમ્મ અન્ત અબ્દી વ અન રબ્બુક''

(મારા ખુદા ! બસ તુ મારો બંદો અને હું તારો ખુદા !)

હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તેની આ ભુલનું માફ હોવાનું બતાવતાં ફરમાવ્યું 'ખુશીના આવેશમાં બિચારા તે ગામડીયા વટેમાર્ગુની જીભ ભટકી ગઈ'

ખરેખર આ હદીસમાં તોબા કરનાર ગુનેહગારોને અલ્લાહ તઆલાની પ્રસન્નતાની જે ખુશખબરી સંભળાવવામાં આવી છે તે જન્નત અને તેની બધી નેઅમતોથી પણ મહાન છે.

શેખ ઈબ્ને કય્યિમ રહ.એ ''મદારિકુસ્સાલિકીન''માં તોબા ઈસ્તિગ્ફારના જ બયાનમાં આ હદીસ પર ચર્ચા કરતાં અલ્લાહ તઆલાના ખુશ થવાના ખુલાસામાં એક નવાઈ પમાડે એવું બયાન લખ્યું છે જેને વાંચી ઈમાની આત્મા જુમી ઉઠે છે. નીચે ફકત તેનો નિચોડ અને ખુલાસો આપવામાં આવે છે.

અલ્લાહ તઆલાએ તેની પેદા કરેલી સૃષ્ટિમાં મનુષ્યને ખાસ મરતબો આપ્યો છે, દુનિયાની દરેક ચીજ તેના માટે પેદા કરી છે. બધી જ સૃષ્ટિ તેના માટે તાબે કરી દીધી છે. અને તેના ફરિશ્તાઓને પણ માણસના ખાદીમ અને સાચવનાર બનાવ્યા. પછી તેની હિદાયત અને સીધો રસ્તો બતાવવા માટે કિતાબો ઉતારી અને નબુવ્વત અને રિસાલતનો સિલસિલો ચાલુ કર્યો, પછી તેમનામાંથી જ કોઈને ખલીલ બનાવ્યો અને કોઈને કલીમનું ગૌરવ અર્પણ કર્યુ. અને ઘણી મોટી સંખ્યાને વિલાયત અને તેના ખાસ સંબંધની દૌલતથી

માલામાલ કર્યા, અને મનુષ્યો માટે જ અસલમાં જન્નત અને દોઝખ બનાવી.

મતલબ કે દુનિયા અને આખિરતમાં અને આ સૃષ્ટિના જગતમાં જે કંઈ છે અને થશે તે બધાનું અસલી કેન્દ્ર અને મધ્યબિંદુ માનવી જ છે.

તેણે જ અમાનતનો બોજ ઉઠાવ્યો,

તેના જ માટે શરીઅત ઉતારવામાં આવી,

અને સવાબ અને અઝાબ અસલમાં તેના જ માટે છે.

બસ આખી દુનિયાના કારખાનામાં મનુષ્ય જ ખરો આધાર છે.

અલ્લાહ તઆલાએ તેને તેના હાથોથી બનાવ્યો,

તેમાં રૂહ ફૂંકી,

ફરિશ્તાઓથી સિજદો કરાવ્યો,

ઈબ્લીસ તેને સિજદો ન કરવાના પાપમાં દરબારથી ફેંકાય ગયો, અને અલ્લાહ તઆલાએ તેને પોતાનો શત્રુ ગણ્યો.

આ બધું એટલા માટે કે તે પેદા કરનારે મનુષ્યમાં જ એવી આવડત રાખેલી છે કે તે એક ધરતીની અને ભૌતિક મખ્લુક હોવા છતાં તેના પેદા કરનાર અને પરવરદીગારની સાચી અને ઉચ્ચ પ્રકારની ઓળખ પ્રાપ્ત કરે.

તેની સાથે મહોબ્બત અને તેની તાબેદારી કરે,

તેના માટે પોતાની ઉમંગો, લાલસા અને શોખ કુરબાન કરી દે,

આ જગતમાં તેની ખિલાફતની જવાબદારીઓ અદા કરે,

તેની ખાસ ખાસ મહેરબાનીઓ અને બેહિસાબ બખ્શીશોનો હકદાર બને.

તેના પ્યાર—મહોબ્બત અને અનહદ લુત્ફો કરમનો જવાબદાર બને.

રબ્બે કરીમ પોતાની જાતથી જ ઘણો માયાળુ છે. અને દયા અને કરમ તેનો જાતિ ગુણ છે. એટલા માટે પોતાના વફાદાર અને નેક કર્તવ્ય કરનાર બંદાઓને ઈનામો અને ઉપકારોથી નવાજવા અને પોતાની ભેટોથી તેમના ખોળાઓ ભરી દેવા તેના માટે અનહદ ખુશીનું કારણ બને છે. જેમ બાળકને દુધ પીવડાવવું અને નવડાવી, ધોવાડી સારાં કપડાં પહેરાવવા મમતાવાળી માની અનહદ ખુશીનું કારણ બને છે.

અને જો બંદાએ બદબખ્તીથી તેના તે પેદા કરનાર પરવરદીગારની વફાદારી અને ફરમાબરદારીનો રસ્તો છોડી બગાવત અને નાફરમાનીનો રસ્તો

અપનાવ્યો અને તેના શત્રુ અને બાગી શેતાનના લશ્કરમાં અને તેના તાબેદારોમાં શામેલ થઈ ગયો, અને કરીમ રબની દયા અને મહેરબાની, લુત્ફો – કરમને પોતાના તરફ ફેરવવાને બદલે તેના ગુસ્સાને અને અઝાબને ભડકાવવા લાગ્યો તો, જાહેર છે કે અલ્લાહ તઆલામાં તે ગુસ્સો અને નારાજીવાળી કેફીયત જન્મ લેશે, જે નાલાયક અને નકામા પુત્રની નાફરમાની અને કુકર્મો જોઈ મમતાવાળી માતાના દિલમાં જન્મ લેશે.

પછી જો તે બંદાને કદી પોતાની ભુલનું ભાન થતાં વિચારે કે,

મેં મારા પરવરદીગાર અને માલિકને નારાજ કરી પોતાને અને પોતાના ભવિષ્યને બરબાદ કરી નાંખ્યું,

તેની મહેરબાની અને દયાના પાલવ સિવાય મારી પાસે કોઈ પનાહ અને આસરાની જગ્યા નથી.

પછી તેના કરેલા કામો પર પસ્તાવો કરી શરમાય,

અને મગફિરત – રહમતનો ભિખારી બની તેના દયાળુ દરબારમાં પાછો ફરી સાચા અંતઃકરણથી તોબા કરે,

રડે કાકલુડી કરે,

માફી માંગે,

ભવિષ્ય માટે વફાદારી અને ફરમાબરદારીનો વાયદો–ઈરાદો કરી લે, તો સમજી શકાય છે કે તેના તે દયાળુ રબને જેની રહમત–દયા અને પ્યાર માતાના પ્યારથી પણ હજારો ઘણો વધારે છે અને જે બંદાઓ પર નેઅમતોની વર્ષા કરી એટલો પ્રસન્ન થાય છે જેટલો નેઅમતો મેળવી મોહતાજ બંદો ખુશ નથી થતો તો સમજી શકાય છે કે એવા દયાળુ પરવરદીગારને પોતાના તે બંદાની તોબા અને તેના તરફ વળવાથી કેટલી પ્રસન્નતા થશે.

શેખ ઈબ્ને કય્યિમ (રહ.)એ ઘણા ખુલાસાપુર્વક અને વિગતવાર આ બયાન લખ્યા પછી છેવટમાં એક આરિફનો કિસ્સો લખ્યો છે,

જે શેતાન અથવા ખરાબ નફસના ભરમાવવાથી ખોટા રસ્તે ચઢી ગયો હતો અને નાફરમાની તેમજ ખરાબ કામોના કીડાઓ તેના દિલમાં સરવળતા હતા, તેઓ લખે છે કે તે આરિફ એક ગલીથી પસાર થઈ રહ્યો હતો, તેણે જોયું કે એક ઘરનો દરવાજો ઉઘાડો છે અને એક બાળક રડતું કકડતું તેમાંથી

બહાર નિકળ્યું, તેની માં તેને ઘરમાંથી ધક્કા મારી કાઢી રહી હતી, જયારે તે દરવાજાથી બહાર થઈ ગયો તો માંએ અંદરથી દરવાજો બંધ કરી લીધો, બાળક એ રીતે રડતો કકડતો બકતો બબડતો થોડે દુર ગયો, પછી એક જગ્યાએ પહોંચી ઉભો થઈ ગયો અને વિચારવા લાગ્યો કે હું મારા–માતા પિતાના ઘર સિવાય બીજે કયાં જઈશ અને કોણ મને પોતાની પાસે રાખશે ?

એમ વિચારી તુટેલા દિલથી તે પોતાના ઘર તરફ પાછો ફર્યો, દરવાજા પર પહોંચી તેણે જોયું કે દરવાજો અંદરથી બંધ છે તો તે બિચારો ત્યાં જ ઉબરા પર માથું મુકી સુઈ ગયો, માતા આવી, તેણે દરવાજો ખોલ્યો, અને પોતાના બાળકને આ રીતે ઉબરા પર માથું મૂકી પડેલો જોયો તો તેનું દિલ ભરાય આવ્યું, અને મમતાનો જોશ ઉભરાવા લાગ્યો, તેની આંખોથી અશ્રુ વહેવા લાગ્યા, બાળકને ઉઠાવી છાતી સરસો ચાંપ્યો અને પ્યાર કરવા લાગી, તેણી કહી રહી હતી : બેટા તેં જોયું તારા સિવાય મારૂં કોણ છે ? તેં નાલાયકી, નાદાની અને નાફરમાનીનો રસ્તો અપનાવી મારૂ દિલ દુખાવ્યું, મને ગુસ્સો અપાવ્યો, જે તારા માટે મારી ફિતરત નથી, મારી ફિતરત અને મમતાના જોશ તો એ જ છે કે તારી સાથે પ્યાર કરૂં, તને રાહત અને આરામ પહોંચાડવાની કોશીશ કરૂં, તારા માટે દરેક ભલાઈ ચાહું, મારી પાસે જે કંઈ છે તે તારૂં જ છે.

તે આરિફે આ બધો બનાવ જોયો, અને તેમાં પોતાના માટે જે બોધપાઠ હતો તે લઈ લીધો.

આ કિસ્સા પર ધ્યાન કરતી વખતે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો ઈર્શાદ સામે રાખો

'الله أرحم لعباده من هذه بولدها'

અલ્લાહ તઆલા તેના બંદાઓ માટે આ ઓરત કરતાં પણ વધુ રહમ કરનાર છે.

કેવા બદબખ્ત અને મહરૂમ છે, તે બંદાઓ જેઓ નાફરમાનીનો રસ્તો અપનાવી એવા માયાળુ અને દયાળુ પરવરદીગારની દયાથી પોતાને મહરૂમ બનાવી તેના ગુસ્સાને અને ગઝબને ભડકાવી રહ્યા છે. હાલાંકે તોબાનો દરવાજો તેમના માટે ખુલ્લો છે. અને તેઓ તેના તરફ કદમ ઉઠાવી તેનો તે પ્યાર મેળવી શકે છે જેની સામે માનો પ્યાર પણ ઓછો છે.

અલ્લાહ તઆલા આ હકીકતોની સમજ અને યકીન નસીબ કરે.

يَاغَفَّارُ اغْفِرْلِىْ يَاتَوَّابُ تُبْ عَلَىَّ يَا رَحْمٰنُ ارْحَمْنِىْ يَارَؤُفُ ارْؤُفْ بِىْ يَا عَفُوُّاعْفُ عَنِّىْ يَارَبِّ اَوْزِعْنِىْ اَنْ اَشْكُرَ نِعْمَتَكَ الَّتِىْٓ اَنْعَمْتَ عَلَىَّ وَطَوِّقْنِىْ حُسْنَ عِبَادَتِكَ .

## સય્યિદુલ ઇસ્તિગ્ફાર

નીચેની હદીસમાં ઈસ્તિગ્ફારનો એક કલિમો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ "સય્યિદુલ ઈસ્તિગ્ફાર" (ઈસ્તિગ્ફારનો સરદાર) બતાવ્યો છે અને તેની ઘણી જ ફઝીલત બયાન ફરમાવી છે. અને ખરેખર બયાન અને સમજના હિસાબે તે એવો જ કલિમો છે.

હઝરત શદ્દાદ બિન ઔસ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું કે "સય્યિદુલઈસ્તગ્ફાર" (એટલે સૌથી ઉચ્ચ ઈસ્તિગ્ફાર) એ છે કે બંદો અલ્લાહ તઆલા સામે આ પ્રમાણે અરજ કરે..

اَللّٰهُمَّ اَنْتَ رَبِّىْ لَا اِلٰهَ اِلَّا اَنْتَ خَلَقْتَنِىْ وَاَنَا عَبْدُكَ وَاَنَا عَلٰى عَهْدِكَ وَوَعْدِكَ مَااسْتَطَعْتُ اَعُوْذُبِكَ مِنْ شَرِّ مَا صَنَعْتُ اَبُوْءُ لَكَ بِنِعْمَتِكَ عَلَىَّ وَاَبُوْءُ بِذَنْبِىْ فَاغْفِرْلِىْ فَاِنَّهٗ لَايَغْفِرُ الذُّنُوْبَ اِلَّا اَنْتَ .

(અય અલ્લાહ ! તું જ મારો રબ છે. તારા સિવાય કોઈ માલિક અને માબૂદ નથી. તેં જ મને પેદા કર્યો, હું તારો બંદો છું, અને જયાં સુધી મુજ નાચીઝ અને અશકતથી બની શકશે તારી સાથે કરેલા (ઈમાની) વાયદા અને કરાર પર જમ્યો રહીશ. મારા કામો અને કર્તવ્યોની બુરાઈથી તારી પનાહ માગું છું. હું ઈકરાર કરૂં છું કે તેં નેઅમતોથી મને નવાઝયો છે. અને માનું છું કે મેં તારી નાફરમાની કરી, અને ગુનાહ કર્યા, અય મારા માલિક અને મૌલા ! તું મને માફ ફરમાવી દે, અને મારા ગુનાહ બખ્શી આપ, તારા સિવાય ગુનાહો બખ્શનાર કોઈ નથી.

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું, કે જે બંદાએ

ઈખ્લાસ અને દિલના યકીન સાથે દિવસના કોઈ ભાગમાં અલ્લાહ તઆલા સામે આ કલિમાઓ વડે ઈસ્તિગ્ફાર કર્યો અને તે જ દિવસે રાત શરૂ થતાં પહેલાં તેનું મૃત્યુ થઈ ગયું તો બેશક તે જન્નતમાં જશે. એ જ પ્રમાણે જો કોઈએ રાતના કોઈ ભાગમાં અલ્લાહ તઆલા સામે અરજ કરી અને સવાર થતાં પહેલાં તે રાત્રે જતો રહ્યો તો ચોક્કસ તે જન્નતમાં જશે. (બુખારી શરીફ)

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની આ હદીસ મળ્યા પછી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)પર ઈમાન ધરાવનાર દરેક ઉમ્મતી એ એ વાતનો પ્રબંધ કરવો જોઈએ કે દરરોજ રાત્રે અને દિવસે ઓછામાં ઓછા એકવાર જરૂર અંતઃકરણથી અલ્લાહ તઆલા સામે ઈસ્તિગ્ફાર કરી લે,

હઝરત અબૂ મુસા અશઅરી રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) અલ્લાહ તઆલાના દરબારમાં આ પ્રમાણે અરજ કરતા હતા

اَللّٰهُمَّ اغْفِرْلِیْ خَطِیْئَتِیْ وَجَهْلِیْ وَاِسْرَافِیْ فِیْ اَمْرِیْ وَمَا اَنْتَ
اَعْلَمُ بِهٖ مِنِّیْ اَللّٰهُمَّ اغْفِرْلِیْ هَزْلِیْ وَجِدِّیْ وَخَطَایَایَ وَعَمَدِیْ
وَكُلُّ ذَالِكَ عِنْدِیْ۔

અય અલ્લાહ ! મારી ભુલો મારા કુસૂરો માફ ફરમાવ, અને જે નાદાનીનું કામ મેં કર્યુ હોય તેને માફ ફરમાવ, અને તારા જે મામલામાં પણ તારા હુકમ અને તારી ખુશીની હદ ઓળંગી દીધી હોય, તેને બખ્શી આપ, અય મારા ખુદા! મારા તે ગુનાહ પણ માફ કરી દે, જે હસી મજાકમાં મારાથી થઈ ગયા હોય, અને તે પણ માફ કર, જે મેં સમજી વિચારીને ભાન સાથે કર્યા હોય, મારા માલિક ! મારી તે ભુલો પણ માફ કરી દે, જે વગર ઈરાદે મારાથી થઈ ગઈ હોય, અને તે પણ માફ ફરમાવી દે જે મેં જાણી જોઈને ઈરાદા પૂર્વક કરી હોય, અને (અય મારા માલિક ! તું જાણે છે કે) આ બધી જ જાતની ભુલો મેં કરી છે. (બુખારી, મુસ્લિમ)

### હઝરત ખિઝર અલૈ.નો ઈસ્તિગ્ફાર

હઝરત અબ્દુલાહ બિન ઉમર રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)અમો લોકોને વધુ ભાગે ફરમાવ્યા કરતા હતા

કે અય મારા સાથીઓ ! તમને કઈ વસ્તુ રોકે છે કે અમુક સહેલા કલિમાઓ મારફત તમારા ગુનાહોની સફાઈ કરી લો, અરજ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! તે કયા કલિમા છે ? આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : તે કહ્યા કરો જે મારા ભાઈ ખિઝર અલૈ. કહ્યા કરતા હતા. અરજ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! તે શું કહેતા હતા ? તો ફરમાવ્યું કે તે કહ્યા કરતા હતા .

اَللّٰهُمَّ اِنِّىْ اَسْتَغْفِرُكَ لِمَا تُبْتُ اِلَيْكَ مِنْهُ ثُمَّ عُدْتُّ فِيْهِ وَاَسْتَغْفِرُكَ لِمَا اَعْطَيْتُكَ مِنْ نَفْسِىْ ثُمَّ لَمْ اُوْفِ لَكَ بِهٖ وَاَسْتَغْرُكَ لِلنِّعَمِ الَّتِىْ اَنْعَمْتَ بِهَا عَلَىَّ فَتَقَوَّيْتُ بِهَا عَلٰى مَعَاصِيْكَ وَاَسْتَغْفِرُكَ لِكُلِّ خَيْرٍ اَرَدْتُّ بِهٖ وَجْهَكَ فَخَالَطَنِىْ فِيْهِ مَالَيْسَ لَكَ اَللّٰهُمَّ لَاتُخْزِنِىْ فَاِنَّكَ بِىْ عَالِمٌ وَلَا تُعَذِّبْنِىْ فَاِنَّكَ عَلَىَّ قَادِر

અય મારા ખુદા ! હું તારાથી માફી અને બખ્શીશ ચાહું છું તે ગુનાહોની જેની મેં તારી સામે તોબા કરી હોય, ફરીવાર તે જ ગુનોહ કર્યો હોય, અને હું તારાથી માફી અને બખ્શીશ ચાહું છું, તે વાયદા વિષે જે મેં મારી જાત તરફથી તારી સાથે કર્યો હોય, અને પછી મેં તેને પુરો ન કર્યો હોય, અને હું તારાથી માફી અને બખ્શીશ ચાહું છું, તે નેઅમતો વિષે જેની શકિત અને તાકાત મેળવ્યા પછી તારી નાફરમાનીઓ કરી હોય, અને તારાથી માફી અને બખ્શીશનો સવાલ કરૂં છું, દરેક તે નેકી વિષે જે મેં તારી ખુશી મેળવવાની નિય્યતે કરવા ઈચ્છી, પછી તેમાં તારા સિવાય બીજી વાસનાઓનું મિશ્રણ થઈ ગયું હોય, અય મારા અલ્લાહ ! મને (બીજાઓ સામે) જલીલ ન કરજે, બેશક તું ખૂબ જાણે છે, તારાથી મારો કોઈ ભેદ છુપાયલો નથી. અને (મારા ગુનાહો પર) મને અઝાબ ન આપો, તને મારા ઉપર દરેક પ્રકારની કુદરત અને શકિત મળેલી છે.

———————————————————————

# ઈસ્લામ અને વાયરસ

*—— એહમદહુસેન ઉમર ગાઝી*

---

આજે દુનિયા જે પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છે, તેવું અને તેનાથી વધુ ભયાનક દુનિયા જોઈ ચુકી છે. હઝરત ઉમર (રદિ.)ના જમાનામાં પ્લેગ ફેલાયો હતો અને તેણે એવું સ્વરૂપ ધારણ કર્યુ કે કેટલીક જગ્યાએ ૩/૪ (ત્રણ ચતુર્થાંશ) લોકો મૃત્યુ પામ્યા હતા. જાતે હઝરત અનસ (રદિ.)ના ૮૩ સંતાનો મૃત્યુ પામ્યા હતા. ત્યાર પછી પણ વિશ્વમાં અનેક વખતે પ્લેગ, મહામારી અને આવી અનેક કુદરતી આફતો આવી છે અને તેમાં હજારોની સંખ્યામાં લોકો મૃત્યુ પામ્યા છે. છતાં આટલો શોર થયો નથી. તેના અનેક કારણો છે.

વિશ્વમાં જે કંઈ થઈ રહયું છે તે બધુ અલ્લાહ તઆલા તરફથી છે. તે એક મુસલમાનનું યકીન છે. દુનિયા કસોટીની જગ્યા છે. અલ્લાહ તઆલા દુનિયામાં સત્ય અને અસત્યને અલગ કરવા માંગે છે. આ અલ્લાહ તઆલાની શકિતનો એક કરિશ્મો છે. અલ્લાહની શકિતના મુકાબલામાં કોઈ શકિત ટકી છે અને ન ટકશે. અલ્લાહ તઆલા તરફથી જે હાલાત આવે છે તે બંદાના કરેલા કાર્યોનું પરિણામ છે.

હવે વિશ્વ સ્વીકારે છે કે વાયરસ ફેલાય છે અને તેની અસરો જોવા મળે છે. હાલાંકે તે નરી આંખે જોઈ શકતા નથી. ખાસ મશીનો દ્વારા જોઈ શકાય છે. પરંતુ આખુ વિશ્વ જોયા વગર સ્વીકારી રહયું છે કે વાયરસ હવા, પાણી અને એક બીજાના સહવાસથી ફેલાય છે. તેનાથી લોકોમાં ભય અને ડરનો માહોલ જોવા મળે છે.

અલ્લાહ તઆલા કુર્આનમાં ફરમાવે છે : "પણ તે લોકો તે વડે અલ્લાહના હુકમ સિવાય કોઈને નુકસાન પહોંચાડી શકતા ન હતા. અને તે યહૂદીઓ એવું (મંત્ર) શિખતા જે તેઓને નુકસાનકારક હતું. (સૂ.બકરહ:૧૦૨)

બીજી જગ્યાએ ફરમાવ્યું : " અને જયારે હું બિમાર પડું છું તો તે જ મને તંદુરસ્ત કરે છે. " (સૂરએ શુઅરા : ૮૦)

આગળ ફરમાવ્યું : અને કુર્આનમાં અમે એવી વાતો ઉતારીએ છીએ કે તે ઈમાનવાળાઓ માટે શિફા અને રહમત છે, પરંતુ અન્યાયીઓને તો એનાથી ઊલટુ નુકસાન જ થાય છે. (સૂરએ બની ઈસ્રાઈલ: ૮૨)

ઉપરોકત આયતોથી માલુમ થયું કે તંદુરસ્તી આપનારો તો અલ્લાહ તઆલા જ છે. પરંતુ જે સાવચેતીઓ બતાવવામાં આવે છે તે તવક્કુલની વિરૂધ્ધ નથી. બલકે આજે જે સાવચેતીઓ સરકાર બતાવે છે તે બધી તાલીમ આપણા ધર્મમાં પહેલાથી જ છે. દરેક મુસલમાનને વુઝૂ કરવાનો એક તરીકો બતાવવામાં આવ્યો છે. પાંચ વખતનો નમાઝી ઓછામાં ઓછું પાંચ વખતે વુઝૂ કરશે. અને તેમાં દરેક અવયવોને ત્રણ ત્રણ વખતે ધોવા સુન્નત છે.

વુઝૂ શરૂ કરતા પેહલા ત્રણ વખત કાંડા સુધી હાથ ધોશે, પછી જયારે હાથ ધોવાનો નંબર આવશે તો ફરી ત્રણ વખત ધોશે. વુઝૂમાં એક છે નાકની નરમ હાડકી સુધી પાણી પહોંચાડવું. તેમાં ચહેરાને સારી રીતે ઘસીને ધોવો. જો ચહેરાની એલર્જીનો રોગી જો ચહેરાને વુઝૂ વખતે સારી રીતે ધુએ તો એલર્જીના નુકસાનો ઓછા થઈ જશે. કાનોનો મસહ કરીને કાનને સાફ કરવામાં આવે.

ઈસ્લામમાં સવારે ઉઠતાની સાથેથી રાત્રે સુતા સુધીમાં અનેક વખતે મિસ્વાક કરવું સુન્નત છે. તેનાથી દાંત અને જીભ બરાબર સાફ કરવા. કોઈને બગાસું આવે તો પોતાનો હાથ ચહેરા પર મુકવો. હુઝૂર (સલ.) એ બગાસા વખતે ડાબા હાથથી રોકવાનો હુકમ આપ્યો છે. કોઈને છીંક આવે તો સીધા લોકો સામે ન છીંકે. બલકે એક તરફ થઈને કોઈ કપડું કે રૂમાલ પોતાના ચહેરા પર મુકીને છીંકે, છીંકની અવાજ ધીમી કરવાની કોશિશ કરે. આ બધા આદાબ અને સુન્નતો છે. આ આપણો ધર્મ છે.

દરેક જગ્યાએ ન થુંકે, આવા કિસ્સામાં ઘણી વખત એમાંથી જીવાણુઓ અને બેકટેરિયાના ફેલાવાથી બીજી વ્યકિતઓના સ્વાસ્થયને

નુકસાન પહોંચે છે. ગમે ત્યાં પેશાબ ન કરે. હુઝૂર (સલ.) એ દરમાં પેશાબ કરવાની મનાઈ ફરમાવી છે. છાંયડાવાળા વૃક્ષની નીચે પેશાબ ન કરવી. છાંયડાવાળી દિવાલ અથવા રસ્તાની વચ્ચે પેશાબ ન કરવી જોઈએ.

રસ્તમાં કચરો ન નાંખે, હુઝૂર (સલ.) એ એ જમાનામાં ફરમાવ્યું : જયારે ઊંટ, ઘોડા, ખચ્ચર, ગધેડા વગેરે પ્રાણીઓ સવારી માટે વપરાતા હતા., ફરમાવ્યું : તમારા આંગણાને સ્વચ્છ રાખો. સ્વભાવિક છે કે આ પ્રાણીઓ ગંદકી કરે છે, તો તેને સાફ કરવાની તાકીદ કરી, આજે સરકારી અધિકારીઓ પ્રેકટિકલ કરીને બતાવે છે. ટ્રાફિક પોલસવાળા પબ્લિકને ઊભી રાખીને બતાવે છે આ રીતે હાથ ધુઓ. આ તો આપણો ધર્મ પહેલાથી જ બતાવે છે.

ઉપરોકત સાવચેતીઓ માત્ર વાયરસ ફેલાય ત્યારે જ કરવાની નથી. સમગ્ર જીવન આ પ્રમાણે વિતાવવું જોઈએ, પરંતુ જો આ બધી સાવચેતીઓ પછી પણ કોઈનું મૃત્યુ થાય છે તો ગભરાવવાની જરૂરત નથી. અલ્લાહ તઆલા ફરમાવે છે : "આપ ફરમાવી દો કે અલ્લાહે અમારા માટે જે તકદીરમાં લખી દીધું છે તે સિવાય અમને કદી કંઈ નુકસાન નહીં પહોંચે. તે જ અમારો માલિક છે અને ઈમાનવાળાઓએ તો અલ્લાહ પર જ ભરોસો રાખવો જોઈએ. (સૂરએ તવબહ : ૫૧)

અંતમાં...

અફવાઓ ન ફેલાવીએ, અલ્લાહ તઆલા તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે, મસ્જિદોને આબાદ કરવામાં આવે તૌબા અને ઈસ્તિગ્ફાર વધુ માત્રામાં કરવામાં આવે અને દુઆ કરવામાં આવે કે આવી કુદરતી આપત્તિઓ સમયે અલ્લાહ તઆલા પર ઈમાન મજબુત રાખે. ઉપરાંત સમગ્ર માનવજાતિનો ભલાઈ, હમદર્દીનો વિચાર કરવામાં આવે.

———————————

# ઇસ્લામમાં સ્ત્રીનો વારસાધિકાર

*—— હઝ. મવ. ખાલિદ સયફુલ્લાહ સા. દા.બ.*

ઈસ્લામ પૂર્વે વિશ્વભરના સમુયદાયો, સંસ્કૃતિઓ, સમાજો અને ધર્મોમાં સ્ત્રીને વારસદાર તરીકે ગણવામાં આવતી ન હતી. બલકે અમુક સમાજ અને પ્રદેશોમાં તો સ્ત્રી પોતે જ માલ અને વારસો ગણાતી હતી અને પુરૂષ વારસદારો એને માલ તરીકે વહેંચતા હતા.

આરબોમાં રિવાજ હતો કે જે લોકો કબીલા અને કુટુંબનું રક્ષણ કરી શકે, અને લડવાની કાબેલિયત ધરાવતા હોય એ જ વારસદાર ગણાય. યહૂદીઓમાં બધો જ માલ પહેલા દીકરાનો હક ગણાતો હતો. હિંદુઓમાં સ્ત્રીને કોઈ વારસો મળતો ન હતો. છેક ઓગણીસમી સદી સુધી યુરોપમાં પણ સ્ત્રીને વારસાઈમાં કોઈ હિસ્સો આપવામાં આવતો ન હતો. સહુપ્રથમ ઈસ્લામ દ્વારા જ પુરુષોની જેમ સ્ત્રીઓને વારસામાં હકદાર ગણવામાં આવી. બાપની જેમ માં, બેટાની જેમ બેટી, ભાઈની જેમ બહેન, પતિની જેમ પત્નિ.. વગેરે.. આજે આખી દુનિયામાં સ્ત્રીને જે વારસદાર ગણવામાં આવે છે, એ બધાનું મુળ ઈસ્લામી શરીઅત જ છે.

વારસા વહેંચણીના ઈસ્લામી નિયમ મુજબ જોઈએ તો અમુક વારસદારો કાયમી સ્થાન ધરાવનાર છે. એટલે કે કોઈ પણ સ્થિતિમાં તેઓ વારસાઈથી વંચિત નથી થતા. આવા વારસદારો છ પ્રકારના છે. ત્રણ પુરૂષો છે : પિતા, પુત્ર અને પતિ. અને ત્રણ સ્ત્રીઓ છે : માં, પુત્રી, પત્નિ.

વારસાઈમાં બીજું મહત્વનું સ્થાન એવા વારસદારોનું છે જેમનો અલ્લાહ તઆલાએ કોઈ નક્કી હિસ્સો વર્ણવ્યો છે. એમાં પુરૂષો કરતાં સ્ત્રીઓ વધારે છે. પુરૂષના છ પ્રકારે હિસ્સા નક્કી કરવામાં આવ્યા છે. અને સ્ત્રીના ૧૭ પ્રકારે હિસ્સા નક્કી કરવામાં આવ્યા છે.

૧. બે તૃતીયાંશ :

= બે અથવા વધારે ફકત પુત્રીઓ હોય તો.

= બે અથવા વધારે ફકત પૌત્રીઓ હોય તો.

= બે અથવા વધારે ફકત સગી બહેનો હોય તો.

= બે અથવા વધારે બાપજણી બહેનો હોય તો.

૨. અર્ધો ભાગ :

= ફકત એક પુત્રી હોય તો.

= ફકત એક પોત્રી હોય તો.

= ફકત એક સગી બહેન હોય તો.

= ફકત એક બાપજણી બહેન હોય તો.

૩. એક તૃતીયાંશ :

= માં.

= માં જણી બહેન.

૪. છઠ્ઠો ભાગ.

= માં.

= દાદી.

= પૌત્રી.

= બાપ જણી બહેન.

= માં જણી બહેન.

૫. એક ચતૃર્થાંશ. (ચોથો ભાગ)

= ફકત પત્નિ હોય તો.

૬. આઠમો ભાગ.

= પત્નિ. બાળકો સાથે હોય તો.

આમાં નોંધ કરવા જેવી બાબત આ છે કે બે તૃતીયાંશ વારસાઈની માલિક સ્ત્રી જ છે, કોઈ પણ પુરૂષ વારસદારને આટલો બધો વારસો મળતો નથી. જયારે અડધો વારસાઈનો માલ પુરૂષને ફકત એક જ સ્થિતિમાં મળે છે, પતિને જયારે કે મરનાર પત્નિની અવલાદ ન હોય.

સ્ત્રી અને પુરૂષને મળતા વારસાઈ માલની માત્રાને સામે રાખીને જોઈએ તો સ્ત્રીઓનો હિસ્સો ચાર પ્રકારે હોય શકે છે.

૧. વારસદાર સ્ત્રીનો હિસ્સો એના સમકક્ષ પુરૂષ કરતાં અડધો હોય.

૨. વારસદાર સ્ત્રીનો હિસ્સો એના સમકક્ષ પુરૂષ જેટલો જ હોય.

૩. વારસદાર સ્ત્રીનો હિસ્સો એના સમકક્ષ પુરૂષ કરતાં વધારે હોય.

૪. સ્ત્રીને વારસદાર ગણવામાં આવે પણ સમકક્ષ પુરૂષને વારસદાર ગણવામાં ન આવે.

એમ તો આ બધું સમજવું લાંબી વિગતનું કામ છે. છતાં અત્રે આ બાબતે ટુંકમાં અમુક સૂરતો દર્શાવવામાં આવે છે.

## સ્ત્રીનો હિસ્સો અડધો (પુરૂષનો બમણો)

પોતાના સમકક્ષ પુરૂષ વારસદાર કરતાં સ્ત્રીને અડધો હિસ્સો મળતો હોય અને પુરૂષને બમણો.. એવી સ્થિતિઓ નીચે મુજબની હોય શકે છે.

૧. પુત્રો સાથે પુત્રી. એટલે કે મરનાર પુત્રો સાથે પુત્રીઓ હોય. જેમ કે મરનાર માણસ એની પાછળ એક પુત્ર અને એક પુત્રીને છોડી જાય, અને ૩ લાખ રૂ.નો માલ હોય તો એક લાખ પુત્રીને મળશે અને બે લાખ પુત્રને મળશે.

૨. બાપ સાથે માં. એટલે કે મરનારની પાછળ એના પિતા અને માતા, બન્ને હયાત હોય. અને કોઈ અવલાદ કે પત્નિ ન હોય તો... આવી સ્થિતિમાં માં ને એક તૃતીયાંશ મળશે અને બાકીનો માલ એટલે બે તૃતીયાંશ બાપને મળશે.

૩. સગી બહેન અથવા બાપજણી બહેન. એટલે કે મરનારની પાછળ બહેન પોતાના સગા ભાઈ સાથે અથવા બાપજણયા ભાઈ સાથે વારસદાર બને. અને મરનારના કોઈ માં – બાપ, પત્નિ અને અવલાદ ન હોય. ફકત આ ભાઈ – બહેન જ હોય. આ સ્થિતિમાં બહેન કરતાં ભાઈનો હિસ્સો બમણો હોય છે. જેમ કે મરનારની પાછળ એક સગોભાઈ અને એક સગી બહેન જ હયાત છે તો ભાઈને બે તૃતીયાંશ અને બહેનને એક તૃતીયાંશ વારસો મળશે.

૪. પત્નિોનો હિસ્સો પતિ કરતાં અડધો અને શોહરનો હિસ્સો પત્નિ કરતાં બમણો. એટલે કે પત્નિ મરી જાય અને કોઈ અવલાદ ન હોય તો પત્નિએ છોડેલા માલમાંથી અડધો માલ એના પતિને મળશે. અને અવલાદ હોય તો ચતુર્થાંશ મળશે. એનાથી વિપરિત પતિ મરી જાય અને અવલાદ ન હોય તો પત્નિને ચતુર્થાંશ મળે અને અવલાદ હોય તો આઠમો ભાગ મળે.

## પુરૂષો સમાન હિસ્સો

સ્ત્રી અને પુરૂષનો ભાગ સરખો હોય છે એવા અમુક સંજોગો..

૧. મરનાર માતા – પિતા અને પુત્ર હોય તો માતા – પિતા બન્નેને છઠ્ઠો

ભાગ સમાન રીતે મળશે. એવી જ રીતે મરનારની પાછળ માતા – પિતા અને બે પુત્રીઓ હોય તો માતા – પિતાને છટ્ઠો ભાગ મળશે અને બાકીના બે તૃતીયાંશ પુત્રીઓને મળશે. કોઈ સ્ત્રી પોતાની પાછળ પતિ, માતા – પિતા અને એક પુત્રી છોડીને મરે ત(ો માતા – પિતાને સમાન રીતે છટ્ઠો ભાગ મળશે.

૨. મા જણ્યા ભાઈ બહેનને સમાન રીતે હિસ્સો મળશે. જેમ કે કોઈ મરનાર ખાતૂન પાછળ એનો પતિ, માતા, અને એક માં જણ્યો ભાઈ હોય, અથવા એક મા જણી બહેન હોય તો એમને છટ્ઠો ભાગ મળશે અને પતિ – માતા સાથે મા જણ્યા ભાઈ – બહેન બન્ને હોય તો એક તૃતીયાંશમાં બન્ને સમાન રીતે હકદાર થશે એટલે બન્નેને છટ્ઠો હિસ્સો મળશે.

૩. એવા ઘણા સંજોગોમાં જયારે મરનારની પાછળ એનો ફકત કોઈ એક જ વારસદાર હોય, ચાહે સ્ત્રી હોય કે પુરૂષ, બધો માલ એને જ મળે છે. જેમ કે, મરનારની પાછળ ફકત બાપ, પુત્ર, ભાઈ, પતિ, મામા, કાકા, કોઈ એક જ વારસદાર હોય, અથવા ફકત માતા, પુત્રી, બહેન, પત્નિ, ફોય, માસી, કોઈ એક જ વારસદાર હોય... દાખલા તરીકે કોઈ મરનારની પાછળ ફકત એનો એક દીકરો જ વારસદાર હોય તો બધો વારસો એને મળશે. આવી જ રીતે મરનારની પાછળ ફકત એની એક દીકરી જ વારસદાર હોય તો બધો જ વારસો એને મળશે.

૪. કોઈક વેળા સગી બહેન અને સગા ભાઈનો હિસ્સો પણ સમાન હોય છે. (સામાન્ય સંજોગોમાં ઉપર જણાવ્યા મુજબ ભાઈનો હિસ્સો બમણો હોય છે.) જેમ કે મરનાર ખાતૂન પાછળ પતિ અને એક ભાઈ / અથવા એક બહેન વારસદાર હોય તો મરનારનો અડધો માલ પતિને અને અડધો માલ ભાઈને મળશે.

મરનાર ખાતૂન પાછળ પતિ, એક પુત્રી અને એક સગો ભાઈ હોય તો પતિને ચોથો ભાગ, પુત્રીને અડધો ભાગ અને બાકી રહેલ ચોથો ભાગ ભાઈને મળશે, અને ભાઈના બદલે બહેન હોય તો એ જ બાકી રહેલ ચોથો ભાગ બહેનને મળશે.

અમુક સંજોગોમાં તો મરનારનો સગો અને માં જણી બહેન સમાન

હિસ્સાના હકદાર બને છે. જેમ કે મરનાર ખાતૂન પાછળ પતિ, માતા, સગો ભાઈ અને એક મા જણી બહેન હોય તો.. પતિને અડધો માલ, છટ્ઠો ભાગ માતાને, અને ઉપરોકત ભાઈ બહેનને સમાન રીતે અલગ અલગ છટ્ઠો ભાગ મળશે. હાલાંકે મરનાર પ્રતિ સગાઈમાં બન્ને ભાઈની સગાઈ વધારે નિકટની અને વધારે મજબૂત છે.

ઉપરોકત અમુક ઉદાહરણો એવા હતા જેમાં સ્ત્રીને પુરૂષ સમાન ભાગ મળે છે. ઉપરાંત એવી પણ અનેક સ્થિતિઓ છે જેમાં સ્ત્રીને પુરૂષ કરતાં વધારે મળે છે. નીચે આવી અમુક સ્થિતિઓ વર્ણવવામાં આવે છે.

## સ્ત્રીનો ભાગ પુરૂષ કરતાં વધારે

૧. મરનાર સ્ત્રી પાછળ પતિ, પિતા, માં, અને બે પુત્રીઓ હોય... અને માની લઈએ કે ૬૦ લાખ રૂ. નો માલ છે, તો પતિને ૧૨ લાખ, માતા – પિતાને ૮ – ૮ લાખ (૧૬ લાખ) અને બન્ને પુત્રીઓને ૧૬ – ૧૬ લાખ (૩૨ લાખ) મળશે. આ જ સૂરતમાં બે પુત્રીઓના બદલે બે પુત્રો હોય તો પતિને ૧૫ લાખ. માતા – પિતાને ૧૦ – ૧૦ લાખ (વીસ લાખ) અને બન્ને પુત્રોને ૧૨.૫ – ૧૨.૫ લાખ (૨૫ લાખ) મળશે.

કોઈ મરનાર ખાતૂનના વારસદારોમાં પતિ, માતા અને સગી બહેનો હોય, અને માની લઈએ કે ૪૮ લાખ રૂ.નો માલ છોડયો છે તો શોહરને ૧૮ લાખ, માતાને ૬ લાખ અને બન્ને બહેનોને ૧૨ – ૧૨ લાખ મળશે. આ જ સૂરતમાં બે બહેનોના બદલે બે ભાઈઓ હોય તો પતિને ૨૪ લાખ. માતાને ૮ લાખ અને બન્ને ભાઈઓને ૮ – ૮ લાખ (કુલ ૧૬ લાખ) મળશે.

૨. અમુક સંજોગોમાં વારસદાર સ્ત્રીને મરનારના અડધા માલની વારસદાર કરાર દેવામાં આવી છે, અને એના સમકક્ષ પુરૂષને એનાથી ઓછો ભાગ મળે છે. જેમ કે કોઈ મરનાર ખાતૂન પાછળ પતિ, પિતા, માતા અને એક પુત્રી હોય, અને માની લઈએ કે મરનારે એક કરોડ છપ્પન લાખ માલ છોડયો છે તો પતિને ૩૬ લાખ, પિતાને ૨૪ લાખ, માતાને ૨૪ લાખ, અને પુત્રીને ૭૨ લાખ રૂા. વારસાઈ મળશે. આ જ સૂરતમાં એક પુત્રીના બદલે પુત્ર હોય તો એને ૬૫ લાખ મળશે અને પતિને ૩૯ લાખ, પિતાને ૨૬ લાખ, માતાને ૨૬ લાખ મળશે.

અમુક સ્થિતિઓમાં તો સમકક્ષ સ્ત્રી – પુરૂષના હિસ્સામાં સ્ત્રીને પુરૂષ કરતાં ઘણો વધારે માલ મળે છે. જેમ કે મરનાર સ્ત્રી પાછળ પતિ, માતા અને સગી બહેન હોય, અને માની લઈએ કે ૪૮ લાખ રૂ.નો માલ છે તો પતિને ૧૮ લાખ, માતાને ૧૨ લાખ, સગી બહેનને ૧૮ લાખ મળશે. આ જ સૂરતમાં બહેનના બદલે ભાઈ હોય તો એને ફકત ૮ લાખ મળશે, પતિને ૨૪ લાખ અને માતાને ૧૬ લાખ મળશે.

૩. અમુક સ્થિતિઓમાં સ્ત્રી માટે નક્કી કરવામાં આવેલ એક તૃતીયાંશ હિસ્સો પણ પુરૂષના હિસ્સા કરતાં વધારે હોય છે. જેમ કે કોઈ મરનાર માણસ પાછળ પત્નિ, માતા, બે સગા ભાઈઓ અને બે માં જણી બહેનો હોય, અને માની લઈએ કે મરનારે ૪૮ લાખ છોડયો છે, પત્નિે ૧૨ લાખ, માતાને ૮ લાખ, બન્ને મા જણી બહેનોને ૮ – ૮ લાખ (૧૬ લાખ રૂ.) મળશે અને બન્ને ભાઈઓને ૬ – ૬ લાખ (૧૨ લાખ) મળશે.

અને કોઈ મરનાર સ્ત્રીના વારસદારોમાં પતિ, બે મા જણી બહેનો અને બે સગા ભાઈઓ હોય અને છોડેલો માલ ૬૦ લાખ હોય તો પતિને ૩૦ લાખ, બન્ને બહેનોને ૧૦ – ૧૦ (૨૦ લાખ) અને બન્ને ભાઈઓને ૫ – ૫ (૧૦ લાખ) મળશે.

૪. અમુક સ્થિતિઓમાં કુરઆનમાં સ્ત્રીનો છઠ્ઠો હિસ્સો નક્કી કરવામાં આવ્યો છે, અને એ પણ એના સમકક્ષ પુરૂષ વારસદાર કરતાં વધારે હોય છે. જેમ કે માં જણી બહેનનો છઠ્ઠો હિસ્સો નક્કી છે. અને કોઈ મરનાર ખાતૂન પાછળ પતિ, માતા, એક મા જણી બહેન અને બે સગા ભાઈઓ હોય તો ૬૦ લાખ માલમાંથી મા જણી બહેનને દસ લાખ મળશે. અને બન્ને ભાઈઓને ૫ – ૫ લાખ (કુલ ૧૦ લાખ) મળશે. પતિને ૩૦ લાખ અને માતાને ૧૦ લાખ મળશે.

આવી બીજી પણ અનેક સ્થિતિઓમાં સ્ત્રીને મળનાર વારસો એના સમકક્ષ પુરૂષ કરતાં વધારે હોય છે.

### ફકત સ્ત્રી જ વારસદાર બને

અમુક એવી સ્થિતિઓ પણ બને છે, જયારે સ્ત્રી વારસદાર ગણાય છે, પણ એના સમકક્ષ પુરૂષને વારસદાર ગણવામાં આવતો નથી. જેમ કે,

૧. મરનાર સ્ત્રી પાછળ પતિ, પિતા, માતા, પુત્રી અને પૌત્રી વારસદાર હોય તો પૌત્રીને છઠ્ઠો ભાગ મળશે, પણ એના સ્થાને જો પોત્ર હોત તો એને કંઈ પણ નહીં મળે.

૨. કોઈ ખાતૂનના મૃત્યુ પછી પતિ, સગી બહેન અને બાપ જણી બહેન વારસદાર તરીકે હોય તો બાપ જણી બહેનને છઠ્ઠો ભાગ મળશે પણ એના સ્થાને જો બાપ જણ્યો ભાઈ હોય તો એને કંઈ નહીં મળે.

આ ઉપરાંત પણ અમુક સંજોગો એવા બને છે જેમાં સ્ત્રીને વારસાઈ હિસ્સો મળે છે, પણ એના સમકક્ષ પુરૂષને વારસો મળતો નથી.

## ***સ્ત્રીને ઓછો હિસ્સો કયારે અને એવું કેમ ?***

મરનારના રિશ્તેદારોમાં માતા – પિતા, પુત્ર – પુત્ર અને પતિ – પત્નિની સગાઈ ધરાવતા લોકો દરેક સ્થિતિમાં વારસદાર બને જ છે. આ કાયમી વારસદારોમાં પુરૂષોનો હિસ્સો વધારે અને સ્ત્રીનો હિસ્સો ઓછો કે અડધો હોય છે. પરંતુ એનું કારણ જાતીય – લૈંગિક તફાવત નથી. બલકે જવાબદારીઓ મુજબ, જેની જવાબદારી વધારે એને વધારે હિસ્સો આપવામાં આવ્યો છે. અને જેની જવાબદારી ઓછી હોય એને ઓછો હિસ્સો આપવામાં આવ્યો છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એક હદીસ શરીફમાં આ સિદ્ધાંત વર્ણવતાં ફરમાવે છે : الخراج بالضمان એટલે કે જેને માથે નુકસાન આવવવાનું હોય તો ફાયદો આવે તો એ પણ એને જ મળશે. (અબૂદાવૂદ શરીફ)

ટઆ આધારે જો સ્ત્રી અને પુરૂષની જવાબદારીઓની સમીક્ષા કરવામાં આવે આ તફાવતની બુનિયાદ – સાર્થકતા સારી રીતે સમજમાં આવી જાય છે.

ઈસ્લામી શરીઅત મુજબ પુરૂષ ઉપર પોતાના ભરણપોષણની જવાબદારી છે. પત્નિના ભરણપોષણની જવાબદારી પણ એના (પતિ) ઉપર છે. અવલાદનું પાલન, ભરણ – પોષણ, અને શાદી કરાવવી પણ પુરૂષના માથે છે. એટલે સુધી કે પત્નિ એના નવજાત બાળકને દૂધ ન પીવડાવી શકતી હોય તો દૂધની બીજી વ્યવસ્થા પણ પુરૂષના શિરે છે. માતા – પિતા, શાદી ન થઈ હોય એવા ભાઈઓ, યતીમ ભાઈઓ, વિધવા કે તલાકશુદા બહેનોની જવાબદારી પણ સામાન્ય પણે ભાઈના શિરે આવે છે. બચરવાળ અવલાદ

મરી જાય તો પોત્રા – પોત્રીઓનું ભરણ પોષણ પણ એના શિરે આવે છે. આવી બધી જ નાણાકીય જવાબદારીઓ પુરૂષના માથે જ નાખવામાં આવી છે. સ્ત્રીઓ ઉપર આવી જવાબદારીઓ ઓછી છે, બલકે સ્ત્રી ઉપર તો એના પોતાના ભરણ – પોષણ અને ખાવા – પીવાની જવાબદારી પણ નાખવામાં નથી આવી. આ આધારે જોવામાં આવે તો પુત્ર – પુત્રી અને પતિ – પત્નિ અને માતા – પિતા વચ્ચે વારસા વહેંચણીમાં રાખવામાં આનાથી પણ વધારે તફાવત હોવો જોઈતો હતો. અલબત્ત સ્ત્રીઓની કમઝોરી સામે રાખીને એમનો વધારે ખ્યાલ રાખવામાં આવ્યો અને સ્ત્રી – પુરૂષના હિસ્સાઓમાં તફાવત ઓછો રાખવામાં આવ્યો છે.

આ બાબતને એક બીજી રીતે પણ સમજી શકીએ છીએ.

શરીઅતમાં માતા – પિતાનું મહત્વ – સ્થાન, અવલાદ કરતાં વધારે ઊંચું છે. એનો તકાઝો એ હતો કે કોઈ માણસના મૃત્યુ વેળા એના માતા – પિતા અને બાળ – બચ્ચાં પણ હયાત હોય તો માતા – પિતાને વધારે વારસો મળે, પરંતુ વારસા વહેંચણીના નિયમો મુજબ મરનાર માતા – પિતાને ઓછો માલ આપવામાં આવ્યો છે. કેમ કે માતા – પિતાની જવાબદારીઓ હવે પૂરી થઈ રહી છે, અને અવલાદ જવાબદારીઓના મેદાનમાં આવી રહી છે, એટલે અવલાદનો હિસ્સો વધારે રાખવામાં આવ્યો અને માતા – પિતાનો હિસ્સો ઓછો.

ખુલાસો આ છે કે વારસાઈના નિયમોનો એક મોટો આધાર ભરણ – પોષણની જવાબદારી ઉપર છે. જેમની જવાબદારીઓ વધારે એમનો હિસ્સો પણ વધારે.. અને જેમની જવાબદારીઓ ઓછી એમનો હિસ્સો પણ ઓછો.. અને આ નિયમના ન્યાય સંગત હોવાનો કોઈ ઈન્કાર નથી કરી શકતું.

# ઇમામ યહયા બિન શર્ફ શાફેઈ નવવી રહ.

યહયા બિન શર્ફ નામ, મુહયુદ્દીનનો લકબ, અબૂ ઝકરિયા કુન્નિયત, દમાસ્કસ (દમિશ્ક) પાસેના એક ગામ 'નવા'માં પેદા થયા એટલે 'નવવી' કહેવાતા, 'ઈમામ નવવી' મહાન મુહદ્દિષ અને ફકીહ છે. ફિકહી એતેબારથી શાફેઈ મસ્લકને માનતા હતા અને શાફેઈ વિદ્વાનોમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે. હનફી વિદ્વાનોમાં જે સ્થાન અલ્લામા શામી રહ.નું છે કઈક એવું જ સ્થાન શાફેઈ ઉલમા દરમિયાન ઈમામ નવવી રહ.નું છે.

આજે એમના જ્ઞાન – ઈલમનો જે વારસો આપણી પાસે છે એ જોતાં એવું લાગે છે કે પહેલાં તો લાંબો સમય એમણે ઈલ્મ પ્રાપ્તિમાં પસાર કર્યો છે, વરસો સુધી દેશ – દેશાવર ફર્યા હશે અને જ્ઞાનની તરસ છીપાવી હશે, પણ સાચી વાત આ છે કે ફકત ૪૪–૪૫ વરસની ઉમર આપને મળી હતી. માહે મુહર્રમ ૬૩૧ મુતાબિક ૧૨૩૩ ઈ. માં પેદા થયા. અને ફકત ૪૪– ૪૫ વરસની ઉમરે ૬૭૬ હિ. ૧૨૭૮ ઈ. વફાત પામ્યા. બલકે એમના વાલિદ શર્ફ પુત્રની વફાતના નવ વરસ પછી વફાત પામ્યા.

પિતા શર્ફ એક દુકાનદાર હતા, પણ ઘણા નેક અને પરહેઝગાર હતા. હલાલ રોઝીનું નૂર ઘરમાં અંદર અંદર જ અસર કરી રહયું હતું. 'યહયા' સાત વરસના હતા ત્યારે સત્તાવીસમી રમઝાનની રાત્રે અચાનક ઉઠયા અને પિતા 'શર્ફ'ને ઉઠાડીને કહે છે કે જુઓ આ બધું અજવાળું શેનું છે ? પિતા કહે છે કે અમે બધા જ ઉઠી ગયા પણ અમને તો કંઈ દેખાયું નહીં, પણ પછી સમજાયું કે એ શબેકદ્રનું નૂર હતું જે આ માસૂમ બાળકને દેખાયું હતું.

દસ વરસની ઉમરે પિતાએ એમને દુકાને બેસાડી દીધા. પણ એમને દુકાનદારી કરતાં કુરઆન પઢવાનો વધારે શોખ હતો. આ જ દિવસોમાં એક બુઝુર્ગ શેખ યાસિન બિન યૂસુફ મરાકશી એમના ગામમાંથી પસાર થયા, રસ્તામાં એમણે જોયું કે બધા બાળકો એક બાળકને રમવા માટે મજબૂર કરી રહયા છે પણ એણે રમવું નથી, એ પરેશાન થઈને રડે છે એ એક તરફ બેસીને કુરઆન પઢવા ચાહે છે. શેખ યાસીન ઘણા પ્રભાવિત થયા, પૂછપરછ કરીને આ બાળકના મકતબના ઉસ્તાદ પાસે આવ્યા અને કહયું કે તમે આ બાળકની સારી તરબિયત કરો. એને ઈલ્મે દીન શીખવાડો. એક સમય આવશે કે આ

બાળક ઉચ્ચ કક્ષાનો વિદ્વાન અને સૌથી મહાન આલિમ હશે. ઉસ્તાદે શેખ યાસીનને પૂછયું કે તમે ભવિષ્ય ભાખો છો ? એમણે કહયું કે નહીં, પણ અલ્લાહ તઆલાએ આ વાત મારા મોઢે બોલાવી દીધી છે. ઉસ્તાદે આ વાત એમના વાલિદને કહી તો એમણે 'યહયા'ની કુરઆનની તાલીમ ઉપર વધુ ધ્યાન આપવાનું શરૂ કર્યું અને બાલિગ થતાં સુધી કુરઆન પુરું કરી લીધું. પાછળથી શેખ યાસીન રહ.ના હાથ ઉપર જ આપ રહ. બયઅત થયા અને તસવ્વુફની તાલીમ – કેળવણી મેળવી.

૧૮ વરસની ઉમરે વાલિદ એમને લઈને દમાસ્કસ આવ્યા અને સૌ પ્રથમ શેખ તાજુદ્દીન અબ્દુર્રહમાન ફઝારી રહ. પાસેથી ઈલ્મ મેળવવાનું શરૂ કર્યું, રહેવા માટે શેખ તાજુદીને એમને મદરસા રવાહિયા મોકલ્યા. ત્યાં એમને એક નાનકડી ખોલી આપવામાં આવી, અને વફાત સુધી લગભગ બીજા ૨૮ વરસ આ ખોલીમાં જ રહયા. હજ માટે, પોતાના ગામ 'નવા'માં વાલિદૈન અને સગાઓને મળવા માટે કે ઈમામ શાફેઈ રહ.ની કબ્ર ઉપર જવા સિવાય તેઓ દમાસ્કસથી બહાર જ નથી નીકળ્યા. દમાસ્કસ આવીને રોજના ૧૨ અલગ અલગ સબક વિવિધ ઉસ્તાદો પાસે પઢતા હતા. ચા મહીનામાં અબૂ ઈસ્હાક શીરાઝીની કિતાબ 'તંબીહ' આખી મોઢે કરી લીધી હતી.

અને છેલ્લે એવો ઝમાનો આવ્યો કે દમાસ્કસના મશ્હૂર મદરસા 'દારૂલ હદીસ અશરફિયા'ના હદીસના મોટા ઉસ્તાદ, –આજની ભાષામાં શૈખુલ હદીસ– આપને બનાવવામાં આવ્યા.

સ્વભાવે નરમ અને એકાંતપસંદ હતા. વાદવિવાદ અને ચર્ચામાં પડતા ન હતા. અલબત્ત દીન અને શરીઅતની વાતે ઘણા અડગ અને નીડર હતા. હક વાત અને શરીઅતનો સહીહ હુકમ બતાવવામાં કોઈની શેહ – શરમ રાખતા ન હતા. કહે છે કે તે વેળાના સુલતાન ઝહીરુદીન બેબરસ તાતારીઓનો મુકાબલો કરવા લશ્કર તૈયાર કરી રહયા હતા. મોટા પ્રમાણમાં માલ અસબાબની જરૂરત હતી, સલાહકારોએ એને સુચન કર્યું કે માલદાર લોકોનો માલ જબરદસ્તી લઈને લશ્કર માટે વાપરવામાં આવે. સુલતાને આ માટે મુફતીઓ પાસે ફતવા મંગાવ્યા. અુમક ઉલમાએ સુલતાનની મરજી મુજબ હુકમ લખી આપ્યો, પણ ઘણા ઉલમાએ આમ કરવાને નાજાઈઝ કહયું. સુલતાને આ બધા ઉલમાને કતલ કરી દીધા, પછી પૂછપરછ કરી કે હજુ કોઈ

ફતવો આપનાર આલિમ છે ? લોકોએ ઈમામ નવવીનું નામ લીધું. સુલતાને એમને બોલાવ્યા અને આ વિશે હુકમ પૂછયો. ઈમામ નવવી રહ.એ સુલતાનની જાહોજલાલી, ગુલામો અને દાસીઓના સોના ચાંદીના ઘરેણાં અને બીજું બધું વર્ણવીને કહયું કે પહેલાં આ બધું ખર્ચ કરો, પણ ખાલી હાથ થઈ જાઓ ત્યારે કહેજો, હું લોકોનો માલ લેવા વિશે ફતવો આપીશ. સુલતાન આ સાંભળીને નારાજ થઈ ગયો અને દમાસ્કસથી બહાર કાઢી મુકયા. આપ રહ. પોતાના ગામમાં ચાલ્યા ગયા. ત્યાંથી ફરી સુલતાનને નસીહતનો પત્ર લખ્યો. સુલતાન ઘણો ગુસ્સે થયો અને આદેશ કર્યો કે એમના બધા હોદ્દા અને ઈનામો – પગારો બંધ કરી દેવામાં આવે. લોકોએ કહયું કે એમની પાસે કોઈ સરકારી હોદ્દો નથી અને તેઓ એક પાઈનો સરકારી પગાર લેતા નથી. ઈતિહાસકારો લખે છે કે એકવાર સુલતાને એમને પકડીને કતલ કરવાનો ઈરાદો કર્યો પણ ગભરાયને છોડી દીધા. લોકોએ પૂછયું કે કેમ છોડી દીધા તો સુલતાને કહયું કે એમના ખભા ઉપર બે આદમખોર જાનવરો બેસેલા મને દેખાય છે જે મને ખાવા તત્પર હોય એવું લાગે છે. અંતે સુલતાન એમનાથી રાજી થઈ ગયો. લોકોના બાગો અને જમીનો એમને પરત કરી દીધી અને ઈમામ નવવી રહ.નું ઘણું સન્માન કર્યું.

સીરતકારો લખે છે ઘણો જ મુજાહદહ કરતા અને સાદું જીવન જીવતા હતા. એમના વાલિદ તરફથી જે થોડો ઘણો ખાવાનો સામાન મોકલવામાં આવતો એ જ ખાતા. રાત – દિવસમાં એકવાર ફકત રાત્રે જ ખાતા હતા અને સવારે એકવાર પાણી પીતા હતા. ફળો અને ઉમદા ખાણા તો એમણે ખાધા જ નથી એમ કહી શકાય. આ જ ત્યાગ અને મુજાહદહના શોખમાં એવા તલ્લીન રહયા કે જીવનભર શાદી પણ કરી નહીં.

રિયાઝુસ્સાલિહીન, મિન્હાજ શર્હે મુસ્લિમ, બુસ્તાનુલ આરિફીન, મજમૂઅ શર્હે મુહઝઝબ. અરબઈન, અઝકાર, અલમકાસિદ.. વગેરે આપ રહ.ની મશ્હૂર કિતાબો છે.

૨૪ રજબ, ૬૭૬ હિ., ૨૧ ડિસે. ૧૨૭૭ ઈ. મંગળવાર અને બુધની વચ્ચેની રાત્રે આપ રહ.નો ઈન્તેકાલ થયો. અને પોતાના મુળ ગામ 'નવા'માં આપ રહ.ને દફન કરવામાં આવ્યા.

---

# કોરાના વાયરસના બહાને તબ્લીગી મરકઝ અને મુસલમાનોને બદનામ કરવાનું ઘૃણાસ્પદ કાવતરું

*મજલિસે તહફ્ફુજે મદારિસનું નિવેદન*

---

દેશમાં અચાનક અને પૂર્વાયોજન વગર લોકડાઉન જાહેર કરી દેવાથી ઉત્પન્ન થયેલ અફરાતફરીના માહોલમાં તબ્લીગી મરકઝ બંગલાવાલી મસ્જિદ હઝરત નિઝામુદીન દિલ્હીમાં અમુક ભારતીય અને અમુક વિદેશ માણસોના અટવાય જવા અને સરકારી પ્રસાશનની દેખરેખમાં એમને બહાર કાઢવાની બાબતને લઈ મીડીયામાં બિનજરૂરી અને અવસરવાદી રીતે હોબાળો મચાવવામાં આવી રહયો છે. સરકાર અને મીડીયા આ બહાને ઈસ્લામ અને મુસલમાનોને બદનામ કરવાની કોશિશ કરી રહયા છે. જેની અમે બધા મુસલમાનો, નેતાઓ, ઉલમા, વિદ્વાનો, અને સઘળા બુદ્ધિશાળીઓ આકરા શબ્દોમાં ટીકા કરીએ છીએ, અને સંકટની આ ઘડીમાં અમે બધા કોઈ પણ મસ્લક, પંથ અને સંસ્થા અને સંપ્રદાયના ભેદભાદ વગર 'મરકઝ' પ્રત્યે એકતા અને સમર્થન વ્યકત કરીને આ ધૃણાસ્પદ કાવતરાને માનવતા વિરુદ્ધ કાવતરું ગણીને નિંદા કરીએ છીએ.

વાયરસ અને બીમારી રોકવા માટે અચાનક લોકડાઉનની જાહેરાત સ્તબ્ધ કરનાર અને એક ચેલેન્જ હતી, સરકાર તરફથી કોઈ આયોજન અને વ્યવસ્થા વગર કરવામાં આવેલ લોકડાઉનની આવી જાહેરાતના કારણે સામાન્ય જનજીવન ઠપ થઈ ગયું અને 'મરકઝ'માં જેટલા લોકો અટવાયા હતા એના કરતાં કેટલાયે વધારે લોકો વતન પરત ફરવાના હેતુએ દિલ્હીના આનંદવિહાર અને અન્ય સ્ટેશનો ઉપર ભેગા થઈ ગયા હતા. જે સરકારી આયોજન અને વ્યવસ્થાની નાકામીનો સ્પષ્ટ પુરાવો છે, આ બધી નાકામી અણઆવડતને છુપાવવા ખાતર મીડીયા મારફતે એક વિશેષ સમુહ અને ધર્મ તરફ લોકોનું ધ્યાન વાળીને મુદ્દો ભટકાવવાના પ્રયત્નો અમાનવીય – હિચકારું કૃત્ય અને અપરાધ છે.

નિઝામુદ્દીન તબ્લીગી મરકઝની વ્યવસ્થા પહેલા દિવસથી જ કાયદા – કાનૂનની મર્યાદામાં ચાલતી આવે છે. એના વ્યવસ્થાપકોએ કદી પણ કાયદાઓનું ઉલ્લઘન કર્યું નથી. આ જ કારણે લોકડાઉન થતાં જ 'મરકઝ' દ્વારા એના આગળના બધા આયોજનો અને પ્રોગ્રામો કેન્સલ કરી દેવામાં આવ્યા. સરકારના ઉચ્ચ અધિકારીઓ પાસે મરકઝમાં મોજૂદ લોકોની વિગત રજૂ કરીને પ્રશ્ન હલ કરવાના પ્રયત્નો કર્યા. પરંતુ સરકાર તરફથી યોગ્ય સહકાર આપવામાં આવ્યો નહીં. મરકઝના વ્યવસ્થાપકોએ એમની જવાબદારી નિભાવવાના પૂરતા પ્રયત્નો કર્યા છે, અને મીડીયામાં ચાલી રહેલ એકતરફી આલોચના દરમિયાન 'મરકઝ'ના લીગલ એડવાઈઝર દ્વારા આ બધી બાબતો મીડીયા સમક્ષ પણ મુકવામાં આવી છે, છતાં મરકઝને શા માટે બદનામ કરવામાં આવે છે ? એ સમજમાં નથી આવતું.

અત્યારે પૂરી દુનિયા વાયરસનો શિકાર થઈ રહી છે, અને આ કુદરતી આફતની બહાર નીકળવાના પ્રયત્નો કરી રહી છે. પાછલી એક સદીમાં આવી વ્યાપક અને ભયંકર માનવીય આપદા જોવામાં નથી આવી. આવા સંજોગોમાં આખું વિશ્વ જાતિ, વર્ણ, ધર્મ અને સંપ્રદાયના ભેદભાવથી ઉપરવટ જઈને માનવીય આધારે એકસંપ થઈને લડી રહયું છે, પરંતુ દેશનું ગોદી મીડીયા તકસાધુ બનીને દેશમાં કોમવાદ અને નફરતનું વૈમનસ્ય ફેલાવવામાં વ્યસ્ત છે. આ ધૃણાસ્પદ ચેષ્ટા છે જેની જેટલી નિંદા કરવામાં આવે એ ઓછી છે.

આ જમાત ભારતની સ્વતંત્રતા પહેલાંથી ફકત માનવતા અને ધર્માનુસરણનો સંદેશ ફેલાવવા માટે જ દેશ વિદેશમાં કાર્યરત છે. એનો ઈતિહાસ અને કાર્યપદ્ધતિ પણ દરેકની સામે છે. દેશના રાજકરણ અને સત્તા સાથે એનો કદી કોઈ સંઘર્ષ નથી રહયો. એનો આશય ફકત ઈસ્લામી આદર્શોના આધારે સંસ્કારની કેળવણી અને માનવતાની તાલીમ છે. આવી જમાત ઉપર કોરોના ફેલાવવાનો આરોપ ઘણી જ ખતરનાક બાબત અને નફરતનો ખેલ છે.

અમે સ્પષ્ટ શબ્દોમાં કહેવા માંગીએ છીએ કે આ નફરતની રમત રમવાનો સમય નથી. બલકે એકસંપ થઈને આ કુદરતી આફત અને મુસીબતમાંથી પોતાને અને સમગ્ર માનવજાતને બહાર કાઢીને બચાવવાનો સમય છે. આપણા બધા માટે આવશ્યક છે કે એકસંપ અને એકજૂથ થઈને માનવતાના આધારે

કામ કરીએ.

આ જમાતનો ઈતિહાસ અને રીતભાત સંપૂર્ણ રીતે નિર્મળ અને પારદર્શી છે. એના કાર્યકરો દ્વારા કદી પણ કોઈ અમાનવીય કૃત્ય નથી કરવામાં આવ્યું, છતાં એના ઉપર આવું દોષારોપણ અક્ષમ્ય અપરાધ છે. અમે એનો સખત શબ્દોમાં વિરોધ કરીએ છીએ અને જે મીડીયા સંસ્થાનો આ અપરાધ કરી રહયા છે એના વિરુદ્ધ પગલાં લેવાની સરકારથી માંગણી કરીએ છીએ.

વસ્સલામ. લી. મુફતી અહમદ દેવલા.

પ્રમુખ મજલિસે તહફફુજે મદારિસ ગુજરાત. અને...

(૧) મુફતી અહમદ ખાનપૂરી સાહેબ. શૈખુલ હદીસ જામિઅહ ડાભેલ.
(૨) મુફતી અબ્બાસ બિસ્મિલ્લાહ સાહેબ. સદર મુફતી જામિઅહ ડાભેલ.
(૩) મવલાના અહમદ બુઝુર્ગ સાહેબ. મુહતમિમ જામિઅહ ડાભેલ.
(૪) મવ. અબ્દુસ્સમદ કાવી સાહેબ. મુહતમિમ દારૂલ ઉલૂમ કંથારીયા
(૫) કારી ઈસ્માઈલ બિસ્મિલ્લાહ સાહેબ. મુહતમિમ જામિઅહ કફલેતા.
(૬) મવલાના ઈકબાલ ટંકારવી સાહેબ. મુહતમિમ માટલીવાલા ભરૂચ.
(૭) મવલાના યાસીન મઝાહિરી સાહેબ. મુહતમિમ જામિઅહ કાકોશી
(૮) મવલાના ઈબ્રાહીમ મઝાહિરી સાહેબ. મુહતમિમ જામિઅહ ખરોડ
(૯) મવલાના મૂસા માંકરોડ સાહેબ. મુહતમિમ મ. ઈસ્લામી અંકલેશ્વર
(૧૦) હાફેજ અજવદ બેમાત સાહેબ. મુહતમિમ દારુત્તરબિયત કરમાલી
(૧૧) મુફતી ઈમ્તીયાઝ વલણ સાહેબ. મુહતમિમ સ. દારૈન સીતપોણ.
(૧૨) મવલાના મહમૂદ શબ્બીર સાહેબ. મુહતમિમ હુસૈનિયહ રાંદેર.
(૧૩) મવલાના અહમદ અશ્રફ સાહેબ. મુહતમિમ અશરફિયહ રાંદેર.
(૧૪) મવલાના નઝીર ખાનપૂરી સાહેબ. મુહતમિમ ફ.દારૈન તડકેશ્વર
(૧૫) જનાબ સલીમભાઈ ચાંદીવાલા સાહેબ. મુહતમિમ સૂફીબાગ સુરત
(૧૬) મવલાના અરશદ મીર સાહેબ. મુહતમિમ ફૈઝે સુબ્હાની સુરત.
(૧૭) મવલાના અ.રહમાન સાહેબ. મુહતમિમ મઝહરે સઆદત હાંસોટ
(૧૮) મવ. અબૂબક્ર સાહેબ. મુહતમિમ અમીનુલ કુરઆન પાનપૂર
(૧૯) જનાબ ઈરફાન ગોલીવાલા સા.મુહતમિમ દા. કુરઆન અમદાવાદ
(૨૦) મવલાના નિઝામુદીન સાહેબ. મુહતમિમ દારૂલ ઉલૂમ છાપી.

*અને મજલિસે તહફફુજે મદારિસે ગુજરાતના અન્ય મેમ્બરો......* ●

# ફરજ નમાઝ પછી દુઆ અને સુન્નતો

હઝરત આઈશહ રદિ. ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ નમાઝ પછી સલામ ફેરવીને ફકત 'અલ્લાહુમ્મ અન્તસ્સલામ, વ મિન્કસ્સલામ, તબારક્ત યા જલ્જલાલિ વલ ઈક્રામ' પઢવા જેટલી વાર જ બેસતા હતા.

શાહ વલીયુલ્લાહ રહ. ફરમાવે છે કે હદીસ શરીફમાં ફરજ નમાઝ પછી દુઆઓ પઢવાની અનેક રિવાયતો છે અને આ રિવાયતોમાં અલગ અલગ દુઆઓનું વર્ણન છે, એટલે હઝરત આઈશહ રદિ.નો રિવાયતનો મતલબ આ છે કે,

સલામ ફેરવીને નમાઝ જેવી બેઠક ફકત આટલી વાર (અલ્લાહુમ્મ અન્નતસ્સ્લામ...પઢવા સુધી) બેસતા હતા, પછી બેઠક બદલી દેતા હતા. અને થોડા ડાબે કે જમણે ફરી જતા હતા કે પછી સીધા મુકતદીઓ તરફ મોઢું કરીને બેસી જતા હતા. જેથી કોઈ એવું ન સમજે કે સલામ ફેરવ્યા પછી પણ નમાઝ ચાલુ રહે છે અને આ દુઆઓ પઢવી પણ નમાઝનો એક ભાગ છે.

અથવા હઝરત આઈશહ રદિ.નો મતલબ આ હશે કે કોઈકવાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ બીજી બધી દુઆઓ પઢવાના બદલે ફકત આ એક જ દુઆ (અલ્લાહુમ્મ અન્નતસ્સ્લામ) પઢતા હતા. બીજી દુઆઓ પઢતા ન હતા, જેથી લોકો સમજી જાય કે નમાઝ પઢી બધી દુઆઓ પઢવી ફરજ નથી, માણસ ચાહે તો વધારે દુઆઓ પઢે અને ચાહે તો કોઈ એક દુઆ પઢે. હદીસ શરીફના શબ્દોનો મતલબ એ છે કે આવું (ફકત "અલ્લાહુમ્મ અન્નતસ્સ્લામ..") પઢવાની ઘટના ઘણીવાર થઈ છે.

સુન્નતો વિશે બેહતર આ છે કે માણસ ઘરે જઈને પઢે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની આ જ આદત હતી. એકવાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ કબીલા બનુ અબ્દુલ અશહલની

મસ્જિદમાં ગયા હતા. ત્યાં આપ મગરિબની નમાઝ પઢી, નમાઝ પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જોયું કે લોકો નફલો પઢી રહયા છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : આ ઘરોની નમાઝ છે. બીજી એક રિવાયતમાં છે કે તમે આ નમાઝ (નફલ) ઘરમાં જ પઢયા કરો. (મિશ્કાત શરીફ)

આમ નમાઝ પછી દુઆઓ પઢવા અને સુન્નતો ઘરે જઈ પઢવાનો મકસદ આ છે કે ફરજ નમાઝ અને પછીની સુન્નતો – નફલ વચ્ચે કોઈ એવું કામ કરી લેવામાં આવે જે નમાઝ જેવું ન હોય. અને તે પણ થોડું વધારે હોય જેનાથી બન્ને નમાઝો (ફરજ અને સુન્નતો) વચ્ચે અંતર સ્પષ્ટ માલૂમ પડે.

અબૂદાવૂદ શરીફમાં રિવાયત છે કે, એક માણસ ફરજ નમાઝ પછી તુરંત નફલ પઢવા લાગ્યો તો હઝરત ઉમર રદિ. ઉભા થયા અને ખભો પકડીને એને હલાવી નાખ્યો, પછી કહયું કે, અહલે કિતાબ (આગલી કોમો) એટલા માટે જ બરબાદ થઈ ગઈ કે તેઓ (ફરજ અને નફલ) નમાઝો વચ્ચે અંતર રાખતા ન હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ જોઈને ફરમાવ્યું : હે ઉમર ! અલ્લાહ તઆલા તમારી વાતોને સાચે ઠેરવે. એટલે કે તમે યોગ્ય ટકોર કરી છે.

*(મિશ્કાત શરીફ)(રહમતુલ્લાહિલ વાસિઅહ. ૩/૪૫૫)*

ફિકહે હનફીના મહાન વિદ્વાન મુલ્લા અલી કારી રહ.એ લખ્યું છે કે નમાઝ અને સુન્નતો વચ્ચે અંતર ન રાખવામાં આવે અને ફરજ પછી તુરંત સુન્નતો પઢવાની જે તાકીદ છે, એનો મતલબ વિવિધ હદીસો અને ઉલમાએ કિરામના મંતવ્ય પછી આ નીકળે છે ફરજ અને સુન્નત વચ્ચે દુન્યવી અને જરૂરત વગરની વાતો કે કામો ન કરવામાં આવે. કોઈ જરૂરી વાત અથવા દીની કામ કરવામાં કોઈ વાંધો નથી. આ જ વાત મુલ્લા અલી કારી રહ.ના હવાલાથી હઝ. અલ્લામહ ઝફર અહમદ ઉસ્માની થાનવી રહ.એ એઅલાઉસ્સુનન (૩/૨૮)માં પણ લખી છે.

---

# અભિમાન અને ઘમંડ

*મવ. અ. મજીદ કોઠી*

અભિમાન (તકબ્બુર) અને ઘમંડ ઘણો મોટો ગુનો છે. કુર્આનમાં છે કે અલ્લાહ તઆલા અભિમાન અને ઘમંડ કરનારને પસંદ કરતા નથી. હદીસમાં છે કે જે માણસમાં રાયના દાંણા જેટલું પણ અભિમાન અને તકબ્બુર હશે તો (તે) જન્નતમાં દાખલ થઈ શકશે નથી. એક અન્ય હદીસમાં છે કે અલ્લાહના રસૂલ (સલ.) એ ફરમાવ્યું : કયામતના દિવસે અભિમાની અને ઘમંડી લોકોનો ઉઠાવ એ રીતે થશે કે તેઓ બિલકુલ નાની કીડીઓની જેમ હશે પરંતુ માનવીય શકલમાં હશે અને તેમના ઉપર ઝિલ્લતી છવાએલી હશે, તેઓને દોઝખની એક ખાસ જેલ તરફ હાંકવામાં આવી રહયા હશે, તેઓ આગની લપેટમાં હશે. પીવા માટે તેમને પરુ (પાક)નો શરબત આપવામાં આવશે.

અભિમાન અને ઘમંડના અનેક પ્રકારો છે. કોઈને દોલત અને માલ પર અભિમાન હોય છે, કોઈને પોતાના સૌંદર્ય પર અભિમાન હોય છે, કોઈને પોતાના હોદ્દા પર અભિમાન હોય છે તો કોઈને પોતાના કુટુંબ અને ખાનદાન પર અભિમાન હોય છે. આપ (સલ.) એ હજ્જતુલ વિદાઅના અવસરે જે ઐતિહાસિક ભાષણ આપ્યું હતું તેમાં સાફ શબ્દોમાં કહી દીધુ હતું કે અલ્લાહ તઆલાએ તમારાથી જાહીલિય્યતના ઘમંડ પર મોટાઈ (અભિમાન)ની ભાવનાને દૂર કરી દીધી. એટલે તેને રોકી દીધી. ત્યાર પછી આપ (સલ.) એ ફરમાવ્યું : તમે બધા એક પુરુષ અને સ્ત્રીથી પેદા કરવામાં આવ્યા છો. તમને ખાનદાન અને પરિવારમાં એટલા માટે વહેંચવામાં આવ્યા છે કે તમે એક બીજાને ઓળખી શકો ! અલ્લાહના નજીક સૌથી પ્રતિષ્ઠિત અને આદરણીય માણસ તે છે જે સૌથી વધુ અલ્લાહથી ડરતો હોય છે.

હઝરત ઈબ્ને મસ્ઉદ (રદિ.)થી રિવાયત છે કે અલ્લાહના રસૂલ (સલ.) એ ફરમાવ્યું : જેનામાં થોડું પણ અભિમાન અને ઘમંડ હશે તે જન્નતમાં પ્રવેશ કરી શકશે નહી. એક માણસ પૂછયું : દરેક માણસ એમ ઈચ્છે છે કે

મારા કપડા સારા હોય, મકાન સારુ હોય, તેની દુકાન સારી હોય તો શું આ પણ ઘમંડ અને તકબ્બુર છે ? આપ (સલ.) એ ફરમાવ્યું : તે મસ્જિદમાં જુમ્આ (ની નમાઝ) પઢવા માટે આવે છે અને જુમ્આના માટે પોતાને શણગારે અને તૈયાર કરે છે તો આ તકબ્બુર નથી. અલ્લાહ તઆલા સ્વયં સુંદર છે જેથી તે સુંદરતાને પસંદ કરે છે.

અલ્લાહ તઆલાએ કુર્આનમાં ફિરઔનની હાલત વર્ણવી છે, તે તેના ઘમંડના કારણે જ ઈમાનથી વંચિત રહયો. કુર્આનમાં છે : એક દિવસે ફિરઔને જાહેરમાં કહયું : એ પ્રજાજનો ! શું હું મિસર (ઈજિપ્ત)નો રાજા નથી ? અને શું આ નહેરો મારા નીચે પ્રવાહ કરી રહી નથી ? શું તમે મારી સત્તાને જોતા નથી ? હું શ્રેષ્ઠ છું કે પછી આ નીચ માણસ જે તેની વાત પણ ખોલીની કહી નથી શકતો. આ ફિરઔનનું અભિમાન હતું, જેનો ઉલ્લેખ કુર્આનમાં છે.

કિબ્રિયાઈ (મોટાઈ)નો ગુણ અલ્લાહ માટે જ ખાસ છે. હવે જો કોઈ માણસ તકબ્બુર કરે તો તેનો અર્થ તો એ થયો કે તે અલ્લાહ તઆલાને ચેલેન્જ કરી રહયો છે. હઝરત અબૂ દરદા (રદિ.) થી રિવાયત છે કે અલ્લાહના રસૂલ (સલ.) નું ફરમાન છે : અલ્લાહ તઆલા ફરમાવે છે : મોટાઈ અને કિબ્રિયાઈ મારી ચાદર છે અને શાનો શૌકત (વૈભવ) મારો પોશાક છે આ બંનેમાંથી કોઈ વસ્તુ જે માણસ મારી પાસેથી છીનવશે, હું તેને દોઝખમાં નાંખી દઈશ. (મુસ્લિમ) અલ્લાહ તઆલાને અભિમાન અને ઘમંડ એકંદરે પસંદ નથી. મોટાઈ માત્રને માત્ર અલ્લાહનો ગુણ છે અને અલ્લાહ તઆલા માટે જ છે.

દોલત અને સંપત્તિનો નશો પણ તકબ્બુર જ છે અને આ પણ જાઈઝ નથી. કુર્આનમાં છે, અર્થ : તે માણસ કહે છે કે મેં મબલખ માલ લુટાવ્યો અને ખર્ચ કર્યો, શું તે એમ સમજે છે કે કોઈએ તેને જોયો નથી. માટે અલ્લાહ તઆલાએ જેમને માલ – દોલત અર્પણ કર્યુ હોય તો તેને સારા માર્ગે ખર્ચ કરવો જોઈએ. નિરાધારો અને ગરીબોની મદદ કરવી જોઈએ. અભિમાન અને ઘમંડથી બચવાની જરૂરત છે કેમકે તે ભયંકર ગુનો છે. અલ્લાહ તઆલા દરેકની હિફાઝત ફરમાવે. (આમીન)

# ભરણપોષણનો ખર્ચ, કોનો કોના ઉપર ?

શરીઅત મુજબ એક માણસના ભરણપોષણનો ખર્ચ કોઈ બીજા ઉપર ત્રણ બુનિયાદોના આધારે લાગુ પડી શકે છે.(૧) સગાઈ. (૨) રોકાણ. (૩) માલિકી.

મા – બાપ, બાળ – બચ્ચા, ભાઈ – બહેન, દાદા – દાદી, અને અમુક સંજોગોમાં અન્ય સગાઓનો ભરણપોષણનો ખર્ચ સામે વાળા સદ્ધર સગા ઉપર સગાઈના કારણે લાગુ પડે છે.

સગાઈના આધારે ભરણપોષણનો ખર્ચ લાગુ પડવા બાબતે બે બુનિયાદી નિયમો પણ છે : ૧) જેના ભરણપોષણનો ખર્ચ લાગુ પડતો હોય એ પોતે પોતાના ભરણપોષણ બાબતે અશકત – અસમર્થ હોય. ૨) જેના માથે આ ખર્ચ નાખવામાં આવે એ પોતે એટલો સદ્ધર હોય કે પોતાનો જરૂરી ખર્ચ પૂરો કર્યા પછી એ પોતાના ગરીબ સગાના ભરણપોષણનો ખર્ચ ઉઠાવી શકતો હોય.

'રોકાણ'નો મતલબ આ છે કે એક માણસ બીજા માણસના ખાતર પોતાનો સમય આપતો હોય, બીજાના કામમાં પરોવાયેલ હોવાના કારણે પોતાના ભરણપોષણની વ્યવસ્થા કરી શકતો ન હોય તો એનું ભરણપોષણ એવા માણસ ઉપર લાગુ પડશે જેના કામમાં આ માણસ પરોવાયેલ છે. નોકરો, મજૂરો, ભાડાના માણસો વગેરેનો પગાર આ આધારે જ ભાડે રાખનાર ઉપર લાગુ પડે છે. રોકાણના આધારે જે ઉપર વાળી પાર્ટી ઉપર લાગુ પડે છે એમાં નિયમ આ છે કે રોકવામાં આવેલ માણસ ચાહે ગરીબ હોય કે માલદાર, આર્થિક રીતે સદ્ધર હોય કે કંગાળ, અને એને રોકનાર ઉપરવાળી પાર્ટી ગરીબ હોય કે માલદાર, દરેક સ્થિતિમાં ઉપર વાળી પાર્ટી ઉપર ખર્ચ આવશે.

માલિકીનો મતલબ આ છે કે જે માણસ કોઈ વસ્તુનો માલિક હોય તો પોતાની મિલ્કતની વસ્તુ વિશે લાગુ પડતો ખર્ચ એણે જ ભોગવવાનો હોય. પહેલાંના ઝમાનામાં જયારે ગુલામ – ગુલામડીઓ રાખવામાં આવતી હતી, ત્યારે એમનો ખર્ચ માલિક ઉપર લાગુ પડતો હતો. આ જ નિયમ જાનવરો બાબતે લાગુ પડે છે. કોઈ માણસ એટલો ગરીબ થઈ જાય કે પોતાના જાનવરોને ચારો પણ ખવડાવી શકે તો એના માટે હુકમ છે કે જાનવર વેચી દે, અને હલાલ જાનવર હોય તો ઝબહ પણ કરી શકે છે. આવી સ્થિતિમાં જાનવરને ભુખ્યું રાખવું જાઈઝ નથી.

● ● ● ● ●

# વધેલું (એઠું) ?

ઈસ્લામ સૈદ્ધાંકિત રીતે આ વધેલા કે એઠું હોવાની બાબતને સમર્થન નથી આપતો, અર્થાત કોઈ એકના ખાવા – પીવા પછી વધેલી વસ્તુમાં નાપાકી નથી આવતી, ખાનાર, પીનારના હાથ, મોં નાપાક હોય અથવા એની ખાવાની રીતથી ખાણામાં કોઈ નાપાકી કે ખરાબી આવે એ જુદી વાત છે.

એઠું કે વધેલું હોવાનું મૂળ હિંદુઓની 'આભડછેટ'ની માન્યતા છે , ભારતમાં એમના સહવાસથી આ બાબત મુસલમાનોમાં પણ આવી ગઈ છે.

માણસ ચાહે કોઈ પણ હોય, બીજો માણસ એની સાથે ખાય – પી શકે છે, એનું વધેલું પણ ખાય – પી શકે છે, એમાં કોઈ નાપાકી નથી આવી જતી.

આ જ બાબતનું બીજું એક પાસું આ છે કે ઘણા લોકો,

'سور المؤمن شفا'

નું વાકય હદીસ શરીફ રૂપે વર્ણન કરે છે, અર્થાત મોમિન ખાધા–પીધા પછી વધેલી વસ્તુમાં શિફા છે. આ બાબત પણ ખોટી છે, આ હદીસ નથી.

મશહૂર મુહદ્દિષ મુલ્લા અલી કારી (રહ.)એ મવઝુઆતે કુબરામાં આ બાબતની ચોખવટ વર્ણવી છે.

ઉપરાંત જો આ બાબત હદીસથી પૂરવાર હોત તો મુસલમાનોમાં એ પ્રમાણેની પરંપરા – રિવાજ પણ હોત કે બીમારની શિફા ખાતર પાણી કે ખાણું ઘરવાળાઓ કે મહોલ્લાવાળાઓને થોડું થોડું ખવડાવી 'વધેલું' બનાવી બીમારને ખવડાવવામાં આવે. જો સાચે જ આ હદીસ હોત તો હદીસ પર અમલ માટે આવો રિવાજ મુસલમાનોમાં પ્રચલિત હોત.

એઠું – વધેલાથી વિપરીત 'તબર્રુક'નો રિવાજ મુસલમાનોમાં પ્રચલિત છે, અને ઈસ્લામી રીતે પૂરવાર પણ છે, એકવાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે દૂધ પીધું અને વધેલું દૂધ પાસે બેઠેલા ખાતૂન ઉમ્મે હાની (રદી.) તરફ લંબાવ્યું, એમણે રોઝો હોવા છતાં રોજો તોડીને દૂધ પી લીધું, કારણ કે રોઝાની કઝા થઈ શકે છે, પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું વધેલું દૂધ કયાં મળવાનું હતું. *(તોહફતુલ અલ્મઈના આધારે)*

# થુકવા, છીંકવા અને બગાસા વિષેના આદાબ

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને જયારે છીંક આવતી, ત્યારે હાથ કે કપડાંથી ચહેરો ઢાંકી દેતા હતા. અને છીંકના અવાજને દબાવી દેતા હતા. *(અબૂદાવૂદ શરીફ તિરમિઝી શરીફ )*

●છીંક આવે ત્યારે اَلْحَمْدُلِلّٰهِ "અલ્હમ્દુલિલ્લાહ" કહો. *(બુખારી શરીફ)*

●સાંભળનાર يَرْحَمُكَ اللّٰهُ કહી જવાબ આપે.

● છીંકનાર એમને આ પ્રમાણે દુઆ આપે :

يَهْدِيْكُمُ اللّٰهُ وَيُصْلِحُ بَالَكُمْ (بخاری)

યહદીકુમુલ્લાહુ વ યુસ્લિહુ બાલુકુમ.

*"અલ્લાહ તમને હિદાયત અતા ફરમાવે અને તમારી પરિસ્થિતિ બેહતર બનાવે." (બુખારી શરીફ)*

●જો કોઈને શરદીના કારણે વારંવાર છીંક આવતી હોય તો દરેક વેળા يَرْحَمُكَ اللّٰهُ કહેવું જરૂરી નથી. *(મુસ્લિમ શરીફ)*

●બગાસું આવે ત્યારે મોઢા પર હાથ મુકી મોઢું બંધ કરી દો. કારણ કે શયતાન એમાં દાખલ થઈ જાય છે. *(મુસ્લિમ શરીફ)*

●જો નમાઝ દરમ્યાન બગાસું આવે તો એને રોકવાનો પૂરો પ્રયત્ન કરો. અવાઝ બિલ્કુલ ન થવા દો. કારણ કે એ શયતાન તરફથી હોય છે અને એને ખૂશી થાય છે. *(અબૂ દાવૂદ શરીફ)*

●કિબ્લા તરફ મોઢું કરી હરગિઝ થૂંકો નહીં.

●નાપાક જગ્યાએ જેમ કે સંડાશ, પેશાબખાના, કચરા પર ન થૂંકો.

●જાહેર જગ્યાએ(PUBLIC PLACES) ન થૂંકો.

●કિબ્લાની દિશા ન હોય, એનો ખ્યાલ રાખી, પોતાની ડાબી તરફ મોઢું નીચું કરી થૂંકો. પછી એના ઉપર પાણી વહાવી દો અથવા માટી નાંખી દો. કારણ કે સફાઈ ઈસ્લામનો પ્રાકૃતિક સ્વભાવ છે. એક વાતનો હંમેશા ખ્યાલ રાખવો જોઈએ કે તમારા કોઈ કામથી અન્યને તમારા ધર્મ ઉપર કે તમારા ઉપર આંગળી ઉઠાવવાનો મોકો ન મળે અને કોઈને તકલીફ ન પહોંચે. ● ●

# મોતની તમન્ના - દુઆ

માણસ ઉપર ઘણીવાર એવા સંજોગો આવે છે કે જીવન કપરું થઈ જાય છે. તંગી અને બેચેની અનુભવે છે. રોઝી, બીમારી, લડાઈ – કંકાસ, સતામણી, એકલતા, ટેન્શન, અને બીજા અનેક કારણોસર માણસને જિંદગી બોજ લાગે છે. અને વિચારે છે કે એના કરતાં તો મરી જવું સારું ! આવા વિચારો દિલ – દિમાગ ઉપર હાવી થઈ જાય છે ત્યારે જ માણસ કાં પોતે આત્મહત્યા કરે છે કાં હત્યારો બની જાય છે, કોઈ આવી હિમ્મત નથી કરી શકતો તો એ પાગલ બની જાય છે.

હદીસ શરીફમાં આવી સ્થિતિ વિશે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે : તમારામાંથી કોઈ પણ, કોઈ મુસીબત અને દુખના કારણે મોતની તમન્ના – દુઆ ન કરે. (દિલમાં ગમ અને તકલીફ વધી જાય તો બોજ હલકો કરવા) મોતની દુઆ કરવી જ હોય તો આ રીતે દુઆ કરે કે, હે અલ્લાહ ! જયાં સુધી મારા માટે જિંદગી બેહતર છે, મને જિવતો રાખજે, અને જયારે મારા માટે મોત જ બેહતર હોય તો મને દુનિયાથી ઉઠાવી લેજે. (મિશ્કાત શ.)

મોતની આરજૂ અને દુઆ, બે કારણોસર મના છે. ૧) મોતની દુઆ કરવી એક રીતે અલ્લાહ તઆલાની શાનમાં ગુસ્તાખી અને દિલેરી છે. આવી દુઆનો મતલબ એ થયો કે માણસ અલ્લાહ તઆલાએ આપેલ જિંદગીની મહાન નેઅમતનો શુક્ર અદા કરવાને બદલે એને ઠુકરાવી રહયો છે. જિંદગી હોવાનો એક મોટો ફાયદો આ છે કે માણસ પાસે નેકી, ઈબાદત અને સફળતાનો મોકો હજુ બાકી છે. અને મૃત્યુ પછી આ બધી શકયતાઓ ખતમ થઈ જશે. આમ સુધાર, સફળતા અને નેકીની શકયતાઓ હોવા છતાં મૃત્યુની તમન્ના જિંદગીની મોજૂદ નેઅમત અને ભવિષ્યની સારી શકયતાઓની નાકદરી કરવા સમાન છે.

૨) મોતની તમન્ના – દુઆ કરવાનો મતલબ આ છે કે માણસ સંજોગોથી ડરી ગયો છે, ગભરાય ગયો છે, અને આ ડર – ગભરાહટમાં એક બીજી મુસીબતમાં કુદી પડવા માંગે છે. જેના વિશે એને કંઈ અનુભવ કે જાણકારી પણ નથી એ શું છે અને એના પછી શું થવાનું છે ? તાર્કિક રીતે આ મોટી બેવકૂફી અને નાદાની છે. માણસની સામાન્ય સમજદારીના સ્તરથી પણ ઉતરતી બાબત છે. સમજદારી આ છે કે માણસ આશાવાદી રહે, ભવિષ્યનું વિચારે. હિમ્મત અને ધીરજ રાખે. એવું તો નથી જ કે મૃત્યુ પછી બધા જ સંજોગો સુધરી જશે, મસીબતો દૂર થઈ જશે અને પોતાનું અને પાછળ રહી જનારા કુટુંબીજનોનું ભવિષ્ય સુખ – ચેન વાળું જ હશે. શકય છે મરવા પછી એ પોતે પણ પરલોક – આખિરતમાં વધારે મુસીબતો ભોગવે અને એના કુટુંબીજનો આ દુનિયામાં વધારે પરેશાન થાય ! *(રહમતુલ્લાહિલ વાસિઅહ, ૩)*

# મુસીબતના સમયે પઢવાની દુઆ

હદીસ શરીફમાં છે કે જે કોઈ મુસલમાન ઉપર જાન – માલની કોઈ મુસીબત આવી પડે અને એવા સમયે એ માણસ એવી જ વાત કહે જેમ કહેવાનો અલ્લાહ તઆલા તરફથી આદેશ છે એટલે કે,

إنا لله و إنا إليه راجعون اللهم أَجِرُنِیُ فِی مُصِیُبَتِی وَ اخُلُفُ لِیُ خَیُراً مِنُهَا

બેશક અમે બધા અલ્લાહ તઆલાના જ છીએ, એની પાસે જ અમારે બધાએ જવાનું છે, હે અલ્લાહ ! મને મારી મુસીબતમાં સવાબ અતા ફરમાવ અને મસીબતના બદલામાં મને એનાથી બેહતર વસ્તુ અતા ફરમાવ. (મિશ્કાત શરીફ)

એટલે કે ઈન્નાલિલ્લાહ ... પઢવાનો તો હુકમ કુરઆનમાં જ અલ્લાહ તઆલાએ ફરમાવ્યો છે, એ કહીને પછી બીજા બે વાકયો – દુઆ સવાબ અને બેહતર વસ્તુ વિશે પણ કહે...

આ દુઆમાં ચાર બાબતો શામેલ છે :

૧) અમે બધા જ માણસો અને અમારું બધું જ, સર્વસ્વ અલ્લાહ તઆલાની માલિકી છે. અને માલિકને એની મિલ્કતમાં એની મરજી મુજબ વર્તવાનો અધિકાર છે. એક નક્કી સમય સુધી માલિકે અમને એ વસ્તુ વાપરવા માટે આપી હતી, અને સમય પૂરો થયો તો એ પાછી લઈ લીધી, એમાં નારાજ થવા કે શિકાયત કરવાનું કોઈ ઔચિત્ય જ નથી.

૨) અમારું કોઈ સગું મરી જાય કે કોઈ વસ્તુ બરબાદ થાય, નુકસાન થાય તો એ બધું કાયમી નથી, આ બધું જ આખરે તો અલ્લાહ તઆલા પાસે ગયું છે, અને અમારે પણ અલ્લાહ તઆલા પાસે જવાનું જ છે, ત્યાં બધું પાસે – સાથે જ હશે.

૩) જે કંઈ આપણું નુકસાન થાય છે, હાથથી જતું રહે છે, એ બધાના બદલામાં અલ્લાહ તઆલા આપણને સવાબ અતા ફરમાવે છે.

૪) અલ્લાહ તઆલા એની પણ શકિત ધરાવે છે કે જે નુકસાન થયું છે, મુસીબત આવી છે એના બદલામાં વધારે બેહતર નેઅમત અને રાહત આપણને આપે. માટે એની દુઆ કરવી જોઈએ.

મુસીબત ટાણે દુઆ કરનાર આ બધી વાતો સામે રાખીને દુઆ કરે તો જરૂર એનો રંજ – અફસોસ ઓછો થઈ જશે. • • •

# દેશી મરઘો

પહેલાંના સમયમાં દરેક ઘરમાં દેશી મરઘાઓ રાખવામાં આવતા હતા. આ દેશી મરઘાઓ સવારથી સાંજ સુધી બાંગ પોકારતા રહે છે. ઘણાને ખબર નહિ હોય કે આ મરઘાઓ ઝાહેરી અને રૂહાની ફાયદાઓ પણ ધરાવે છે, પરંતુ અફસોસ, આધુનિક જીવન શૈલીઓ આ બધું આપણાથી છીનવીને ફારમ – બોઈલર મરઘીઓ આપણને પકડાવી દીધી છે. દેશી મરઘાઓ ફઝીલતની અનેક હદીસો હદીસની કિતાબોમાં મોજૂદ છે.

બુખારી શરીફની રિવાયત છે કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમમે ફરમાવ્યું કે, જયારે તમે મરઘાની કુકડેકુક સાંભળો તો અલ્લાહની મહેરબાની માંગો, કારણ કે મરઘો ફરિશ્તાઓ જોઈને બુમ પાડે છે, અને જયારે ગધેડાનું હોંચી હોચી સાંભળો તો શયતાનથી બચવાની દુઆ કરો, કારણ કે તે શયતાનને જોઈને બરાડે છે.

કાઝી અયાઝ (રહ.) ફરમાવે છે કે મરઘાની કુકડેકુકના સમયે ફરિશ્તાઓ મોજૂદ હોય છે, જે દુઆ કરનારની દુઆ ઉપર આમીન કહે છે, માટે આ વેળા દુઆ કરવાનું કહેવામાં આવ્યું,

અબૂ દાવુદ શરીફમાં રિવાયત છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે,

મરઘાને ભાંડો નહીં, તો તે તો નમાઝ માટે લોકોને જગાડે છે.

બયહકીની રિવાયત છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સફેદ મરઘાને પસંદ કરતા હતા, અને અને પાળવાનો હુકમ કરતા હતા અને ફરમાવતા કે તે નમાઝની જાણકારી આપે છે, ઊંઘનારને જગાડે છે અને પોતાની બૂમો વડે જિન્નાતને ભગાડે છે.

અલ્લામા જલાલુદ્દીન સુયૂતી (રહ.)એ મરઘાની ફઝીલતો આધારિત الـوديك فـى فضـل الـديك નામની એક નાનકડી પુસ્તિકા – રિસાલો પણ સંપાદન ફરમાવ્યો છે.

કશ્ફુઝઝુનૂનમાં લખવા પ્રમાણે હાફેજ અબૂ નુઐમ (રહ.) પણ આવી એક પુસ્તિકા સંપાદન ફરમાવી છે.

# એક સ્ત્રી, એક લશ્કર

ગઝવએ ખંદક વેળા સ્ત્રીઓ અને બાળકોને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એક કિલ્લામાં રક્ષણ માટે મોકલી દીધા હતા, અહિંયાથી યહૂદીઓની આબાદી નજીક હતી અને યહૂદીઓ સાથે મુસલમાનોની સુલેહ – કરાર છતાં ગદ્દારી એમની આદત હતી, એટલે એમના ઉપર ભરોસો કરી શકાય એમ ન હતો.

મુસલમાનો મદીનામાં ઘેરાયેલા હતા, અને સંખ્યા ઓછી હતી, એટલે ફકત હઝરત હસ્સાન (રદી.)ને આ કિલ્લાના રક્ષક તરીકે નક્કી કરવામાં આવ્યા હતા, કિલ્લામાં મોજૂદ સ્ત્રીઓમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ફોય હઝરત સફિય્યહ (રદી.) પણ હતાં.

એમણે જોયું કે એક યહૂદી કિલ્લાની આસપાસ ચક્કર લગાવી રહયો છે, એમને શક થયો કે આ કોઈ જાસૂસ હોય શકે છે, એટલે હઝરત હસ્સાન (રદી.)ને કહયું કે એને પકડીને મારી નાંખો, એ કયાંક આપણી બાતમી શત્રુઓને ન આપી દે.

હઝરત હસ્સાન (રદી.) ઘણા વૃદ્ધ હતા, એટલે એને પકડીને મારવાની હિમ્મત કરી શકયા નહી.

આ જોઈને હઝરત સફિય્યહ (રદી.) આગળ વધ્યા અને તંબુની લાકડી યહૂદીના માથામાં એવી રીતે ફટકારી કે એનું માથું ફાટી ગયું, અને પછી લાકડીના ફટકા મારી મારીને એને મારી નાંખ્યો.

એને માર્યા પછી હઝરત હસ્સાનને કહયું કે આ પુરૂષ છે અને હું સ્ત્રી, એટલે હું એને હાથ લગાવીશ નહીં, તમે એના શરીર પરથી હથિયાર અને સામાન ઉતારી લ્યો.

હઝરત હસ્સાને કહયું કે મને એના હથિયારો અને સામાનની કોઈ જરૂરત નથી. એટલે તે યહૂદી એવો જ મરેલો કિલ્લા પાસે પડી રહયો. એનાથી ફાયદો એ થયો કે કિલ્લાની પાસે મરેલા યહૂદીને જોઈ બીજા યહૂદીઓ સમજયા કે આ કિલ્લામાં પણ મુસલમાન યોદ્ધાઓ મોજૂદ છે, એટલે પછી કોઈએ આ બાજુ આવવાની હિમ્મત કરી નહી.

*(ઈબ્ને હિશામ : ૨ / ૧૪૩)*

શરઈ માર્ગદર્શન
# ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

## મરનારનું દેવું માફ કરીને અવલાદ પાસે પાછું માંગવું ?

સવાલ : એક વ્યકિત ગુઝરી ગયેલ છે, તેમના માથે દેવુ (કર્ઝ) હતું, મર્હૂમની વફાત બાદ કર્ઝ આપનારને લોકોએ કહયું કે મર્હૂમ પાસે કશું જ નથી, તેઓને કર્ઝ માફ કરી આપો, જેથી કર્ઝ આપનારે મર્હૂમથી પોતાનું કર્ઝ માફ કરી દીધું, થોડાક સમય પછી મર્હૂમ દેવાદારના પુત્રોએ કોઈ મિલ્કત વેચી, તો શું કર્ઝ આપનાર મર્હૂમના પુત્રોથી પોતાના કર્ઝની માંગણી કરી શકે છે ? અને આ રકમ લેવી તેના માટે જાઈઝ અને હલાલ છે કે નહીં ?

અને જો મર્હૂમ (કર્ઝદાર)ના પુત્રો સ્વેચ્છાએ કર્ઝની રકમ ચૂકવી આપે તો કર્ઝ આપનાર આ રકમ લઈ શકે કે નહીં ?

સવાલ (૨) : મર્હૂમની વફાત પછી કયા કયા હકો લાગુ પડે છે તે વિગતવાર જણાવશો.

જવાબ: حامدًا و مصليًا ومسلمًا

રજૂ કરેલ સૂરતમાં જયારે કે ગુજરી ગયેલ વ્યકિતના શિરે કર્ઝ આપનાર વ્યકિતનું જે દેવું હતું, તેને કર્ઝ આપનારે માફ કરી દીધું, તો હવે માફ કર્યા બાદ કર્ઝ આપનારને મઝકૂર કર્ઝ – દેવાની માંગણીનો હક નથી; કારણ કે ઈસ્લામી શરીઅત મુજબ કર્ઝ માફ કરી દેવાની સુરતમાં કર્ઝદારના શિરે બાકી રહેતું નથી, બલકે ખતમ થઈ જાય છે, માટે માંગણીનો અધિકાર રહેશે નહી.

مثـال : لو كان لشخص على آخر دين فـأسقطه عن الدين، ثم بدا

له رأى فندم على إسقاطه الدين عن ذلك الرجل؛ فلأنّه أسقط الدين، وهو من الحقوق التى يحق له أنه يسقطها، فلا يجوز له أن يرجع الى المدين ويطالبه بالدين؛ لأن ذمته برئت من الدين بإسقاط الدائن حقه فيه۔ (در الحكام: ١/ ٤٩) إلا أن الإبراء لا يرد بالرد فى ستة مواضع : سادسًا إذ أبرأ الدائن المدين المتوفى ورد وارثه الإبراء؛ فلا يرد على قول محمد. الماده۔ (١٥٦٩) يصح إبراء الميت عن دينه۔

يصح ابراء الميت من دينه ويستفيد كل الورثه من هذا الإبراء ولا تطالب التركه بشئ(٦٥/١٢)

أما إذا لم يرده فى ذلك المجلس، بل رده فى مجلس آخر فلا يكون مردودًا عند بعض ، لأنه لم يبق عليه دين وعند بعض الفقهاء يكون مردودًا؛ هو المتلو۔ بالدين، فإذا عد قول المجلة فى ذلك المجلس قيدًا احترازيا فيكون قد اختير القول الأول، وهذا هو الظاهر، (٦٤/١٢)

હઝરત ફકીહુલ ઉમ્મત મવ. મુફતી મહમૂદ હસન સા. ગંગોહી (રહ.) એક સવાલનો જવાબ આપતા લખે છે : "જબ રકમ મુઆફ કર દી, તો વો મુઆફ હો ગઈ, અબ મુતાલબા (માંગણી) કા હક નહીં રહા.

*(ફ. મહમૂદીય્યહ : ૧૬ / ૪૦૮ જદીદ, ઈદારા સિદ્દીક)*

મરહૂમના વારસદારો પોતાની રાજી ખૂશીથી સ્વેચ્છાએ કર્ઝ આપનારને તેમ છતાં આપવા ઈચ્છે તો તેઓ તરફથી બક્ષિસ ગણી લેવાની કર્ઝ આપનાર માટે ગુંજાઈશ છે. (શામી : ભાગ – ૪)

(૨) મર્હૂમે વફાત સમયે જે કંઈ વારસો છોડયો હોય તેના સાથે જે હક્કો સંબંધિત છે, તેમાંથી એક મર્હૂમનું કર્ઝ પણ છે, જેને મરહૂમના

માલમાંથી વસૂલ કરવામાં આવશે, પરંતુ આ હુકમ ત્યારે છે, જયારે કે મરહૂમના દેવાને કર્ઝ આપનારે માફ ન કર્યું હોય, રજૂ કરેલ સુરતમાં જયારે કે કર્ઝ આપનારે મરહૂમના દેવાને માફ કરી દીધું તો હવે આ દેવું મરહૂમના તરકહ – વારસામાંથી વસૂલ કરવાનો હક રહેશે નહીં.

*(શર્હુલ મજલ્લહ આફન્દી : ૧૨ / ૬૫, સિરાજી : ૩ – ૪)*

*ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.*

*(તા. ૮ / ૨જબ ૧૪૩૩ હિજરી – ૩૦ / ૫ / ૨૦૧૨)*

## *વિકલાંગોને અપાતી સરકારી સહાયનો હુકમ*

સવાલ : સરકાર દ્વારા જુદી જુદી યોજનાઓથી વિકલાંગોને સહાય આપવામાં આવે છે, તે મુસલમાનો માટે જાઈઝ છે ? જો જાઈઝ છે તો સરકાર આ યોજના રાજકીય તેનાના નામ સાથે આપે છે, તો કેવું કહેવાય ? તેનો પણ ખુલાસો આપશો. હું પોતે વિકલાંગ છું. મા–બાપ ગુજરી ગયા છે, ભાઈ, બહેન પાસે રહું છું, મારે કોઈ જ તકલીફ નથી, વારસામાં વીસ લાખની મિલ્કત છે, તો મારે સરકાર દ્વારા આપવામાં આવતી રોકડ શાપ કે સાધનો શાપ લેવા જાઈઝ છે કે નહીં ? અમારા સવાલનો જવાબ આપવા મહેરબાની કરશો.

જવાબ: حامدًا و مصليًا ومسلمًا

સરકાર દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ વિકલાંગોને જે સહૂલતો રોકડ રકમ, સાધન સામગ્રીઓ આપવામાં આવે છે, તે સરકાર તરફથી વિકલાંગોની લાચારીના લઈ, તેમની મદદ અને સહાય છે, આની હેસીયત શરીઅતની દ્રષ્ટિએ પેન્શનની જેમ બક્ષિસની છે, માટે જો સરકાર તરફથી નિયુકત કરવામાં આવેલ શર્તોથી આપ હકદાર હોય તો આપના માટે આ પ્રકારની સહાય લેવામાં કોઈ વાંધો નથી, ખૂશીથી આપ સ્વિકારી શકો છો. (મુફીદુલ વારિષીન : ૫૨ ઉપરથી)

*ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.*

*(તા. ૨ / ૨જબ – ૧૪૩૩ હિ. – ૨૪ / ૫/ ૨૦૧૨ ઈસ્વી)*

---

બોધકથા ...

ઉમવી વંશના મશહૂર ખલીફા અબ્દુલ મલિક બિન મરવાનના સમયકાળમાં પ્લેગની બીમારી ફેલાયી. ખલીફા બીમારીથી બચવા ખાતર રાતના અંધાળામાં એક ગુલામને સાથે લઈને નીકળી ગયો. મૃત્યુની બીકે સવારી પરથી નીચે પણ ઉતરતો ન હતો, બલકે ઘોડા ઉપર જ સુઈ જતો. એક રાત્રે એણે ગુલામને કહયું કે કોઈ કિસ્સો – વાર્તા એવી સંભળાવ કે મન હળવું થાય અને ઊંઘ આવે. ગુલામે કહયું કે હું વળી તમને શું સંભળાવી શકું ? પણ ખલીફાનો આગ્રહ હતો. એટલે એણે એક નાનકડી વાર્તા સંભળાવી :

જંગલમાં એક સિંહ હતો. જંગલના અન્ય જાનવરો એનાથી ડરતા હતા. સિંહનો કોળિયો બની જવાની બીકે એક શિયાળ સિંહની ચાકરી કરતું હતું. સિંહે પણ શિળાળને પોતાનો પેહરેદાર બનાવી લીધું હતું, હવે શિયાળની સ્થિતિ એ હતી કે જંગલનું કોઈ જનાવર એના તરફ આંખ ઉઠાવીને જોવાની હિમ્મત કરતું ન હતું.

એક દિવસ શિકારી પક્ષી ગરૂડે શિયાળ ઉપર તરાપ મારી, શિયાળ દોડયું અને સિંહ પાસે ચાલ્યું ગયું. બીકથી ફફડતા પોતાના સેવકને સિંહે પોતાની પીઠ ઉપર બેસાડી દીધું. શિયાળને હાશ થઈ ગઈ કે હવે કોણ છે જે મારું કંઈ બગાડી શકે ? પણ.. થોડી જ વારમાં ગરૂડ પાછું ફર્યું અને એવી તરાપ મારી કે શિયાળને પંજામાં જકડીને ઉડી ગયું. શિયાળ બિચારું સિંહને બુમ પાડીને મદદ માગંવા માંડયું.

સિંહે એને જવાબ આપ્યો કે, હે શિયાળ ! હું જંગલનો રાજા છું, જમીન ઉપર વસતા તારા દુશ્મનોથી તને બચાવી શકું છું, પણ આસમાનેથી આવતી આફતની સામે હું તારું રક્ષણ કરી શકું એમ નથી.

ખલીફા અબ્દુલ મલિક હોશિયાર હતો. વાર્તાનો ભેદ – મર્મ સમજી ગયો અને ગુલામને કહયું કે તારી વાર્તાનો મકસદ અને બોધ હું સમજી ગયો છું. મારું લશ્કર અને અસબાબ મને દુનિયાની મુસીબતોથી બચાવી શકે છે પણ આસમાની મુસીબતો સામે એ બધું બેકાર છે. એના માટે તો આસમાન અને જમીનના માલિકની પનાહ અને શરણમાં જ જવું પડે. આમ એના દિલમાંથી પ્લેગની બીમારી અને એના કારણે મૃત્યુનો ખોફ જતો રહયો અને પાછો શાહી મહેલમાં આવી ગયો.

વાર્તાનો સાર આ છે કે મુસીબતોથી બચવાના સાચા ઉપાય અપનાવો. જેવી મુસીબત એવા ઉપાય. અને પછી અલ્લાહ તઆલા ઉપર ભરોસો રાખીએ. અસલ મુસીબત પણ એના તરફથી જ આવે છે અને એ જ આપણને બચાવનાર કે મારનાર છે. અલ્લાહ તઆલા ઉપર ભરોસો મોતનો ખોફ ખતમ કરે છે અને જીવવાની હિમ્મત આપે છે. અસબાબ ઉપર ભરોસો માણસને બીવડાવે છે, બુઝદિલ બનાવે છે અને ઈમાન કમઝોર કરે છે.

● ● ●

# Coronavirus : Islamic View

Here are the Islamic guidelines on dealing with coronavirus.

**Do not cause harm, and don't get harmed :**

Islam has prescribed certain guidelines to deal with infectious disease outbreaks that affect a community, or even the entire world. The recent '2019 novel coronavirus' that originated in Wuhan, China is one such case in point. Prophet Muhammad said, "Do not cause harm, and don't get harmed [la darar wa la dirar]." (Malik) This statement clarifies a general principle that is used in all aspects of life, and which appropriately applies in situations of outbreaks. A Muslim must avoid harming others if they are affected with a disease that has a likelihood of harming another person/people. Likewise, a Muslim must be careful not to get harmed, and must protect themselves appropriately.

**Usage of medicine and dealing with outbreaks :**

It is important to clarify some misconceptions that have arisen among Muslims regarding the usage of medicine and dealing with outbreaks. Some people, during the lifetime of the Prophet, thought that using medicine might be against the concept of relying on Allah [tawakkul]. Those people asked, "Messenger of Allah, should we use medicine?" The Prophet replied, "Yes, you may use

medicine. Allah has not created any disease without also creating its cure, except one: old age." (Abu Dawud), graded ?ahi? by scholars] The Prophet clarified that it is fine to use medicine, and even encouraged, and this does not violate the concept of trusting in Allah. In fact, it can be derived that the Messenger of Allah has encouraged the discovery of treatments for diseases since he indicated that they exist, and were created by Allah to eventually be discovered.

**"Are you fleeing from the decree of Allah?" :**

To clarify the issue more, we can look to the story of Caliph Umar during the plague of ?Amawas in Syria in 18 A.H. Umar was on his way to Syria for the second time when he got news of the outbreak in the region. He sought consultation from his advisors on whether to return to Madinah, the capital, or continue on. One of them said, "You left for the sake of Allah so this plague should not stop you." Others advised the opposite. Umar decided to return to Madinah. Abu Ubaydah rebuked him, "Are you fleeing from the decree of Allah?" He responded, "Yes, I am fleeing from the decree of Allah to the decree of Allah. If you had camels and they entered a land with two sides, one fertile and the other barren, and you grazed them in the fertile area, wouldn't you be doing that by the decree of Allah? And if you let them graze in the barren area,

wouldn't you be doing that also by the decree of Allah." (Muhammad Al-KhuDarI BIk, The History of the Four Caliphs, p. 133.) Umar had also received advice from Abdul-Rahman ibn Awf who told him that the Messenger of Allah said, "If you hear that it (plague) has broken out in a land, do not go to it; but if it breaks out in a land where you are present, do not go out escaping from it." (Al-Bukhari and Muslim)

**Preservation of Life :**

This advice is perfectly in line with the underlying objective of the Shariah [Islamic Law] to preserve life. The five underlying objectives of the Shariah are explained by scholars to be the preservation of religion, life, intellect, wealth, and lineage. Imam Al-Amidi [d. 631/1233] wrote: "The rules [in Islam] have only been prescribed for the benefit of His servants. The fact that they have underlying purposes and wisdom is grounded in both consensus and reason."

**Islam's emphasis on cleanliness:**

Furthermore, Islam's emphasis on cleanliness in general, beyond just purifying the body for prayer, is quite well known. Also, the prescription to eat 'pure' food avoid the 'impure' is a theme mentioned throughout the Quran. These Islamic guidelines on dealing with coronavirus will help to prevent harming oneself, or others. ■ ■ ■ ■

# જામિઅહને સદમો

પાછલા દિવસોમાં જામિઅહના અનેક હમદર્દો, સહાયકો, શુભેચ્છકો અલ્લાહની રહમતે પહોંચી ગયા. અમુકની નોંધ અત્રે લઈએ છીએ. અને વાચકોથી દુઆની દરખાસ્ત કરીએ છીએ.

• જામિઅહના વિશેષ હમદર્દ અને સહાયક જનાબ હઝ. મવ. અબ્બાસ સાહેબ કાવી રહ. પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. મરહૂમ જામિઅહ ડાભેલના ફાઝિલ હતા. વરસોથી વડોદરા, ખજૂરી મસ્જિદ ખાતે દીની સેવા આપતા હતા. એક ઝમાનામાં મરહૂમનું ઘર એક રીતે ઉલમા અને તલબા માટે મહેમાનખાનાનું કામ આપતું હતું. વડોદરા ખાતે જામિઅહનો ચંદો કરીને જામિઅહ સુધી પહોંચાડતા હતા. જીવન સાદું અને શરીઅત મુજબનું હતું. સ્વભાવે મિલનસાર અને મહેમાન નવાઝ હતા. એક સામાજિક પ્રસંગે યુ.કે. ગયા હતા અને પરત ફરતાં મસ્કત ખાતે એમને હાર્ટ એટેક આવ્યો હતો. ત્યાંથી એમને ભારત લાવવામાં આવ્યા અને વડોદરા ખાતે એમનો ઈન્તેકાલ થયો. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે. નેકીઓને કુબૂલ ફરમાવે અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે.

• કેનેડા ખાતે જામિઅહના હમદર્દ, સહાયક અને જામિઅહના સફીરોના મેઝબાન જનાબ ઈબ્રાહીમ ભાઈ બાપુ સા.ના સાસુમાંનો ઈન્તેકાલ થયાના સમાચાર છે. ઈન્નાલિલ્લાહ. અલ્લાહ તઆલા મરહૂમહની મગફિરત ફરમાવે અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. આમીન.

• જંબુસર ખાતે સ્થાયી જામિઅહના હમદર્દ અને સહાયક, સારોદના માજી સરપંચ, જામિઅહના ટ્રસ્ટી જનાબ હાજી યૂસુફ મક્કનના મોટા ભાઈ જનાબ સાદિકભાઈ મક્કન પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે અને એમની નેકીઓ – સખાવતનો ખૂબ બદલો અતા ફરમાવે. આમીન.

• સારોદના માજી સરપંચ, જામિઅહ હાઈસ્કૂલના શિક્ષક અ. લતીફ

સરના કાકા જનાબ સલીમ ભાઈ માચ, પાછલા દિવસોમાં સારોદ ખાતે ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ.

• હઝરત અકદસ મવલાના અહમદ લાટ સાહેબ દા.બ.ના અહલિયહ મોહતરમહ પાછલા દિવસોમાં સુરત ખાતે ઈન્તેકાલ ફરમાવી ગયાં. ઈન્નાલિલ્લાહ.

• જામિઅહ અક્કલકુવાના ઉસ્તાદે હદીસ વ તફસીર, મવલાના ગુલામ વસ્તાનવી સાહેબ દા.બ.ના સાળા, હઝ. મવ. મુફતી અબ્દુલ્લાહ રવીદ્રવી સા.ના નાનાભાઈ જનાબ મવ. અ. રહીમ ફલાહી સાહેબ પાછલા દિવસોમાં અચાનક ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. મરહૂમ જામિઅહ અક્કલકુવામાં મુસ્લિમ શરીફ અને અન્ય મોટી કિતાબોના મુદર્રિસ હતા. તલબાના કેળવણીકાર અને મુરબ્બી હતા. જામિઅહ અક્કલ કુવા તરફથી દેશભરમાં કુરઆને કરીમની તિલાવત, તરજુમા અને તફસીરના મુસાબકહ (પ્રતિયોગિતા – હરીફાઈ)નું આયોજન આપ રહ.ના માર્ગદર્શન હેઠળ જ થતું હતું અને નિશંક એના પ્રતાપે દેશભરમાં એના પ્રતાપે કુરઆન શરીફની તાલીમ પ્રત્યે ભારે જાગૃતિ આવી હતી. અલ્લાહ તઆલા એમની સેવાઓ અને ખિદમાતને કુબૂલ ફરમાવે. જે દીની સેવાઓ એમણે આપી છે એને સદકએ જારિયહ બનાવીને એનો સવાબ એમને કયામત સુધી મળતો રહે. જામિઅહ પરિવાર દુખની આ ઘડીમાં હઝ. મવ. વસ્તાનવી સાહેબ દા.બ. જ. મુફતી અબ્દુલ્લાહ સા. દા.બ. અને અન્ય સગાઓની સેવામાં તઅઝિયત પેશ કરે છે અને દુઆ કરે છે કે અલ્લાહ તઆલા એમની મગફિરત ફરમાવે અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન નસીબ ફરમાવે. આમીન.

• આછોદ ખાતે જામિઅહના હમદર્દ શુભેચ્છ જનાબ હાજી ઈબ્રાહીમ ભાઈ ટેલરના અહલિયહ હજિયાણી ઝુબેદા બહેન ઈન્તેકાલ ફરમાવી ગયાં. મરહૂમના સાહબઝાદા મોલ્વી અ. રહીમ અને યુ.કે. નિવાસી કારી અ. રશીદ સાહેબ પણ જામિઅહના હમદર્દ અને સહાયક છે. અલ્લાહ તઆલા મરહૂમહની મગફિરત ફરમાવે અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ

સ્થાન અતા ફરમાવે. આમીન.

• જામિઅહના સ્થાપક અને મોહતમિમ જ. મુફતી સાહેબ દા.બ.ના જમાઈ અને જામિઅહ માજી ઉસ્તાદે હિફઝ, જનાબ મવ. ફારૂક સાહેબ ધન્યાવી સાહેબની વાલિદહ તા. ૨૧ એપ્રિલ ૨૦૨૦ ના રોજ ઈન્તેકાલ ફરમાવી ગયાં. મરહૂમહ થોડા સમયથી બીમાર હતાં. અલ્લાહ તઆલા મરહૂમહની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન નસીબ ફરમાવે. નેકીઓ અને સદકાતે જારિયહને કુબૂલ ફરમાવે. સગાંઓને સબ્ર અને અજ્ર અતા ફરમાવે. જ. હાજી હસન ભાઈ, એમના પુત્રો – પુત્રીઓ, હઝરત મોહતમિમ સાહેબ અને એમનાં પુત્રી તેમજ ઘરના બધા સભ્યોની સેવામાં જામિઅહ પરિવાર તઅઝિયત પેશ કરે છે અને મગફિરતની દુઆ કરે છે.

• જામિઅહ હાઈસ્કૂલના શિક્ષક જ. આસિફભાઈ ભાનાના વાલિદહ મોહતરમહ પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયાં. ઈન્નાલિલ્લાહ..

• જામિઅહ હાઈસ્કૂલના બીજા શિક્ષક જ. સમીર સાહેબના વાલિદહ મોહતરમહ ઈન્તેકાલ ફરમાવી ગયાં. ઈન્નાલિલ્લાહ...

• જામિઅહના જૂના અને કાયમી હમદર્દ, પહેલા દિવસથી સહાયક રહેલા, મુળ કંથારીયાના વતની અને હાલ યુ.કે. પ્રેસ્ટન ખાતે સ્થાયી થયેલા જ. હાજી યૂસુફ બાટન સાહેબ પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ..

અલ્લાહ તઆલા મરહૂમીનની મગફિરત ફરમાવે. નેકીઓને કુબૂલ ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. સગાઓને સબ્રે જમીલ અને અજ્ર અતા ફરમાવે. આમીન.

જામિઅહ જંબુસર થકી દીની – દુન્યવી તાલીમ અને સમાજ સેવાના અનેક કાર્યો કરવામાં આવે છે. આ બધા કામોની કુબૂલિયત માટે, સફળતા માટે અને સરળતા માટે વિશેષ દુઆઓ કરવાની ગુજારિશ છે. આ વરસે જામિઅહના સફીર ચંદા માટે આપની પાસે આવી ન શકે તો આપની મદદની રકમ પોતે જ જામિઅહ સુધી પહોંચતી કરશો એવી વિનંતી છે.

# ખર્ચ કરવા ન કરવાનો જરૂરી નિયમ

એક વખતે એક જરૂરતમંદ વ્યકિત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે હાજર થયો અને પોતાની જરૂરત રજુ કરી.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે એ વખતે કંઈ જ ન હતું કે જેનાથી એની જરૂરત પુરી કરી શકાય. એટલે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એ વ્યકિતને ફરમાવ્યું કે તમે હઝરત ઉસ્માન રદિ. પાસે જાઓ અને એમનાથી કહેજો તો તેઓ તમારી મદદ કરશે અને જરૂરત પૂરી કરી દેશે.

એ વ્યકિત હઝરત ઉષમાન રદિ. પાસે ગયો, રાતનો સમય હતો, જયારે એ એમના મકાનના દરવાજાની નિકટ પહોંચ્યો તો એણે સાંભળ્યું કે હઝરત ઉષમાન રદિ. પોતે જ પોતાની બીવીને કોઈ વાત પર ચેતવણી સ્વરૂપ કંઈ ફરમાવી રહ્યા હતા, એટલે એ બહાર જ ઉભો રહી ગયો, એણે સાંભળ્યું કે હઝરત ઉષમાન રદિ. પોતાની બીવીને તાકીદ ફરમાવી રહ્યા હતા કે તમે દીવાની દિવેટ જરા ઉંચી કરી રાખી છે, એના લીધે દીવાનું તેલ વધારે વપરાઈ રહ્યું છે એને ધીમી કરો. હઝરત ઉષમાન રદિ. પોતાની બીવીને આ વાત પર ધમકાવી રહ્યા હતા અને એ બીવી એટલે હઝરત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વહાલી દીકરી, એ વ્યકિતએ જયારે આવું સાંભળ્યું તો એને વિચાર આવ્યો કે માણસ તો પોતાની બીવી માટે તો બધું જ કુર્બાન કરી દીએ છે અને અહીં તો આ દીવાની બત્તી જરાક ઉંચી છે એવા નજીવા કારણે પોતાની પત્નિને ધમકાવી રહ્યા છે. ચેતવી રહ્યા છે અને બીવી પણ કોણ ? હઝરત નબીએ કરીમ સસ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની લાડલી દિકરી, આવી વ્યકિત મારી જરૂરતને શું પુરી કરશે ? એટલે તે ભાઈ, પોતાની જરૂરત હઝરત ઉસ્માન રદિ.ને જણાવ્યા વગર ત્યાંથી જ બારોબાર પાછા ફરી ગયા.

પછી કોઈવાર નબીએ કરીમ સસ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની

જયારે એમની સાથે ફરી મુલાકાત થઈ, તો હુઝૂર સસ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પુછયું :

ભાઈ ! શું થયું ? તમારી જરૂરત પુરી થઈ ગઈ ?

એ ચુપ રહ્યો.

ફરી હુઝૂર સસ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પુછયું :

શું વાત છે ?

ત્યારે એણે જણાવ્યું કે હું હઝરત ઉષમાન રદિ. પાસે ગયો તો હતો, પરંતુ એમની સામે પોતાની વાત મુકી ન હતી.

આપ સસ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પુછયું શા માટે ?

તો એણે કારણ ઉપર મુજબની ઘટના દર્શાવી દીધી.

હુઝૂર સસ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એને ફરમાવ્યું એવું કંઈ જ નથી, તમે જાઓ અને પોતાની જરૂરત એમને કહો હવે જયારે હુઝૂર સસ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ભાર દઈને ફરમાવ્યું તો એ ફરી ત્યાં ગયો, અને પોતાની આવશ્યકતા જણાવી તો હઝરત ઉષમાન રદિ. તરત જ ઘણાં વિશાળ હૃદયે એને ઘણું બધુ આપી દીધું. જયારે તેઓ આપી ચુકયા તો એ વ્યકિતએ અરજ કરી :

હઝરત ! હું તો આ પહેલાં પણ આપની સેવામાં આવ્યો હતો. પરંતુ આવો પ્રસંગ બન્યો, એટલે હું પાછો વળી ગયો હતો, ત્યારે હઝરત ઉસ્માન રદિ.એ ફરમાવ્યું ભાઈ ! તમે કંઈ જ સમજયા જ નથી ! અમને જયાં ખર્ચ કરવાનું કહેવામાં આવ્યું છે ત્યાં અમે બધુ જ ખર્ચ કરી દઈશું, અને જયાં ખર્ચ ન કરવાની તાકીદ કરવામાં આવી છે, ત્યાં અર્ધી પાઈ પણ વેડફવા માટે અમે તૈયાર નથી.

હઝરત ઉષમાન રદિ. પાસે ધન– સંપત્તિની અછત ન હતી ? આનો મતલબ એ કે જો માલ– મિલ્કત પાસે છે, લાખો રૂપિયા મવજુદ છે, એનો માલિક છે, પરંતુ એનો એ મતલબ નથી જ કે એને વેડફી નાંખવામાં આવે.

---

### પોતાનું અંતર અજવાળો.

માણસનું પોતાનું મન અને અંતર સાફ હોય તો બીજા ભલે એના વિશે ગમે તેવું વિચારે... કોઈ ફરક નથી પડવાનો. માણસ આખરે એની નિયત અને ઈરાદા ઉપર જ પારખવામાં આવશે. અન્ય લોકોની વાતોના આધારે નહીં..

### ભવિષ્યની મુસીબત

આજના યુવાનો બગડી રહયા છે, એ મોટી આફત સમજવામાં આવે છે, પણ એનાથી મોટી આફત આ છે કે આવનારી પેઢીને આ બગડેલા વડીલો મળવાના છે. એટલે કે હવે પછી આખો સિલસિલો બગડી જવાનો છે.

### વર્તાવની બે રીતો

લોકો સાથે વર્તાવની બે રીત સારી છે, બીજી બધી ખરાબ..

તમે કોઈને ફાયદો ન પહોંચાડી શકો તો કમથી કમ નુકસાન ન કરો.

કોઈને ખુશ નથી કરી સકતા તો સતાવો પણ નહીં.

કોઈના વખાણ નથી કરી શકતા તો એની બુરાઈ – ગીબત પણ ન કરો.

### ભારે બોજ

દુનિયામાં સૌથી ભારે બોજ માણસનું ખાલી ગજવું છે. આ ભારે બોજ માથે ઊંચકીને જીવનની મજલ કાપવી અઘરું થઈ પડે છે.

### સાદો અને મોર્ડન વ્યક્તિ

તઅલીમ – શિક્ષણ જેના અંદર ઉતરી જાય છે, એટલે કે જે સાચી રીતે ગ્રહણ કરે છે એ માણસ સાદગી અપનાવે છે, અને જેના ઉપરથી પસાર થઈ જાય છે એ મોડર્ન બની જાય છે.

### સત્ય

સત્ય કદી પરાજિત નથી થતું, હા જે લોકો સત્ય નથી અપનાવતા તેઓ પોતે પરાજિત – પછાત બની જાય છે.

### ખોટા ચશ્મા અને ખોટા અકીદા

ખોટા નંબરના ચશ્મા અને ખોટા અકીદા આધારિત વિચારો માણસ સામે ધુંધળું અને ખોટું દશ્ય રજૂ કરે છે. ખોટા ચશ્માથી વસ્તુઓ ગલત દેખાય છે અને ખોટા અકીદા સચ્ચાઈ સમજવામાં અવરોધ બને છે.

### માણસની સાચી ખામી

કદી ખોટો નિર્ણય લેવાય કે ખોટું કામ થઈ જાય એ બુરું નથી, માણસથી ભૂલ થઈ જાય છે. પણ બુરાઈ આ છે કે માણસ પછી એના ઉપર અડી રહે અને ભૂલને સુધારે નહીં. મહાન લોકો પોતાની ભૂલો સુધારીને જ આગળ વધ્યા છે અને મહાન બન્યા છે.

### અપરાજિત માણસ

માણસ મહેનત કરીને દુનિયામાં બધું જ જીતી શકે છે, ગમે તેને પરાજિત કરી શકે છે, પાછળ પાડી શકે. પણ.. જે નિખાલસ દોસ્ત તમને જીતાડવા પોતે જ હારી જાય, એને તમે કદી પરાજિત ન કરી શકો.